


કાશ્મીરમાં હુમલાની ભીતિ : 87માંથી 48 પર્યટન સ્થળો બંધ

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



કેનેડામાં ચોથી વખત લિબરલને સત્તા

PAGE NO. 11

FRIDAY, 02 MAY, 2025 Vol. 23, No. 18 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# USમાં મંદીના ભણકારા : GDP ગ્રોથ ઘટીને 0.3%

## છેલ્લા 3 વર્ષમાં સૌથી નીચો ત્રિમાસિક ગ્રોથ ડિસેમ્બર ક્વાર્ટરમાં 2.4 ટકા નોંધાયો

**વોશિંગ્ટન**

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછીના પ્રથમ ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ)માં જીડીપી ગ્રોથ ઘટીને 0.3 ટકા થઈ ગયો હતો, જે ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં 2.4 ટકા હતો. છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રથમવાર યુએસ જીડીપી ગ્રોથ ઘટ્યો છે. વળી, ટ્રમ્પે ટેરિફ જાહેર કર્યા તેને કારણે આગામી દિવસોમાં અમેરિકામાં મંદીની સંભાવના પણ અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે.

માર્ચ ક્વાર્ટરમાં અમેરિકાની આયાત નોંધપાત્ર વધી હતી કારણ કે ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફનો અમલ થાય તે પહેલાં આયાતકારોએ મોટાપાયે ખરીદી કરવા માંડી હતી. આયાતને કારણે જીડીપી ગ્રોથ પર 0.50 ટકા અસર થઈ હતી. કન્ઝ્યુમર



સ્પેન્ડિંગ પણ નોંધપાત્ર ઘટ્યું હતું.

દરમિયાન અમેરિકાની કંપનીઓએ આકરા ટેરિફને પગલે ચીનમાંથી આયાતના ઓર્ડર રદ કરવાનું શરૂ કરી દીધું છે. ઘણી કંપનીઓએ વિસ્તરણ પણ અટકાવી દીધું છે. ટ્રમ્પે ચીન સિવાયના દેશો પર પણ ટેરિફ જાહેર કરીને 90 દિવસ સુધી અમલ મોકૂફ રાખતા અનિશ્ચિતતા વધી ગઈ છે. ટેરિફને કારણે અમેરિકાનાં અર્થતંત્ર પર વ્યાપક અસર થશે તેવું અર્થશાસ્ત્રીઓ માને છે અને તેમણે મંદીની સંભાવના વધારી દીધી છે. અમેરિકાના સૌથી મોટા ટ્રેડ પાર્ટનર ચીન પર જ તેમણે 145 ટકા ટેરિફ ઝીંક્યા છે. ચીને પણ અમેરિકા પર વળતા 125 ટકા ટેરિફ લાગુ કર્યા છે.

ટેરિફને કારણે અમેરિકાના ગ્રોથ પર કેવી અસર થશે તેવા સવાલના જવાબમાં બોસ્ટન કોલેજના ઈકોનોમિસ્ટ બ્રાયન જેટલો ગ્રોથ છે તે બધો જ ધોવાઈ જશે. લોસ એન્જેલસ પોર્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જિન સેરોકાએ ગત સપ્તાહે કહ્યું હતું કે બે સપ્તાહમાં જ ચીનમાંથી અમેરિકામાં આયાત થતી વસ્તુઓમાં 35 ટકા જેવો ઘટાડો બે સપ્તાહમાં જ જોવા મળશે કારણ કે ચીનના અગ્રણી રિટેલર્સ અને મેન્યુફેક્ચરર્સ તરફથી અમેરિકા ખાતે તમામ શિપમેન્ટ અટકી ગયા છે. એશિયાના દેશોમાંથી થતી નિકાસ પણ નરમ પડી છે. ચીનથી અમેરિકા ખાતે નિકાસ માટેના કન્ટેનરનું બુકિંગ 60 ટકા ઘટી ગયું હોવાનું સેન ફ્રાન્સિસ્કોની કાર્ગો કંપનીએ કહ્યું છે.

એપોલો ગ્લોબલ મેનેજમેન્ટના ચીફ ઈકોનોમિસ્ટ ટોર્સ્ટેન સ્લોકે કહ્યું છે કે જો ટ્રમ્પના ટેરિફ તેમના કહ્યા મુજબ યથાવત્ રહેશે તો અમેરિકામાં મંદીમાં સરકી જવાના 90 ટકા ચાન્સ છે. આરએસએમ કન્સલ્ટન્સીના ઈકોનોમિસ્ટે 12 મહિનામાં જ યુએસ મંદીમાં સરકી જવાના 55 ટકા ચાન્સ હોવાનું કહ્યું છે.

### દર્દીઓના રિપોર્ટથી અમેરિકન આરોગ્ય વિભાગ પણ ચોંકી ગયું

# ટેક્સાસમાં 700થી વધુ લોકો ઓરીની ઝપેટમાં, 7 રાજ્યોમાં પણ ફેલાવાનું શરુ

**ટેક્સાસ**

અમેરિકાએ 25 વર્ષ પહેલાં જે બીમારીને ખતમ કરવાની જાહેરાત કરી હતી, તે બીમારી ટેક્સાસમાં અનેક વ્યક્તિોમાં ફેલાતા ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ પશ્ચિમ ટેક્સાસમાં દર્દીઓની સંખ્યામાં એકાએક વધારો થતાં આરોગ્યતંત્ર દોડતું થઈ ગયું છે. પીડિત દર્દીઓના રિપોર્ટ સામે આવ્યા બાદ અમેરિકન આરોગ્ય વિભાગ પણ ચોંકી ગયું છે અને તેણે તાત્કાલીક રોગચાળાનું નિવારણ કરવા માટે પગલાં ભરવાનું શરુ કરી દીધા છે.

વૉલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં જણાવ્યા મુજબ, ‘ટેક્સાસમાં ઓરી નામનો રોગચાળો ફેલાયો છે. જાન્યુઆરીના અંત સુધીમાં ટેક્સાસમાં 700થી વધુ લોકો ઓરીનો શિકાર થયા છે, ત્યારબાદ તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયાં છે. એટલું જ નહીં આ રોગચાળો અન્ય રાજ્યોમાં પણ ફેલાઈ રહ્યો છે.

## 25 એપ્રિલ બાદ વધુ 17 કેસ નોંધાયા



ઓરીના કેસો વધીને 663 પર પહોંચી ગયા છે. 25 એપ્રિલ બાદ વધુ 17 કેસો નોંધાયા છે. ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ હેલ્થ સર્વિસિઝે કહ્યું કે, ‘ઓરીના રોગચાળાનું કેન્દ્ર ગેન્સ કાઉન્ટમાં કુલ 396 કેસ નોંધાયા છે. અન્ય રાજ્યોમાં પણ ઓરીના કેસ ફેલાઈ રહ્યા છે, જેમાં ઇન્ડિયાના, કેન્સાસ, મિશિગન, મોન્ટાના, ઓહિયો, પેન્સિલવેનિયા અને ટેનેસી સામેલ છે. આ રાજ્યોમાં ત્રણ અથવા વધુ કેસો નોંધાયા હોવાનું સામે આવ્યું છે. હેલ્થ વિભાગે ઓરીના કેસ વધુ ન ફેલાય તે માટે તમામ તકેદારીના પગલાં શરુ કરી દીધા છે.

# USમાં વાવાઝોડું, વીજળી ગુલ 5 લાખ લોકો અંધારામાં રહ્યા

## 145 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતાં વીજથાંભલા તૂટયા

**પિટ્સબર્ગ**

અમેરિકાના મધ્ય-પશ્ચિમ ભાગમાં હવામાન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. એક શક્તિશાળી વાવાઝોડાને કારણે ઝાડ અને વીજળીના તાર તૂટી પડતા પેન્સિલવેનિયા, ઓહિયો અને પડોશી રાજ્યોમાં ૫ લાખથી વધુ ગ્રાહકો અંધારામાં રહ્યા હતા. જ્યારે બે લોકો વીજળીનો કરંટ લાગવાથી મૃત્યુ પામ્યા છે. પેન્સિલવેનિયામાં ૪૪૦,૦૦૦થી વધુ ગ્રાહકો અને ઓહિયોમાં અન્ય ૫૦,૦૦૦ ગ્રાહકો અંધારામાં હતા. જ્યારે મિશિગન, ન્યૂયોર્ક અને વેસ્ટ વર્જિનિયા સહિતના પડોશી રાજ્યોમાં પણ હજારો લોકોએ પાવર કટનો સામનો કરવો પડયો હતો.સ્ટેટ કોલેજ વિસ્તારમાં ભારે હવામાનને કારણે યુટિલિટી થાંભલા પાસે લાગેલી આગને




ઓલવવાનો પ્રયાસ કરતી વખતે ૨૨ વર્ષીય યુવક જ્યારે પિટ્સબર્ગમાં સાઉથ સાઈડ સ્લોપ્સ વિસ્તારમાં પણ એક વ્યક્તિને કરંટ લાગતા ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. એટલું જ નહીં, ઘણા વૃક્ષો અને યુટિલિટી લાઈનોને પણ નુકસાન થયું હતું.નેશનલ વેધર સર્વિસના પિટ્સબર્ગ ઓફિસે જણાવ્યું હતું કે સમગ્ર પ્રદેશમાં વિનાશક પવનથી નુકસાન જોવા મળ્યું હતું. ૧૪૫ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપે ફૂંકાયા હતા.









# સરહદ પરથી 200 પાઉન્ડ કોકેઈન જપ્ત, ચાલકની ધરપકડ

## તપાસ દરમિયાન બે ડફેલ બેગમાં છુપાવાયેલી સફેદ પાવડરી પદાર્થની ઘણી ઈંટો મળી

**ઓન્ટેરિયો**

યુએસ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર માર્ચ પછી ત્રીજી વખત યુ.એસ. કસ્ટમ અધિકારીઓએ ડેટ્રોઈટ-વિન્ડસર સરહદ ઉપર 100 પાઉન્ડથી વધુનું કોકેઈન જપ્ત કર્યું છે. કોકેઈનનો આ જથ્થો કેનેડા લઈ જવાઈ રહ્યો હતો. યુ.એસ. કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શનના એક પ્રકાશન અનુસાર તાજેતરની ઘટના 20 એપ્રિલના રોજ બની હતી, જેમાં અધિકારીઓએ 193 પાઉન્ડ (87.55 કિલોગ્રામ) કોકેઈન વહન કરતી બે ડફલ બેગ સિવાય ખાલી ટ્રાન્સપોર્ટ ટ્રકને રોક્યો હતો.

પોલીસ તરફથી કહેવામાં આવ્યું છે કે, કેનેડા જતી એક વાણિજ્યિક વાહનને તપાસ માટે પસંદ કરવામાં આવ્યું હતું અને સીબીપી અધિકારીઓ દ્વારા ટ્રેલરની તપાસમાં બે ડફેલ બેગમાં છુપાયેલા સફેદ પાવડરી પદાર્થની ઘણી ઈંટો મળી આવી હતી. આ સંદર્ભમાં એક કેનેડિયન વ્યક્તિ ઉપર કોકેઈનનું વિતરણ કરવાના ઈરાદાથી કબજો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. અમેરિકન અધિકારીઓએ યુ.એસ. હોમલેન્ડ સિક્યુરિટી એજન્ટ દ્વારા સહી કરાયેલ ધરપકડ માટેનું સોગંદનામું શેર કર્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ધરપકડ પછી આ આરોપીએ કબૂલ્યું કે, તે જ્યોર્જિયામાં શાકભાજી લાવવા માટે યુ.એસ.માં પ્રવેશ્યો હતો. પરંતુ ટેનેસીમાં તેનો ટ્રક બગડી ગયો હતો. તેણે કથિત રીતે દાવો કર્યો હતો કે, શિપમેન્ટ બીજા ડ્રાઈવર દ્વારા ખસેડવામાં આવ્યું હતું અને તે પછી ટ્રેલર વિના કેનેડા પાછો ગયો હતો, પરંતુ તેની કંપની દ્વારા તેને કેન્ટુકીમાં એક ટ્રક સ્ટોપ ઉપર ખાલી ટ્રેલર લેવા માટે મોકલવામાં આવ્યો હતો, પરંતુ યુ.એસ. અધિકારીઓ કહે છે કે આરોપીએ ખરેખર 20 એપ્રિલના રોજ મિશિગનમાં એક ટ્રક સ્ટોપ પર ટ્રેલર ઉપાડ્યું હતું. તે દિવસે પાછળથી કેનેડામાં પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે તેની ધરપકડ કરવામાં આવી હતી. યુ.એસ. કસ્ટમ્સ અનુસાર 22 માર્ચથી કેનેડામાં કોકેઈનની મોટી શિપમેન્ટની કથિત રીતે દાણચોરીનો આ ત્રીજો બનાવ છે.

15 એપ્રિલના રોજ, યુ.એસ. અધિકારીઓએ જણાવ્યું હતું કે, કસ્ટમ અધિકારીઓએ એમ્બેસેડર બ્રિજ નજીક 339 પાઉન્ડ (154 કિલોગ્રામ) કોકેઈન અટકાવ્યું હતું.

# ઓકવિલેમાં હાઈવે પર નશામાં ધૂત થઈને વાહન ચલાવનારની ધરપકડ

## ચાલક તેના વાહનને 200 કિમીની ઝડપે ચલાવી રહ્યાનો આરોપ

### કામ પર જવામાં મોડું થતાં વાહન પુરપાટ ઝડપે ચલાવ્યાની આરોપીની કબૂલાત

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોની પ્રાંતીય પોલીસે જણાવ્યું હતુ કે, તેમણે ઓન્ટેરિયોના ઓકવિલેમાં હાઈવે નંબર ૪૦૭ ઉપર ૨૦૦ કિમી/કલાકની ઝડપે જઈ રહેલા એક કથિત નશામાં ધૂત ડ્રાઈવરને રોક્યો હતો. તે ૨૦૦ કિમી/કલાકની ઝડપે વાહન ચલાવી રહ્યો હતો અને કાનૂની મર્યાદા કરતાં ત્રણ ગણો વધુ દારૂ પીને ધૂત હતો. ઓપીપીએ જણાવ્યું કે જ્યારે ડ્રાઈવરને રોકવામાં આવ્યો, ત્યારે તેણે અધિકારીઓ સમક્ષ કહ્યું કે, હું કામ પર પહોંચવામાં મોડો પડ્યો છું. ૨૫ વર્ષીય યુવક ઉપર નશામાં ધૂત થઈને ખતરનાક ડ્રાઈવિંગ, સ્ટંટ ડ્રાઈવિંગ અને શિખાઉ ડ્રાઈવર હોવા સહિતના અનેક આરોપો છે. પોલીસે જણાવ્યું કે વાહનને ૧૪ દિવસ માટે જપ્ત કરવામાં આવ્યું છે અને તેનું લાઈસન્સ ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. OPP એ સોશિયલ મીડિયા ઉપર દારૂની ચાર બોટલનો ફોટો પોસ્ટ કર્યો હતો. જેમાંથી બે ક્રાઉન રોયલ હતી, અને પોલીસ દ્વારા રોકવામાં આવેલા વાહનનો ફોટો હતો.

# હાઈવે નં. 401 નીચે ટનલ નિર્માણની શક્યતા ચકાસવા ટીમની શોધખોળ

## બોલી લગાવી સફળ થનારે 2027 સુધીમાં અભ્યાસ પૂર્ણ કરવો પડશે

**ઓન્ટેરિયો**

ફોર્ડ સરકાર હાઈવે નંબર 401 નીચે ટનલવાળા એક્સપ્રેસ વે માટે ઔપચારિક શક્યતાના અભ્યાસ માટે સત્તાવાર રીતે આગળ વધી રહી છે. કંપનીઓને યોજનાની વ્યવહારિકતાની તપાસ કરવા હાકલ કરાઈ છે. પ્રિમિયર ડગ ફોર્ડ દ્વારા આ યોજના સૌપ્રથમ સપ્ટેમ્બર 2024માં રજૂ કરવામાં આવી હતી, જ્યારે તેમણે વચન આપ્યું હતું કે, ખર્ચ વિનાનો મેગા પ્રોજેક્ટ હાઈવે 401 ઉપર સતત વધતી જતી ભીડને દૂર કરવામાં મદદ કરશે. તે સમયે ફોર્ડે કહ્યું હતું કે, શક્યતા ચકાસવાના અભ્યાસ માટે પ્રોજેક્ટના અંતિમ કદ અને અવકાશ જેવા નિર્ણયો કરાશે, જો કે, સંભવિતત અભ્યાસની દરખાસ્તો માટેની વિનંતી પોસ્ટ કરવામાં તે જાહેરાત પછી છ મહિના લાગ્યા હતા. જાહેર દસ્તાવેજો સૂચવે છે કે, સફળ બોલી લગાવનાર વ્યક્તિ ફેબ્રુઆરી 2027ના અંત સુધીમાં અભ્યાસ પૂર્ણ કરે તેવી અપેક્ષા છે. બાંધકામ માટે સમયરેખા અથવા એકંદર બજેટ પણ નક્કી કરવામાં આવ્યું નથી. પરિવહન મંત્રી પ્રબમીત સરકારિયાએ જણાવ્યું હતું કે ટનલ બનાવવાની શક્યતા કરાર પોસ્ટ કરવો એ એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.












# પંજાબના આપ નેતાની પુત્રી વંશિકાનું ઓટ્ટાવામાં રહસ્યમય મોતથી ચકચાર

## અભ્યાસ માટે કેનેડા ગયેલી વંશિકા બે દિવસથી ગૂમ હતી અને પછી દરિયા કિનારે લાશ મળી



**ઓટાવા**

ઓટાવામાં અભ્યાસ કરતી પંજાબ મોહાલીના ડેરાબસ્સીના આપ નેતા દવિંદર સૈનીની 21 વર્ષીય પુત્રી વંશિકા તાજેતરમાં ગુમ થઈ ગઈ હતી. બે દિવસ પછી તેનો મૃતદેહ તેની કોલેજ નજીકના દરિયા કિનારેથી મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ રહસ્યમય મૃત્યુની તપાસ શરૂ કરી દીધી છે.

વંશિકા કેનેડાના ઓટાવામાં અભ્યાસ કરતી હતી અને ભાડાના ઘરમાં રહેતી હતી. વંશિકાના પિતા દવિંદર સૈનીના જણાવ્યા અનુસાર વંશિકાએ છેલ્લે 22 એપ્રિલના રોજ પરિવાર સાથે ફોન પર વાત કરી હતી, ત્યારબાદ તે ગુમ થઈ ગઈ હતી. તેની મિત્રએ વંશિકાના ગુમ થવાની પરિવારને જાણ કરી હતી.

બીજા દિવસે તેની રૂમ પાર્ટનરનો ફોન આવ્યો કે, વંશિકા રૂમમાં પાછી ફરી નથી અને તેનો સેલ ફોન પણ સ્વિચ ઓફ છે અને બે દિવસ પછી કોલેજ નજીકના બીચ પરથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

વંશિકા ભારતમાં 12 ધોરણમાં નોન મેડિકલ કરીને બે વર્ષ પહેલા અભ્યાસ માટે કેનેડા ગઈ હતી, જ્યાં બે વર્ષ મેડિકલનો અભ્યાસ કરીને તાજેતરમાં જ પાર્ટ ટાઈમ નોકરીમાં લાગી હતી. કોલેજમાં તેનો વધુ અભ્યાસ પણ ચાલુ હતો. વંશિકાના પરિવારે કેન્દ્ર સરકાર પાસે મદદ માંગી છે જેથી તેના મૃતદેહને ભારત પરત લાવી શકાય. જો કે તેના મૃત્યુનું કારણ હજુ સુધી તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બહાર આવ્યું નથી.

કેનેડિયન હાઈ કમિશને આ દુઃખદ ઘટનાની માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી લખ્યું હતુ કે, 'ઓટાવામાં ભારતીય વિદ્યાર્થી વંશિકાના મૃત્યુ વિશે જાણીને અમને ખૂબ જ દુઃખ થયું છે. આ મામલામા સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમે શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે શોકગ્રસ્ત પરિવાર અને સ્થાનિક સમુદાય સંગઠનો સાથે સંપર્કમાં છીએ.'

# વાનકુવરમાં ફેસ્ટિવલમાં પૂરઝડપે આવેલી કાર ભીડ ઉપર ફરી વળી



## અનેક લોકોના મોતની આશંકા, પોલીસ દ્વારા કારચાલકને અરેસ્ટ કરાયો

**વાનકુંવર**

વાનકુંવરમાં ગત શનિવારે રાત્રે એક ઉત્સવ દરમિયાન પુરપાટ ઝડપે આવેલી કાર ભીડમાં ઘુસી જતા અનેક લોકો કચડાઈ ગયા હતા. જેમાં ઘણાના મોત થયાના બિનસત્તાવાર અહેવાલો છે. હાલ પોલીસ દ્વારા કાર ચાલકની ધરપકડ કરવામાં આવી છે.

અકસ્માત બાદ વાનકુંવરના મેયર કેન સિમે ભારે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. આ અકસ્માત ફિલિપાઈન્સના વારસા અને સંસ્કૃતિની ઉજવણી માટે યોજાયેલા લેપુ લેપુ ડે ફેસ્ટિવલ દરમિયાન થયો હતો.


મેયર સિમે જણાવ્યું હતું કે, વાનકુવર પોલીસે પુષ્ટિ કરી છે કે આ દુઃખદ અકસ્માતમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે અને ઘણા ઘાયલ થયા છે. અકસ્માતથી પ્રભાવિત તમામ લોકો પ્રત્યે અમારી સંવેદના છે. અમારી સંવેદનાઓ વાનકુવરના લોકો અને ફિલિપિનો સમુદાય સાથે છે. આ મુશ્કેલ સમયમાં અમે તેમની સાથે ઉભા છીએ.

અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, પોલીસે હજુ સુધી વાનકુવરમાં થયેલા અકસ્માતમાં મૃત્યુઆંકની ચોક્કસ પુષ્ટિ કરી શકી નથી. સોશિયલ મીડિયા પર સામે આવેલા ઘણા વીડિયોમાં રસ્તા પર મૃતદેહો પડેલા દેખાય છે. જોકે, વાનકુવર પોલીસે પુષ્ટિ કરી છે કે અનેક લોકો માર્યા ગયા છે.

# બ્રિટિશ કોલંબિયામાં મંદિર અને ગુરુદ્વારામાં તોડફોડ, સાંપ્રદાયિક તણાવ ફેલાવવા પ્રયાસ

## ઘટનાના CCTV ફોટા જાહેર, કાર અને શકમંદોની વિગતો આપવા અપીલ

બ્રિટિશ કોલંબિયા : બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં બે મુખ્ય ધાર્મિક સ્થળોમાં લક્ષ્મી નારાયણ મંદિર (સરે) અને રોસ સ્ટ્રીટ ગુરુદ્વારા (વાનકુંવર)માં 19 એપ્રિલની વહેલી સવારે તોડફોડ કરવામાં આવી હતી. આ ઘટનાઓ સવારે 3 વાગ્યાની આસપાસ બની હતી. હવે સરે પોલીસ સર્વિસ (SPS) અને વાનકુંવર પોલીસ ડિપાર્ટમેન્ટ (VPD)એ આ ઘટનાઓના ગુનેગારોના CCTV ફોટા જાહેર કર્યા છે. સ્થાનિક પોલીસે જનતાને અપીલ કરી છે કે, તેઓ આ બાબત સંબંધિત કોઈપણ માહિતી તાત્કાલિક પૂરી પાડે. આ ઘટના ખાસ કરીને 19 એપ્રિલના રોજ બની હતી, જ્યારે વૈશાખીના તહેવાર નિમિત્તે સ્થાનિક વિસ્તારોમાં મોટી સંખ્યામાં નગર કીર્તન કાઢવાના હતા. એ સ્પષ્ટ છે કે, આ ઘટનાને અંજામ આપીને કેનેડામાં રહેતા હિન્દુ અને શીખ સમુદાયોમાં કોમી રમખાણો ભડકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ઘટનાસ્થળે સુરક્ષા કેમેરામાં શંકાસ્પદો સફેદ પિકઅપ ટ્રકમાં આવતા દેખાતા હતા. હવે આ શંકાસ્પદોના ફોટા




જાહેર કરવામાં આવ્યા છે. જેથી લોકોની મદદથી તેમની ઓળખ કરી શકાય.

સરે પોલીસે કહ્યું છે કે આ એક ગંભીર ગુનાહિત કૃત્ય છે અને તેની તપાસ ઉચ્ચ પ્રાથમિકતાના ધોરણે કરવામાં આવી રહી છે. વાનકુવર પોલીસ વિભાગે આ ઘટનાને સંભવિત નફરતથી પ્રેરિત ઘટના તરીકે તપાસ શરૂ કરી છે. આ ઘટના બાદ સ્થાનિક હિન્દુ અને શીખ સમુદાયોમાં ઊંડી ચિંતા અને ગુસ્સો ફેલાયો છે. લક્ષ્મી નારાયણ મંદિર અને રોસ સ્ટ્રીટ ગુરુદ્વારા બંને સમુદાયમાં ભક્તિ અને સેવાના મુખ્ય કેન્દ્રો માનવામાં આવે છે. વિવિધ સંગઠનો અને નેતાઓએ ધાર્મિક સ્થળોએ આ પ્રકારની તોડફોડની સખત નિંદા કરી છે.

# રોક બેન્ડ મેટાલિકાએ ફૂડ બેંકને દાન આપ્યું

ટોરોન્ટો : ટોરોન્ટોના રોજર્સ સેન્ટરમાં બે સોલ્ડ આઉટ શો કર્યા પછી અમેરિકન રોક બેન્ડ મેટાલિકાએ શહેરના ડેઈલી બ્રેડ ફૂડ બેંકને $ 40,000નું દાન આપ્યું હતુ. તેના પરોપકારી ફાઉન્ડેશન, ઓલ વિધીન માય હેન્ડ્સે જણાવ્યું હતું કે, આ પગલું આ મહત્વપૂર્ણ સમયમાં શહેરના ઘણા પરિવારોને મદદ કરવા માટે છે. ટોરોન્ટોમાં વ્યાપક ખાદ્ય અસુરક્ષા છે, તે જાણીને આપણને યાદ આવે છે કે કેટલા લોકો કઠિન નિર્ણયો લેવાનો સામનો કરી રહ્યા છે અને તેમને સહાયની જરૂર છે.






તંત્રી સ્થાનેથી

# હુમલા સામે જનાક્રોશ : ભારત પાસે હવે આકરી કાર્યવાહીનો જ વિકલ્પ



તંત્રી - સ્વદેશ

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે 28 નિર્દોષોના મોતની ઘટનાને એક અઠવાડિયા કરતા વધુ સમય થઈ ગયો છે. આમ છતાં આ ઘૃણાસ્પદ કૃત્ય સામે દેશભરમાં આક્રોશ યથાવત છે. નિર્દોષ લોકોની હત્યા કરનારા આતંકવાદીઓને તેમનાં કુકર્મોની આકરામાં આકરી સજા મળવી જોઈએ અને આ આતંકવાદીઓને પોષનારાઓને પણ કદી ના ભૂલાય એવો પાઠ ભણાવવો જોઈએ એવી સૌની લાગણી છે. અત્યાર સુધીની ઘટનાઓમાં હુમલા પછી દેશ બે છાવણીમાં વહેંચાઈ જતો, જ્યારે આ વખતે દેશવાસીઓને બે છાવણીમાં વહેંચીને સરકારની નિષ્ફળતા છૂપાવવા ભાજપે આ મુદ્દાને હિંદુ-મુસ્લિમ બનાવવાનો પ્રયાસ કર્યો, પણ લોકોએ બતાવેલી એકતાને કારણે તેમાં સફળતા મળી નથી. કાશ્મીરમાં સ્થાનિક લોકો પહેલગામના કાવતરામાં સામેલ હોવાની વાતો પણ વહેતી કરાઈ. પણ બહુમતી હિંદુઓ પર આ બાબતની ઝાઝી અસર થઈ નથી.

સૌથી મહત્વની ઘટના કાશ્મીરમાં જોવા મળી, સ્થાનિક લોકોમાં અને દેશભરના મુસ્લિમોમાં ભૂતકાળ કરતાં અલગ માહોલ જોવા મળ્યો. પહેલાં એવું બનતું કે, આતંકવાદી હુમલા બાદ જમ્મુ અને કાશ્મીરમાંથી કોઈ પ્રતિક્રિયા આવતી ન હતી. તેના કારણે કાશ્મીરનાં લોકો આતંકવાદને સમર્થન કરે છે, તેવો મેસેજ જતો હતો. પરંતુ આ વખતે કાશ્મીર ખીણના મુસ્લિમોએ એવી તક આપી નથી. આતંકવાદી હુમલા બાદ કાશ્મીરમાં ઠેર ઠેર દેખાવો થયા. પહેલગામમાં તો બંધ પણ પળાયો. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર કાશ્મીરમાં આતંકવાદ આચરીને નફરત ફેલાવવા મથનારાં સામે સ્થાનિકોએ જાહેરમાં પ્રતિક્રિયા આપવાની હિંમત પણ દાખવી છે.


જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં પણ આતંકવાદી હુમલાની ટીકા કરતાં ભાષણ થયાં. એટલું જ નહીં, વિધાનસભાએ અમાનવીય હુમલાની ઝાટકણી કાઢતો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો. જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ હોવાથી સુરક્ષાની જવાબદારી કેન્દ્ર સરકારની છે છતાં ઓમરે આતંકી હુમલામાં મોત માટે પોતે જવાબદાર હોવાનું નિવેદન વિધાનસભામાં આપ્યું. અબ્દુલ્લાએ કહ્યું કે, મેં પ્રવાસીઓને કાશ્મીરમાં વેકેશન માણવા આવવાની અપીલ કરી હતી. એટલે યજમાન તરીકે પ્રવાસીઓ સલામત પાછા જાય એ જોવાની મારી ફરજ હતી. પણ હું એ ના કરી શક્યો. મારી પાસે માફી માગવા શબ્દો નથી. જેમના પિતા લોહીથી લથબથ છે એવાં બાળકોને કે થોડા દિવસ પહેલાં જ લગ્ન કરનારી નેવી ઓફિસરની પત્નીને હું શું જવાબ આપીશ ? પહેલી વાર કાશ્મીર આવેલા લોકો આ ઘટનાની ખરાબ યાદોનો બોજ આખી જીંદગી વેંઢારશે.

ભારતમાં મુસ્લિમોના બીજા એક સૌથી મોટા નેતા ગણાતા ઓવૈસીએ તો ત્યાં સુધી કહ્યું કે, પાકિસ્તાન ભારત કરતાં સમયમાં અડધો કલાક પાછળ જ નથી પણ અડધી સદી પાછળ છે. પાકિસ્તાનના બજેટ કરતાં વધારે તો ભારતનું સંરક્ષણ બજેટ છે, એટલે પાકિસ્તાન ભારત સામે લડવાની કે પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાની ડંફાશો મારવાનું બંધ કરે. પાકિસ્તાન નિર્દોષ લોકોની હત્યા કરીને આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટની જેમ વર્તી રહ્યું છે. ભારતના બીજા ભાગોમાં પણ મુસ્લિમોએ પહલગામ હુમલાની ટીકા કરીને પાકિસ્તાન સામે આક્રોશ ઠાલવ્યો છે. ઘટના પછી આવેલા પહેલા શુક્રવારે દેશભરની મસ્જિદોમાં મુસ્લિમોએ કાળી પટ્ટી પહેરીને નમાઝ પઢી. ભારતના ઈતિહાસમાં પહેલી વાર મુસ્લિમોએ ખુલ્લેઆમ આતંકવાદ સામે આવો વિરોધ વ્યક્ત કર્યો છે. મુસ્લિમ ધર્મગુરૂઓએ પણ ઈસ્લામના નામે આતંકવાદ ફેલાવવાના કૃત્યની ભારે નિંદા કરી છે. બરેલીના મૌલાના શાહબુદ્દીન રઝવીએ તો ત્યાં સુધી કહ્યું કે, લશ્કરે તઈબા, અલ કાયદા, ઈસ્લામિક સ્ટેટ સહિતનાં તમામ કહેવાતાં જિહાદી સંગઠનો દુનિયાભરમાં ઈસ્લામની ઈમેજ ખરાબ કરી રહ્યાં છે અને ઈસ્લામને બદનામ કરી રહ્યાં છે. હાફિદ સઈદ જેવા લોકોને પોષનારા પાકિસ્તાનને પાઠ ભણાવવો જોઈએ. હૈદરાબાદથી હાવડા સુધી ઠેર ઠેર પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા હિંદુઓને શ્રદ્ધાંજલિ આપવા માટે અને આતંકવાદ સામે વિરોધ દર્શાવવા મુસ્લિમોએ કેન્ડલ માર્ચ પણ યોજી છે. આ કેન્ડલ માર્ચમાં હિંદુઓ પણ જોડાતાં આખો દેશ આતંકવાદ સામેની લડાઈમાં એક હોવાનો સ્પષ્ટ સંદેશ આખી દુનિયા સામે ગયો છે. વિપક્ષોએ પહલગામ હુમલાના મુદ્દે રાજકારણ રમવાના બદલે મોદી સરકાર જે પણ પગલાં લે તેને ટેકો આપવાનું વલણ અપનાવ્યું છે. કેન્દ્ર સરકારે બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં પણ વિપક્ષોએ ઈન્ટેલિજન્સ નિષ્ફળતાના મુદ્દે આક્રમક બનવાને બદલે સરકારને સંપૂર્ણ સમર્થન આપવાની જાહેરાત કરી હતી. દેશની સુરક્ષાના મુદ્દે ચર્ચા માટે બોલાવેલી બેઠકના બદલે મોદી બિહારમાં ચૂંટણી સભા કરવા જતા રહ્યા તેની ટીકા સોશિયલ મીડિયા પર પણ થઈ હતી. દેશનાં લોકોએ સંયમ અને એકતા બતાવ્યાં, તેથી સરકારની જવાબદારી વધી છે. દેશનાં લોકો ઈચ્છે છે કે, આતંકવાદીઓ સામે સરકાર એક્શન લે અને એવાં એક્શન લે કે આતંકવાદીઓ ફરી ભારત તરફ જોવાની હિંમત જ ના કરે. લોકોના સંયમનો બંધ તૂટી ગયો છે. લોકો હવે દર બે-ચાર મહિને થતા આતંકવાદી હુમલાઓથી થાક્યાં છે. એટલે જોરદાર પગલાં લેવાય એવી લોકોની લાગણી છે. મોદી સરકાર પણ આ વાત ધીમે ધીમે સમજી રહી છે. અત્યાર સુધી રાજદ્વારી પગલાં ભરીને અને નિવેદનબાજી કરીને સરકારે સંતોષ માન્યો છે. પણ દેશવાસીઓનો મુડ હજી બદલાયો નથી. એ જોતા આગામી દિવસોમાં ભારતે નક્કર કાર્યવાહી કરવી પડે તેવી સ્થિતિ છે.

બીજી તરફ ઘટનાની ચાલી રહેલી તપાસમાં ખુલાસો થઈ રહ્યો છે કે ગ્રાઉન્ડ ઝીરો પર આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા તેમના બોસને સંપૂર્ણ અપડેટ મોકલી રહ્યા હતા. આતંકવાદીઓ પાસે કેમેરા અને સેટેલાઈટ ફોન પણ હતા, જેના દ્વારા તેઓ પાકિસ્તાન સાથે સીધા સંપર્કમાં હતા.

આ આતંકવાદીઓને મદદ કરનારા લોકો પાસેથી એ પણ જાણવા મળ્યું છે કે પહેલગામ ઉપરાંત, આતંકવાદીઓના નિશાના પર ત્રણ વધુ સ્થળો હતા. દરમિયાન ગુરુવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને ચેતવણી આપી હતી કે, તેઓ એવું ન વિચારે કે યુદ્ધ જીતી લીધું છે. લડાઈ હજુ ખતમ નથી થઈ. તેઓ એક વાત સમજી લે, આ નરેન્દ્ર મોદીની સરકાર છે, કોઈને છોડશે નહીં. અમારો સંકલ્પ છે કે આ દેશના દરેક ખૂણામાંથી આતંકવાદને ઉખાડીને ફેંકી દઈશું.

આ લડાઈમાં આખી દુનિયા ભારત સાથે ઊભી છે. આ પહેલાં મોદીએ બિહારમાં એક રેલીમાં દેશવાસીઓને પહેલગામની ઘટનામાં જવાબદાર કોઈને પણ ન છોડવાની વાત ઉચ્ચારી હતી. એટલે દેશવાસીઓનો મુડ જોત સરકાર હવે કોઈ નક્કર પગલાં ભરે તેવી શક્યતા બળવત્તર બની રહી છે.



manoj1968@yahoo. ca






# નડિયાદમાં કસ્ટમરો પાસે વધારે પૈસા લઈને ઠગાઈ કરતો સેલ્સ એક્ઝિક્યૂટિવ ઝડપાયો

## કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન : આરોપીના પિતા અને ભાઈને પકડવા પોલીસની કવાયત્

**નડિયાદ**

નડિયાદના ગાડીના શોરૂમના સેલ્સ એક્ઝિક્યૂટિવે કસ્ટમરો પાસેથી વધારે રૂપિયા લઈ છેતરપિંડી કરવા સાથે કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડયું હતું. આ બનાવમાં પૂર્વ સેલ્સ એક્ઝિક્યૂટિવની ધરપકડ કરાઈ છે. જ્યારે તેના પિતા અને ભાઈને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

મહેમદાવાદના હેમલ વિજયભાઈ સુરતીના નડિયાદ ઉત્તરસંડા રોડ ઉપર ગાડીના શોરૂમમાં કુંજ ગિરધારી તા.૭/૮/૨૪થી તા.૩/૨/૨૫ દરમિયાન સેલ્સ એજ્યુકેટિવ તરીકે નોકરી કરતો હતો. આ નોકરી દરમિયાન કુંજ ગિરધારીએ પોતાની સત્તાનો દુરુપયોગ કરી ગાડીની કંપનીની કિંમતથી વધુ કિંમત મેળવી સચિન પાસેથી રૂ.૧૧,૫૦૦ વધુ મેળવી તેમજ પ્રવિણાબેન પટેલને આરટીઓના પસંદગીના નંબર માટે રૂ.૫૦૦ વધારે લઈ કસ્ટમર સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. કંપનીની જાણ બહાર કંપનીના અગત્યના દસ્તાવેજો લઈ જઈ કંપની ડેમેજ ગાડીઓનું વેચાણ કરતી હોવાનું જણાવી કંપનીની પ્રતિાને નુકસાન કર્યું હતું. આ બનાવ સંદર્ભે કંપનીના ડીલર હેમલભાઈ વિજયભાઈ સુરતીએ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં કુંજ ગિરધારી ચાંડક, ગિરધારી ખટાઉમલ તેમજ પ્રથમ ગિરધારી ચાંડક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કુંજ ગિરધારી ચાંડકને ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. અન્ય બે આરોપીઓની શોધખોળ હાથ ધરાઈ છે.

# વાપીની કંપનીમાં બ્લાસ્ટ થતાં 1નું કરુણ મોત, અન્યને ગંભીર ઈજાઓ

## દરવાજા સાથે ભટકાતા કામદારના માથામાં ગંભીર ઈજા

**વાપી**

વાપી જીઆઈડીસીમાં થર્ડફેઝ વિસ્તારમાં આવેલી આમોલી ઓર્ગેનિક કંપનીના યુનિટ-૨માં સોમવારે રાતે ડ્રાયરમાં કેમિકલની પ્રોસેસ ચાલી રહી હતી. આ દરમિયાન ત્યાં અચાનક ધડાકો થતાં કંપનીમાં છેલ્લા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી કામ કરી રહેલા રવિન્દ્ર ધનેશ્વર પ્રસાદ યાદવનું ગંભીર ઈજા થવાથી સ્થળ પર જ મોત નિપજ્યું હતુ. જ્યારે તેની સાથે કામ કરી રહેલા મનોજ કમલેશ્વરી પાંડેએ ગભરાઈ જઈને કંપનીની બહાર નીકળવા માટે દોડ લગાવી હતી. પરંતુ ધુમાડો નીકળ્યો હોવાથી આગળ કંઈ ન દેખાતા તે કંપનીના લોખંડના ગેટ સાથે અથડાયો હતો. જેને પગલે તેને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તે લોહી લુહાણ થઈ ગયો હતો. જે બાદ તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ઘટનાને પગલે કામદારોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટના અંગેની જાણકારી વાપી જીઆઈડીસી પોલીસને કરાતા પોલીસની ટીમ પણ ત્યાં પહોંચી હતી અને મૃતકની લાશને પીએમ માટે વાપી ચલા ખાતે આવેલી સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી.

# ડાંગના પર્વતારોહકે 17500 ફૂટ ઉંચા કાબરુ શિખરની ટોચે તિરંગો લહેરાવ્યો

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટ આબુ ખાતે ઉપલબ્ધ એડવેન્ચર કોર્સ, બેઝિક કોર્સ, એડ્વાન્સ કોર્સ, કોચિંગ કોર્સ અને રોક ક્લાઈમ્બિંગ કોર્સમાં સફળતાપૂર્વક ભાગ લઈ ડાંગનો યુવા પર્વતારોહક ભોવન રાઠોડ વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ સર કરવાનું સ્વપ્ન લઈને પર્વતારોહકની વિવિધ તાલીમ લઈ રહ્યો છે.

ભોવાન રાઠોડ હાલમાં જ હિમાલય માઉન્ટેન ઈન્સ્ટિટ્યુટ-દાર્જિલિંગ ખાતે તાલીમ પૂર્ણ કરી માઉન્ટ એવરેસ્ટ સર કરવાની તાલીમમાં પસંદગી પામ્યો છે. ડાંગના ચિરાપાડા ગામના ભોવન રાઠોડને પર્વતારોહકની તાલીમ માટે પશ્ચિમ બંગાળ અને ભારત સરકારની ડિફેન્સ મિનિસ્ટ્રી હસ્તક ચાલતી પર્વતારોહક સંસ્થા હિમાલય માઉન્ટેઈન ઈન્સ્ટિટ્યુટ, દાર્જિલિંગ ખાતે પસંદગી થઈ હતી. અહીં ટ્રેનિંગ લીધા પછી શિખર પર 13 કિલોમીટર વેટ લોડ ફેરી હાઈ એલ્ટિટ્યુડ પર રનિંગ ત્રણ કલાકમાં પૂરું કરવાનું હતું. તેમાં ભોવાન રાઠોડે 16 કિલો અને 700 ગ્રામના વજન સાથે માત્ર 2 કલાકમાં જ રનિંગ પૂર્ણ કરી નવો રેકર્ડ પ્રસ્થાપિત કર્યો છે.

# સુરતમાં પહેલગામના મૃતકોની શ્રદ્ધાંજલિ સભામાં ભાજપ-આપના કાર્યકરો બાખડ્યાં

## દરખાસ્ત રજૂ થયા બાદ વિપક્ષ-શાસકોએ એકબીજાને દેશદ્રોહી કહેતા મામલો બિચક્યો

**સુરત**

સુરત મહાનગરપાલિકાની આજે મળેલી સામાન્ય સભામાં કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલાને શ્રદ્ધાંજલિ આપવા માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જોકે આ દરખાસ્ત રજૂ થયા બાદ વિપક્ષ અને શાસકોએ એકબીજાને દેશદ્રોહી કહેતા મામલો બિચક્યો હતો અને બંને પક્ષના કોર્પોરેટરો સામ સામે આવી ગયા હતા.

સુરત મહાનગરપાલિકાની આજે મળેલી સામાન્ય સભામાં વિપક્ષ દ્વારા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલાને શ્રદ્ધાંજલિ આપી સભા મુલતવીએ રાખવા માટેની માંગણી કરવામાં આવી હતી. જોકે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી પરંતુ સભાના રજૂ થયેલા કામો એક સાથે મંજૂર કરી દેવામાં આવ્યા હતા.

વિપક્ષ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તે સમયે પાકિસ્તાન પર બોમ્બ ફેંકીને પાઠ ભણાવવા માટે માંગણી કરી હતી. ત્યારે ભાજપના કોર્પોરેટર વ્રજેશ ઉનડકટે વિપક્ષના સભ્યોને તમે દેશદ્રોહી છો તેવું કહ્યું હતું. જેને કારણે મામલો બિચક્યો હતો. વ્રજેશ ઉનડકટે આક્ષેપ કર્યો હતો કે 'જ્યારે સેના પાકિસ્તાન પર હુમલો કરે છે, ત્યારે તમારા નેતાઓ પુરાવા માંગે છે. એટલે તમે લોકો દેશદ્રોહી છો.' જેના કારણે ભારે હોબાળો થયો હતો. શાસક પક્ષ અને વિપક્ષના કોર્પોરેટરો સામ સામે આવી ગયા હતા.

# સુરતથી 11 વર્ષના વિદ્યાર્થીને લઈ ભાગેલી 23 વર્ષીય શિક્ષિકા શામળાજીથી ઝડપાઈ

## બંને એકબીજાને પસંદ કરતા હોવાનો શિક્ષિકાનો દાવો

**સુરત**

સુરતમાં રહેતા કરિયાણાના દુકાનદારનો ધો. 5 માં અભ્યાસ કરતો પુત્ર રમવા ગયા બાદ ભેદી સંજોગોમાં ગુમ થઈ જતા દોડતા થયેલા માતા-પિતાએ શોધખોળ શરૂ કરી તો પુત્રનું તેની 23 વર્ષીય ટ્યુશન ટીચર અપહરણ કર્યાનું જાણવા મળતા મામલો પુણા પોલીસ મથકે પહોંચ્યો હતો.

પરવટ પાટિયા-મગોબ રોડ સ્થિત એપાર્ટમેન્ટમાં રહેતા અને ઘર નજીક કરિણા સ્ટોર ચલાવતા મૂળ રાજસ્થાનના 32 વર્ષના દુકાનદારના બે સંતાન પૈકી મોટો પુત્ર સ્મિત (નામ બદલ્યું છે, ઉ.વ.11) પરવટ પાટિયા વિસ્તારની એક હિન્દી વિદ્યાલયમાં ધો.5માં અભ્યાસ કરે છે. સ્મિત સ્કૂલ ટીચર માનસી રજનીકાંત નાઈ (ઉ.વ. 23 રહે. સમર્પણ એપાર્ટમેન્ટ, ગણેશનગર, પરવટ પાટિયા અને મૂળ. કંથાળી ગામ, તા. ઉઝા, મહેસાણા) ને ત્યાં ટ્યુશન જતો હતો પરંતુ હાલ વેકેશન ચાલે છે. સ્મિત 25 એપ્રિલના રોજ બપોરે રહેલાંક એપાર્ટમેન્ટની નીચે રમવા ગયા બાદ મોડી સાંજ સુધી પરત આવ્યો ન હતો. સ્મિત ભેદી સંજોગોમાં ગુમ થઈ જતા માતાએ પતિ જાણ કરવાની સાથે સ્થાનિક વિસ્તારમાં શોધખોળ કરી હતી. ઉપરાંત સ્મિતની સ્કુલ નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા સ્થિત તેની ટ્યુશન ટીચર માનસીનો હાથ પકડીને જતા નજરે પડયો હતો.

ટીચરના ઘરે ગયા હતા. જયાં ટીચરના માતા-પિતાએ માનસી બપોરે બે વાગ્યા પછી ઘરેથી ગયા બાદ પરત આવી નથી અને ફોન પણ બંધ છે એવું જણાવ્યું હતું. જેથી પુણા પોલીસમાં અપહરણને ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કેન્દ્રિત કરી છે. જે અંતર્ગત સ્થિત અને માનસી સુરત રેલવે સ્ટેશન ઉપર નજરે પડયા હતા.

પુણા પોલીસના જણાવ્યા પ્રમાણે, શિક્ષિકા વિદ્યાર્થીને લઈને ભાગી ગયા બાદ તેનો મોબાઈલ નંબર રેલવે સ્ટેશન ખાતે બંધ થઈ ગયો હતો. જેથી તેને ટ્રેસ કરવી પોસિબલ ન હતી. આ સાથે જ રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડના સીસીટીવીમાં શિક્ષિકા અને વિદ્યાર્થી દેખાઈ આવ્યાં ન હતાં. જેથી તે પ્રાઈવેટ બસમાં ભાગ્યાં હોવાની આશંકા સાથે વધુ તપાસ કરવામાં આવી હતી. દરમિયાન શિક્ષિકા પાસે અન્ય એક નંબર હોવાની જાણ થઈ હતી. જે નંબર ચાલુ હોવાથી તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર શિક્ષિકા 11 વર્ષીય વિદ્યાર્થીને ભગાવી ગયા બાદ તેણે પોતાનો મોબાઈલ નંબર બંધ કરી દીધો હતો. પરંતુ આ દરમિયાન જાણવા મળ્યું હતું કે શિક્ષિકા પાસે અન્ય એક નંબર છે, જે ચાલુ હોવાથી તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો. પહેલા સુરતથી અમદાવાદમાં ખાનગી બસમાં પહોંચ્યા હતા ત્યાંથી દિલ્હી ગયા, અને બાદમાં જયપુર ગયા હતા, ત્યાં રોકાવાની ખાસ વ્યવસ્થા ન થતા તેઓ ગુજરાત પરત ફર્યા હતા અને રાજસ્થાન બોર્ડર પાસે રાયગઢથી પકડાઈ ગયા હતા. પોલીસે વિદ્યાર્થી અને શિક્ષિકાને પકડી પાડી પ્રાથમિક પૂછપરછ શરૂ કરી હતી. આ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે. શિક્ષિકા અને વિદ્યાર્થી છેલ્લા ઘણા સમયથી એકબીજાને ઓળખે છે. વિદ્યાર્થી શિક્ષિકા પાસે ત્રણ વર્ષથી ટ્યૂશન જતો હતો. શિક્ષિકા ઘણા સમયતી ટ્યૂશન કરાવતી હોવાથી શિક્ષિકા અને બાળક વચ્ચે નજીકના સબંધ કેળવાયા હતા અને એકબીજાને પસંદ કરતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પરંતુ તેમની વચ્ચે પ્રેમ સબંધ હતો કે લાગણીનો સબંધ હતો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# મહીસાગરમાં ડીજેના અવાજથી વરરાજાની મગજની નસ ફાટી, બેભાન થઈ ઢળી પડ્યા

**મહીસાગર**



મહીસાગર જિલ્લામાં આવેલા કડાણાના માપપુર ગામેથી ઘાતક સમાચાર સામે આવ્યા છે. હાલની લગ્નની સિઝન પૂરજોશ ચાલી રહી છે. ત્યારે પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણના લીધે લગ્ન અને અન્ય પ્રસંગો ડીજેનું ચલણ પણ મોટાપાયે વધ્યું છે. ત્યારે કડાણાના માપપુરમાં ડીજેનો અવાજ ઘાતક સાબિત થયો છે. ડીજેના વધુ પડતા અવાજના કારણે વરરાજાના મગજની નસ ફાટી ગઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. વરરાજાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કડાણા તાલુકાના માપપુર ગામે લગ્ન પ્રસંગે ડીજેના તાલે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આ વરઘોડામાં એકસાથે ત્રણ-ત્રણ ડીજે વગાડવામાં આવ્યા હતા. આ દરમિયાન ડીજેના વધુ પડતા અવાજના કારણે વરરાજા બેભાન થઈને ઢળી પડ્યા હતા. જેથી વરરાજાને તાત્કાલિક સારવાર અર્થે વડોદરા ખાતે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડીજેના વધુ પડતા અવાજના કારણે વરરાજાના મગજની નસ ફાટી ગઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન,
ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# મહેમદાવાદમાં મેશ્વો નદીમાં ડૂબી જતા 6 બાળકોના મોત

## પરિવારજનોના આક્રંદ સાથે ગામમાં ગમગીની છવાઈ : છેલ્લા ત્રણ વર્ષથી બેફામ ખનન થતું હોવાનો પણ પરિજનોનો આક્ષેપ

**મહેમદાવાદ**

મહેમદાવાદના કનીજ ગામે નદીમાં ડૂબતા 6 બાળકોના મોત થયા છે, મેશ્વો નદીમાં ડૂબવાથી 6 બાળકોના મોત થયા હોવાની વાત સામે આવી છે, ઘટનાને લઈ પરિવારજનોએ તંત્ર સામે ગંભીર આક્ષેપ કર્યા છે અને કહ્યું કે, આ દુર્ઘટના નહી પણ હત્યાકાંડ હોવાનો આક્ષેપ લગાવ્યો છે, નદીમાં બેફામ ખનને લઈ પડી ગયા છે ઉડા ખાડાઓમાં બાળકો ડૂબી જવાથી મોત થયા હોવાની વાત સામે આવી છે, છેલ્લા ત્રણ વર્ષથી બેફામ ખનન થતું હોવાના આક્ષેપ પરીજનો દ્વારા કરવામાં આવ્યા છે.

આ સમગ્ર ઘટના એ એક દુર્ઘટના નહોતી પણ હત્યાકાંડ હતો આવું અમે નહીં પણ મૃતકોના પરિવારજનો અને ગ્રામજનો ખુદ કહી રહ્યા છે, તેમનું કહેવું છે કે, નદીમાં ખનીજ માફિયાઓ દ્વારા દિવસ રાત બેફામ ગેરકાયદેસર નદીમાંથી રેતીનુ ખનન કરી ઊંડા ઊંડા ખાડા કરી નાખવામા આવ્યા છે મુખ્ય તેના કારણે જ ઊંડા ખાડામાં ડૂબી જવાથી આ તમામ છ લોકોના મોત થયા છે, વર્ષોથી આજ દિન સુધી આ જગ્યા પર નદીમાં ડૂબવાથી એક પણ વ્યક્તિનું મોત થયું નથી અને છેલ્લા ત્રણ વર્ષથી બેફામ ખનનને કારણે નદી કિનારાઓના તમામ વિસ્તારોમાં ઊંડા ઊંડા ખાડા પડી ગયા છે જેમાં આ બાળકો નાહવા પડ્યા અને અંદર ડૂબી ગયા હતા.

ગરમીના સમયે આ બાળકો નદીમાં ન્હાવા પડયા હતા તે દરમિયાન નદીમાં ઉડા ખાડા હોવાથી બાળકો તેમાં પડયા હતા અને તરતા ના આવડયું જેના કારણે તેઓ બહાર આવી શકયા નહી અને તેમના મોત થયા હોવાની વાત સામે આવી છે, મહેમદાવાદ તાલુકાના કનીજ ગામે અમદાવાદથી વેકેશન કરવા આવેલા ચાર ભાણેજો સહિત છ બાળકોના મેશ્વો નદીમાં ડૂબી જવાથી કરુણ મોત થયા હતા. અમદાવાદ નરોડામાં રહેતા ચાર ભાણેજો મહેમદાવાદ તાલુકાના કનીજ ગામે મામાના ઘરે વેકેશન માટે આવ્યા હતા પરંતુ વેકેશનનો આનંદ માણવાની જગ્યાએ તેમને મોત મળ્યું હતું.



# અમૂલ ડેરીની ચૂંટણીમાં પેટલાદ અને ઠાસરા બેઠક મહિલા અનામત જાહેર

## રામસિંહ પરમારના પુત્રવધૂ ચૂંટણી લડે તેવી અટકળ

**આણંદ**

અમૂલ ડેરીની આ ટર્મમાં ખંભાત અને કપડવંજ બેઠકો મહિલા માટે અનામત હતી. ત્યારે જિલ્લા રજીસ્ટાર અભિષેક સુવાએ જણાવ્યું હતું કે, રોસ્ટરના નિયમ મૂજબ ખંભાત અને કપડવંજ બેઠકો હવે સામાન્ય થશે. પરંતુ હવે પછી આવનારી પાંચ વર્ષની મુદત માટેની ચૂંટણીમાં પેટલાદ અને ઠાસરા બેઠકો મહિલા માટે અનામત ફાળવાઈ છે. ખેડા જિલ્લાની ઠાસરા બેઠક પર અમૂલના પૂર્વ ચેરમેન રામસિંહ પરમારના પુત્રવધૂનો ઠરાવ થયો હોવાથી તેઓ ચૂંટણી લડશે તેવી અટકળો છે. ઠાસરા બેઠક પર ૧૧૦ જેટલા મતદારોના ઠરાવો થયા હોવાનું જાણવા મળ્યું છે. આણંદ જિલ્લામાં ફાળવાયેલી ચાર પૈકી પેટલાદ બેઠક મહિલા માટે અનામત રાખવામાં આવી છે. ત્યારે આ બેઠક ઉપર અમૂલના હાલના ડિરેક્ટર વિપુલભાઈ પટેલના પત્ની હેતલબહેન પટેલ તેમજ તેમની સામે આણંદ જિલ્લા કોંગ્રેસના મહિલા અગ્રણી વિજ્ઞાત્રીબહેન પટેલ ચૂંટણીમાં આમને સામને આવે તેવી શક્યતા છે.

# વડોદરામાં બેન્ક ઓફ બરોડાના સિનિયર મેનેજરે રૂપિયા 2.92 કરોડની ઉચાપત કરી

## મેનેજરે પોતાના પરિવારજનોના એકાઉન્ટમાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા

**વડોદરા**

બેન્ક ઓફ બરોડાના સિનિયર મેનેજરે પોતાના પરિવારજનોના એકાઉન્ટમાં રૂ.૨.૯૨કરોડ ટ્રાન્સફર કરી ઉચાપત કરતાં સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ છે. બેન્ક ઓફ બરોડામાં આઉટસોર્સનું કામ કરતી ગાંધીનગરની બરોડા ગ્લોબર શેર્ડ સર્વિસીસ લિ.ના વાઈસ પ્રેસિડન્ટ પ્રિન્સપાલ સિંઘે પોલીસને કહ્યું છે કે,અલકાપુરી ખાતેના બેન્ક ઓફ




બરોડાના ભવનમાં સિનિયર મેનેજર તરીકે મૃગેશ ચન્દ્રકાન્ત ભટ્ટ(સાંઈધામ સોસાયટી,ખોડિયારનગર,વડોદરા)ને મુકવામાં આવ્યા હતા. તેમણે તા.૨-૭-૨૪ થી ૩૦-૭-૨૪ દરમિયાનની ફરજ વખતે એકાઉન્ટ જનરલ લેજર માં બનાવટી ડેબિટ એન્ટ્રીઓ પાડી હતી અને તેમના તેમજ તેના માતા-પિતાના એકાઉન્ટમાં કુલ રૂ.૩.૯૪ કરોડ ટ્રાન્સફર કર્યા હતા.

તેમના કરતૂત ખુલ્લા પડતાં ભૂલ કબૂલી હતી અને રૂ.૧.૦૨ કરોડ ભરપાઇ કર્યા હતા.જ્યારે,બાકીના રૂ.૨.૯૨કરોડ હજી ચૂકવ્યા નથી.જેથી સયાજીગંજ પોલીસે ગુનો નોંધ્યો છે.

# મહેસાણામાં પાકિસ્તાની હિન્દુ નાગરિકોની વેદના ગોળી મારી દો, પણ પાકિસ્તાન પાછા ન મોકલો

**મહેસાણા**

મહેસાણામાં ઘણા વર્ષોથી લોંગ ટર્મ વિઝા લઈને વસવાટ કરી રહેલા પાકિસ્તાની હિન્દુ નાગરિકો જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ કેન્દ્ર સરકારે ભારતમાં રહેતા પાકિસ્તાની નાગરિકોને પાછા જવા આપેલા અલ્ટીમેટમ બાદ ઉચાટમાં જીવી રહ્યાં છે. તેમણે પોતાની વેદના જણાવતા કહ્યું હતું કે, 'પાકિસ્તામાં ખૂબ યાતનાઓ ભોગવીને માંડ ભારતમાં આવ્યા છીએ. અમોને ગોળી મારી દો, પરંતુ અમને પરત પાકિસ્તાન ન મોકલો તેવી આજીજી કરી હતી'. ઉલ્લેખપાત્ર



છે કે, હાલમાં અહીં લોંગ ટર્મ અને શોર્ટ ટર્મ વિઝા ઉપર 12 મુસ્લીમ અને 1,039 હિન્દુ પાકિસ્તાની નાગરિકો વસવાટ કરી રહ્યા છે.

પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકી હુમલામાં 26 જેટલા નિર્દોષ ભારતીયોએ પોતાના જાન ગુમાવ્યા હતા. આંતકવાદીઓના આ કૃત્ય બાદ કેન્દ્ર સરકારે પાકિસ્તાનને સબક શીખવાડવા સિંધુ કરાર રદ કરવા, ભારતમાં વસવાટ કરતા પાકિસ્તાની નાગરિકોને પરત જવા સહીતના કેટલાક નિર્ણય કર્યા છે. જેના પગલે લોંગ ટર્મ અને શોર્ટ ટર્મ વિઝા ઉપર ભારતમા રહેતા પાકિસ્તાની નાગરિકોમાં અફડાતફડીનો માહોલ સર્જાયો છે. તેના પગલે મહેસાણાના ઈન્દીરાનગર, કુકસ, લાખવડમાં છેલ્લા ઘણા વર્ષોથી લોંગ ટર્મ વિઝા ઉપર આવી વસવાટ કરતા પાકિસ્તાની પરિવારોમાં અસમંજસની પરિસ્થિતિ જોવા મળી રહી છે.

# ડેસરમાં પ્રેમ સંબંધને લઇને યુવકની હત્યા, સગીર સહિત બેની ધરપકડ

**વડોદરા**

રાજ્યમાં અવાર નવાર પ્રેમ સંબંધને લઈને હત્યાના બનાવ સામે આવતા હોય છે. ત્યારે વડોદરા નજીક આવેલા સાંઢાસાલ ગામે બળીયાદેવના મંદિર પાસે બાંકડા પરથી 20 વર્ષીય યુવકની લાશ મળી હતી. યુવકની હત્યા કર્યા બાદ લાશને સળગાવી દીધેલી હાલતમાં મળી હતી. હત્યા કેસમાં પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જેમાં એક સગીર અને કિશોરની ધરપકડવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રવિવારે વડોદરાના સાંઢાસાલ ગામે મંદિરના બાંકડા પર 20 વર્ષીય યુવકની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. આરોપીઓએ હત્યા બાદ યુવકની લાશને સળગાવી દીધી હતી. બનાવની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. મૃતકની જૈમીન કિરણસિંહ ગોહિલ હોવાની તેના પિતાએ ઓળખ કરી હતી.

જૈમીન બનાવની રાત્રે ગામમાં લગ્ન હોવાથી ગરબા જોવા જવાનું કહીને નિકળ્યો હતો. ત્યારબાદ ઘરે પરત ફર્યો ન હતો અને સવારે મંદિરના બાંકડા પાસેથી તેની લાશ મળી આવી હતી.

# વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે ઓબીસીને મહત્વ મળ્યું, રસિક પ્રજાપતિની નિયુક્તિ


**વડોદરા**

વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખનું કોકડું લાંબા સમયથી ગૂંચવાયું હતું. બે થી ત્રણ વખત પ્રમુખ પદના નામની જાહેરાત છેલ્લી ઘડીએ મુલતવી રાખવામાં આવી હતી. આખરે આજે સત્તાવાર રીતે મિટિંગ બોલાવીને નામની જાહેરાત કરવામાં આવનાર હોવાનું કહેવાયું હતું. ભાજપના પ્રદેશ મોવડીઓની ઉપસ્થિતિમાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મળેલી મિટિંગમાં વર્તમાન પ્રમુખ સતીશ નિશાળીયાએ આગામી પ્રમુખ તરીકે ઓબીસી નેતા રસિકભાઈ પ્રજાપતિના નામની દરખાસ્ત મૂકી હતી. જેને સાંસદે ટેકો આપતા કાર્યકરોએ ભારત માતાકી જય... બોલાવી નવા પ્રમુખને વધાવી લીધા હતા. વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે ઓબીસીને મહત્વ મળ્યું છે.

# આચાર્ય અરવિંદ સાગર સૂરીશ્વરજીએ આગામી 100 વર્ષનું પંચાંગ તૈયાર કર્યું

**મહેસાણા**

કોઈપણ શુભ કાર્ય માટે શુભ ઉર્જા પ્રાપ્ત કરવા માટે જ્યોતિષ શાસ્ત્રમાં પંચાંગ (તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ) ઉપરાંત શુભ યોગનું મહત્ત્વ અને મુહૂર્ત બાબત ખૂબ અગત્યની છે, યોગ્ય સમયમાં કરેલું કાર્ય અવશ્ય સફળ થાય છે. પ્રત્યેક વ્યક્તિને પોતાનું કાર્ય સુખરૂપ સંપન્ન થાય, કોઈ વિઘ્ન કે અપશુકન ન આવે તે હેતુથી વિદ્વાનો પાસે શુભ સમય, શુભ મુહૂર્તનો ચોક્કસ સમય અને ગણતરી કરવામાં આવતી હોય છે. ત્યારે જૈન આચાર્યશ્રી અરવિંદ સાગર સૂરિ મા. સા. દ્વારા હવે ભવિષ્યમાં મૂહુર્ત, પ્રસંગો અને



ગ્રહો વિશેની માહિતી આગામી 100 વર્ષ સુધી મેળવી શકાય તેવું શાસ્ત્રાર્થ પંચાંગ બનાવ્યું છે. આચાર્યદેવ શ્રી અરવિંદ સાગર સૂરીશ્વરજીએ 2020માં પુડુચેરીમાં સ્થિરતા દરમિયાન કોરોના મહામારીના સમયમાં આ શતવર્ષીય શાસ્ત્રાર્થ પંચાંગની તૈયારી શરુ કરી હતી.

# ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે નયનાબહેન પટેલની નિમણૂક કરવામાં આવી

**નડિયાદ**

ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે બે ટર્મથી ઓબીસી ચહેરા તરીકે અજય બ્રહ્મભટ્ટ સુકાન સંભાળતા હતા. ખેડા જિલ્લા પ્રમુખનું છેલ્લા ઘણા સમયથી કોકડું ગૂંચવાયું હતું. દરમિયાન પ્રદેશમાંથી પૂર્વ કેબિનેટ મંત્રીની હાજરીમાં ખેડા જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે બેઠક મળી હતી. જેમાં ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ માટે નયનાબહેન પટેલની નિમણૂક કરાઈ હતી. ખેડા જિલ્લામાં ભાજપે પાટીદાર કાર્ડ ખેલ્યું છે. નયનાબહેન પટેલ હાલ ગુજરાત પંચાયત પરીષદના પણ પ્રમુખ છે. તેઓ પ્રદેશ ભાજપમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં પ્રભારી તરીકેની જવાબદારી પણ તેમણે નિભાવી છે.

# રાજુલાના રાજપરડા ગામે યુવતી સાથે પ્રેમ સંબંધના કારણે જૂથ અથડામણ

## 10 વ્યક્તિઓ સામે ફરિયાદ, ચારને ગંભીર ઇજા થતાં સારવાર માટે ખસેડાયા

**અમરેલી**

રાજપરડા ગામે યુવતીના પ્રેમપ્રકરણના કારણે ચાલ્યા આવતા વૈમનસ્યમાં બે જૂથો વચ્ચે મારામારીની ઘટના બની હતી. આ ઘટનામાં બંને પક્ષેથી સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ડુંગર પોલીસ સ્ટેશને આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ ફરિયાદ રાજપરડાના રહેવાસી રાજુભાઈ બાઘાભાઈ ચાવડા (ઉ.વ. ૪૫) દ્વારા નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેમના દીકરાને સુરેશભાઈ સોલંકીની દીકરી સાથે પ્રેમસંબંધ હોવાથી મનદુઃખ ચાલતું હતું. જેના કારણે બે જૂથ વચ્ચે ઘર્ષણ ચાલ્યું આવતું હતુ.આ ઘટનામાં સુરેશભાઈ પોપટભાઈ સોલંકીએ રાજુભાઈના દીકરાને ગામમાં વેલનાથ બાપુની જગ્યાએ મોટરસાયકલના ક્લચ વાયરથી માર માર્યો હતો. સુરેશભાઈ સોલંકી, તેમના સાળા , પોપટભાઈ સોલંકી, મનીષાબેન સોલંકી અને સવિતાબેન સોલંકી, રાજુભાઈના ઘરે આવીને મારામારી કરી હતી. આ હુમલામાં પોપટભાઈ સોલંકીએ રાજુભાઈને લાકડીથી માર માર્યો હતો.આની સાથે સુરેશભાઈ પોપટભાઈ સોલંકી મનીષાબેન સુરેશભાઈ સોલંકીએ હુમલામાં જોડાઈને લાકડીથી પત્ની અને માતાને એક-એક ઘા માર્યા હતા. આ ઉપરાંત, આરોપીઓએગાળો આપી હતી અને સુરેશભાઈના સાળાએ છરી બતાવી ધમકી આપી હતી. સવિતાબેન પોપટભાઈ સોલંકીએ ઘર બહાર આવીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે તમામ આરોપીઓએ વારાફરતી આવીને તેમને અને સાહેદોને ગંભીર ઈજાઓ પહોંચાડી અને ફ્રેક્ચર કરી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યો હતો.

સામા પક્ષે સુરેશભાઈ પોપટભાઈ સોલંકી (ઉ.વ. ૩૫) દ્વારા નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેમના બાળકો શેરીમાં રમતા હતા ત્યારે આરોપી કાળુભાઈ રાજુભાઈ ચાવડા પોતાની મોટરસાયકલ ફૂલ સ્પીડમાં ચલાવતા હતા. સુરેશભાઈ એ તેમને ઠપકો આપ્યો હતો. ત્યારબાદ ઘરે જઈ રહ્યા હતા ત્યારે આરોપી કાળુભાઈ ચાવડા, રાજુભાઈ ચાવડા, દિનેશભાઈ ચાવડા, ગદાભાઈ ચાવડા અને શાંતુબેન ચાવડાએ તેમને રોકીને લાકડી, લોખંડના પાઈપ, કૂહાડીથી હુમલો કર્યો હતો. જેમાં કેટલાકને માથામાં નાક પર અને પાંસળીમાં ગંભીર ઈજા થઈ હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે તમામ આરોપીઓએ વારાફરતી આવીને તેમને અને સાહેદોને ગંભીર ઈજાઓ પહોંચાડી અને ફ્રેક્ચર કરી ગાળો આપી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યો હતો.

# રાજકોટમાં પત્ની સાથે આડા સંબંધની શંકામાં 3 શખ્સો દ્વારા યુવકની હત્યા

## બે આરોપીની ધરપકડ, અન્ય એક આરોપી હજુ ફરાર

**રાજકોટ**

રાજકોટમાંથી બાપુનગર વિસ્તારના સ્લમ ક્વાર્ટરમાં ત્રણ શખસે મુસ્લિમ યુવાન સાથે ઝઘડો કરી તેની હત્યા કરી દીધી હતી. બનાવની જાણ થતાં પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. જોકે, ગણતરીના કલાકોમાં બે આરોપીને ઝડપી અન્ય એક ફરારને ઝડપી લેવામાં આવ્યા છે.

રાજકોટના બાપુનગર વિસ્તારમાં નીલકમલ ફર્નિચર પાસે સ્મશાન નજીક સોમવારે રાત્રે 9 વાગ્યાની આસપાસ જિલ્લા ગાર્ડન સ્લમ ક્વાર્ટરમાં રહેતા 20 વર્ષના જીશાન કાસવાણી સાથે અમન મહેબૂબ ચૌહાણ, અફઝલ સિકંદર જુણેજા અને એક અજાણ્યા શખસે ઝઘડો કર્યો હતો. આ ઝઘડામાં અસામાજિક તત્ત્વોએ જીશાનને ગળેટૂંપો દીધો અને બાદમાં પેટના ભાગે ચાકુના ઘા ઝીંકી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું અને બાદમાં મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તેમજ એલસીબી ઝોન-1 અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રાથમિક માહિતીમાં પ્રેમ પ્રકરણ હોવાનું સામે આવ્યું હતું. તપાસ બાદ પોલીસે ગણતરીના કલાકમાં બે આરોપીને પકડી લીધા અને અન્ય ફરાર આરોપીની શોધખોળ કરવામાં આવી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જીશાનનું આરોપી અમન ચૌહાણની પત્ની સાથે પ્રેમ સંબંધ હતાં. આરોપી અમનના 15 દિવસ પહેલાં જ લગ્ન થયા હતાં અને શંકાના આધારે તેની હત્યા કરી હોવાની આશંકા છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં બે તરૂણે દુષ્કર્મ આચરતા ધોરણ 5માં ભણતી વિદ્યાર્થિની ગર્ભવતી બની ગઈ

## બે આરોપીઓ પૈકી એકની ઉંમર 16, બીજાની 13 વર્ષઃ છાત્રાએ તરૂણનું નામ ન આપ્યું

**રાજકોટ**

રાજકોટમાં ધો.પમાં અભ્યાસ કરતી કિશોરી ઉપર બે તરૂણે દૂષ્કર્મ ગુજારી તેને ગર્ભવતી બનાવી દીધાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. બી-ડિવીઝન પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસે જણાવ્યું કે ભોગ બનનાર કિશોરીની ઉંમર ૧૨ વર્ષ છે. થોડા દિવસો પહેલાં તે માતા-પિતા સાથે મહારાષ્ટ્રમાં રહેતાં મામાના ઘરે વેકેશન કરવા ગઈ હતી. બીજા દિવસે તેના પેટમાં દુઃખાવો ઉપડતાં પરિવારજનો હોસ્પિટલ લઈ ગયા હતા. તે વખતે તબીબે તેના પેટમાં પાંચ માસનો ગર્ભ હોવાનું કહેતાં તેના માતા-પિતા ચોંકી ઉઠયા હતા.

તેમણે પુત્રીની પૂછપરછ કરતાં પાડોશમાં રહેતાં તરૂણનું નામ આપ્યું હતું. જેથી કિશોરીની માતાએ તે તરૂણ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મહારાષ્ટ્ર પોલીસે ૦ નંબરથી ફરિયાદ નોંધી બી-ડિવીઝન પોલીસ તરફ મોકલી આપી હતી. જેના આધારે પીઆઈ એસ.એસ. રાણેએ તપાસ શરૂ કરી હતી.

પોલીસે ભોગ બનનાર કિશોરીની પૂછપરછ કરતાં તેણે એક નહીં પરંતુ બે-બે તરૂણે તેની ઉપર દૂષ્કર્મ ગુજાર્યાનું જણાવ્યું હતું. જેમાંથી એક તરૂણની ઉંમર ૧૬ વર્ષ આસપાસ છે, જયારે બીજા તરૂણની ઉંમર ૧૩ વર્ષની આસપાસ છે. ૧૬ વર્ષનો તરૂણ ભોગ બનનાર કિશોરીનો નજીકનો સંબંધી છે.

# મોરબી દુર્ઘટના : કોર્ટે જયસુખ પટેલ સહિત 10ની ડિસ્ચાર્જ અરજી ફગાવી

**મોરબી**



મોરબી ઝુલતા પુલકાંડના આરોપી જયસુખ પટેલને સેશન્સ કોર્ટે ઝટકો આપ્યો છે. મોરબીની સેશન્સ કોર્ટે ઓરેવા ગ્રૂપના જયસુખ પટેલ સહિત તમામ આરોપીઓની ડિસ્ચાર્જ અરજી રદ કરી છે. નોંધનીય છે કે, આરોપીઓએ તેમની સામે નોંધાયેલી આઈપીસી કલમો હેઠળ ગુનો બનતો નથી તેવી દલીલ સાથે ડિસ્ચાર્જ અરજી દાખલ કરી હતી.

મળતી માહિતી અનુસાર, મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં બુધવારે (28મી એપ્રિલ) અરજીની સુનાવણી દરમિયાન સરકારી વકીલે કરેલી દલીલો અને રજૂ કરેલા વિવિધ કોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં લઈને કોર્ટે આ નિર્ણય લીધો છે.

મોરબીના મચ્છુ નદી પર આવેલા ઝુલતા પુલને રિપેર કરવાનો કોન્ટ્રાક્ટ ઓરેવા ગ્રુપના જયસુખ પટેલને આપવામાં આવ્યો હતો. પુલની મજબુતાઇ ચકાસ્યા વગર ઓરેવા ગ્રુપ દ્વારા આ બ્રિજને મુલાકાતીઓ માટે ખુલ્લો મુકી દેવામાં આવતા પુલ ધસી પડ્યો હતો અને આ ઘટનામાં 135 લોકોના મોત થયા હતા.

# અમરેલીમાં ડીઝલ ટેન્કર હાઈવે ઉપર પલટતાં બ્લાસ્ટ, ડ્રાઈવરનું કરુણ મોત

**રાજકોટ**

બાબરા-અમરેલી રોડ પર લુણકી ગામ નજીક ડીઝલ ટેન્કર પલટી જતાં તેમાં બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ બાદ ટેન્કરમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ડ્રાઈવર ભડથું થઈ જતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટનાની જાણ થતા બાબરા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી અને આગમાં લપેટાયેલા ટેન્કર પર પાણીનો મારો કર્યો હતો. 3 કલાકે આગ કાબૂમાં આવી હતી. ઘટનાની જાણ થતાં બાબરા પોલીસ પણ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

મળતી માહિતી અનુસાર રાજકોટથી અમરેલી તરફ જતું ડીઝલ ભરેલ ટેન્કર બાબરા નજીક પલ્ટી જતા તેમાં બ્લાસ્ટ થયો હતો જેના લીધે પ્રચંડ ધડાકાનો અવાજ સંભળાયો હતો. આ અવાજ દૂર દૂર સુધી સંભળાતા આસપાસના લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર ઘટનાને લઈ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમજ ઘટનાને લઈ લોકો પણ ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. હજુ ડ્રાઈવરની ઓળખ થઈ શકી નથી.

# હળવદ માર્કેટ યાર્ડની વેપારી પેઢીએ 10 કરોડનું ફૂલેકું ફેરવ્યું, હરાજી બંધ થતાં ખેડૂતો અટવાયા

**હળવદ**

હળવદ માર્કેટિંગ યાર્ડ મોખરાનું સ્થાન ધરાવે છે હળવદ તાલુકા ઉપરાંત આજુબાજુના લોકો પણ પોતાની જણસી વેચવા હળવદ માર્કેટિંગ યાર્ડમાં આવે છે ત્યારે સોમવારે માર્કેટિંગ યાર્ડ ખૂલતાની સાથે જ એક પેઢીએ વેપારીઓ કમિશન એજન્ટ ખેડૂતોઓ નું કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવયાના સમાચાર વાયુવેગે ફેલાતા વેપારી મિત્રો હરાજીનું કાર્ય મોકુફ રાખી માર્કેટીંગ યાર્ડની ઓફિસ ખાતે રજૂઆત કરવા દોડી ગયા હતા, હરરાજી કાર્ય થી અળગા રહ્યા હતા.

અહીંની વેપારી પેઢીનું ઉઠમણું થતાં વેપારીઓ કમિશન એજન્ટ ખેડૂતોઓ નું કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવતા હરાજી બંધ કરી તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવા ઓફીસમાં રજૂઆત કરવા દોડી આવ્યા હતા. ખેડૂતોનો માલ યાર્ડમાં હરાજી બંધ રહેતા અટવાયો હતો.ગામડા માંથી આવેલ ખેડુતો ઓ ધરમધકકો ખાવો પડયો હતો. હજુ સુધી પોલીસ ફરિયાદ દાખલ થઈ નથી. એક પેઢી દ્વારા કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવતા વેપારી કમિશન એજન્ટ અને ખેડૂતોઓને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો હતો. આ ફૂલેકામાં માર્કેટિંગ યાર્ડ ની દુકાનનું કેટલું છે? વેપારીનું કેટલું છે ? બહારનું એટલે કે ગામાડાનુ કેટલું છે? વેપારીનું પોતાનું કેટલું છે તે તો આગામી દિવસમાં ફરીયાદ થાય પછી સાચી ખબર પડશે. માર્કેટીંગ યાર્ડના ચેરમેને જણાવ્યું હતું કે યાર્ડના ડિરેક્ટર સાથે બેઠક કરી આ બાબતે નિર્ણય લેવા આવશે. યાર્ડ હંમેશા વેપારી અને ખેડૂતોઓના હીત માટે હરહંમેશ સાથેજ રહેશે.

# પોરબંદરમાં કાંધલ જાડેજાના કાકીની ધરપકડ પૈસાની લેતી-દેતી અને અપહરણ બાબતે ગુનો

## ઈઝરાયલની મહિલાના અપહરણના આરોપ બાદ પોલીસે કાર્યવાહી કરી

**અમદાવાદ**

પોરબંદરના પૂર્વ ધારાસભ્ય હીરા મુંજા જાડેનાની પત્ની અને ધારાસભ્ય કાંધલ જાડેજાના કાકી હીરલબા જાડેજાની ધરપકડ કરવામાં આવી છે.

મૂળ પોરબંદર અને હાલ ઈઝરાયલમાં રહેતી એક મહિલાનો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં લીલુ ઉડેદરા નામની આ મહિલાએ હીરલબા પર પૈસાની ઉઘરાણીનો આરોપ લગાવ્યો છે. જેમાં તેણે કહ્યું હતું કે, 'મારા ઘરના અત્યારે ખૂબ જ મુશ્કેલીમાં છે. મારા ઘરના લોકોની 15-17 દિવસ પહેલાં રાત્રે બે વાગ્યે હીરલબાના માણસો પૈસાના વહીવટ બાબતે લઈ ગયા છે અને ત્યાં ગોંધી રાખ્યા છે. મારા પર એક કરોડ લીધાનો દાવો કરે છે. મેં તેની પાસેથી કોઈ એક કરોડ લીધા નથી. તે લોકો મારા ઘરના પણ નથી છોડતા. મને એવું કહે છે કે, પૈસાનો બંદોબસ્ત કર તો જ ઘરના બચી શકશે. મેં બધાયના હાથ-પગ જોડી લીધા છે. તેમ છતાં કોઈને છોડતા નથી. મારા ઘરનાને બચાવો...'

મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, આ ગીતાબાએ મારા પતિ ભનાભાઈ ઓડેદરા, જમાઈ તેમજ દીકરા રણજીતનનું અપહરણ કરાવ્યું છે. સમગ્ર ઘટના સામે આવ્યા બાદ પોલીસે અપહરણ, જમીન-પ્લોટ, દાગીના આપી દેવા દબાણ, જામથી મારી નાંખવાની ધમકી, પૈસા કઢાવવા માટે ગોંધી રાખવા મામલે ગુનો દાખલ કરી હીરલબા જાડેજાની ધરપકડ કરી છે.

# જૂનાગઢમાં મેગા ડિમોલિશન, 50 કરોડની 16000 ચોરસ મીટરની જમીન ખુલ્લી કરાઇ

**જૂનાગઢ**

અમદાવાદના ચંડોળા તળાવ ખાતે બાંગ્લાદેશી નાગરિકો દ્વારા બનાવવામાં આવેલા બે હજાર ઝૂંપડા 150 ગેરકાયદે દબાણ સહિત 2150 ગેરકાયદે દબાણ દુર કર્યા હતા. 60 ટકા કામગીરી પુરી કરાયા બાદ ફરીથી ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાશે. તો બીજી તરફ આજે (બુધવાર) વહેલી સવારથી જૂનાગઢના ધારગઢ દરવાજા વિસ્તારમાં તંત્ર દ્વારા મેગા ડિમોલિશન કાર્યવાહી હાથ ધરાઈ છે. 3 ડીવાયએસપી, 9 PI, 26 PSI સહિત 260થી વધુનો પોલીસનો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. જુનાગઢના ધારગઢમાં 100થી વધુ ગેરકાયદે બાંધકામોને તોડી પાડવામાં આવશે. પ્રથમ તબક્કાની ડિમોલિશનની કાર્યવાહીમાં 50 કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી છે. 16 હજાર ચોરસ મીટરમાં ડિમોલિશનની કાર્યવાહી કરાઈ છે. આ કાર્યવાહીમાં 10 ટ્રેકટર અને 10 જેસીબીની મદદ લેવાઈ હતી.

પ્રાંત અધિકારી એસડીએમ ચરણસિંહ ગોહિલના જણાવ્યા અનુસાર દબાણકારો પાસે કોઈપણ પ્રકારના આધાર-પુરાવા ન હતા અને તેમને કલમ 61ની નોટીસ અને 202 અંતગર્ત કાર્યવાહી કરવામાં આવી છે. આ દરમિયાન ડ્રોન દ્વારા સ્થળ નિરિક્ષણ પણ કરવામાં આવ્યું હતું.

# ભુજ-મુંબઈ વચ્ચે વધુ એક ફ્લાઈટને મળી મંજૂરી, 10 મેથી થશે પ્રારંભ થશે

**ભુજ**

ભુજથી મુંબઈ સુધી મોટી સંખ્યામાં લોકોની અવજ-જવર રહે છે, ત્યારે ભુજથી મુંબઈ અને વિદેશ જતા મુસાફરો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હાલ ભુજથી સવારના સમયે બે ફ્લાઈટ છે, ત્યારે બપોરના સમયે વધુ એક ફ્લાઈટ શરૂ કરવાને લઈને સ્થાનિકો અને કચ્છના સાંસદ દ્વારા રજૂઆતો કરાઈ હતી. તેને પગલે એર ઈન્ડિયાની વધુ એક ફ્લાઈટને મંજૂરી મળી છે. હવે આગામી 10 મેથી બપોરે વધુ એક ફ્લાઈટ શરૂ થવા જઈ રહી છે. ભુજ-મુંબઈ વચ્ચે સવારે બે વિમાન સેવા કાર્યરત છે. આ ફ્લાઈટોને સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. જો કે, આ બંને ફ્લાઈટ સવારના સમયે હોવાથી બપોરના સમયે ત્રીજી વિમાની સેવા શરૂ કરવાને લઈને મુસાફરોની માગ હતી.

# રાપરના ખેતરમાં યુવક-યુવતીએ સજોડે ગળેફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર

**ભુજ**

લગ્ન બાહ્ય સંબંધોના કરૂણ અંજામ આવતા હોય છે તો ક્યારેક આવા સંબંધો ગુનાખોરી સીમાવર્તી રાપર તાલુકાના અમરાપર ગામમાં પરિવાર સાથે રહેતા પરિણીત એવા કાનજી દેવા કોળી (ઉ.વ.૩૦) અને જમનાબેન ખેતા કોળી (ઉ.વ.૧૯)એ પલાંસવાના એક ખેતરમાં જઈને સજોડે ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભરી લેતાં સમગ્ર પંથકમાં ગમગીની સાથે ચકચાર પ્રસરી હતી.


રાપરના પી.આઈ.જે.એમ.વાડાએ બનાવ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પરિણીત કાનજી કોળી ગામમાં એકલવાયું જીવન જીવતો હતો, અને ૧૯ વર્ષની જમના કોળીના ટૂંક સમયમાં લગ્ન થવાના હતા.

યુવક અને યુવતી ગત ૨૬મી એપ્રિલની રાત્રિથી જ ગાયબ થઈ જતાં ચિંતિત પરિવારજનોએ વ્યાપક શોધખોળ આદરી હતી. આ દરમ્યાન નજીકના પલાંસવા ગામના પાદરે આવેલા નોંઘા માળીના ખેતરમાં એક વૃક્ષ પરથી બંનેના એકજ દોરડાંમાં લટકતા મૃતદેહો મળી આવ્યા હતા. આ કરુણ બનાવ પાછળ પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે તેમ પી.આઈ. જે.એમ.વાડાએ ઉમેર્યું હતું.

# મોરબીના કોલસાના વેપારીઓના 600 કરોડ ફસાયા: યાદી તૈયાર

**મોરબી**

મોરબી સહિત ગુજરાતમાં ઘણા ઉદ્યોગ ધંધા ઉધારીમાં કરવામાં આવતા હોય છે. પરંતુ છેલ્લા સમયગાળામાં મંદી સહિતની મુશ્કેલીઓના કારણે ઉધારમાં માલ આપનારા વેપારીઓના પૈસા સમયસર આવતા નથી જેથી તેઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે આવા સમયે મોરબી કોલ એસો.ના સભ્યો દ્વારા લાંબા સમય સુધી ઉધારીના પૈસા ન આપતા ઉદ્યોગકારોને કોલસાની સપ્લાય બંધ કરાશે અને આટલું જ નહીં તેનું હિટ લિસ્ટ બનાવીને ઉધારીના 600 કરોડ રૂપિયા નહીં આપનારાઓના નામ પણ જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છના મુન્દ્રા અને કંડલા પોર્ટ ઉપર ઈન્ડોનેશિયા કોલ (કોલસો) આવે છે અને ત્યાંથી મોરબીના કોલસાના વેપારીઓ દ્વારા માલની ખરીદી કરવામાં આવે છે. અને ત્યાર બાદ ગુજરાતના જુદા જુદા શહેરમાં સપ્લાય કરવામાં આવે છે.



## શાહરુખ ખાન 18મી મેથી કિંગનું શૂટિંગ શરુ કરશે


મુંબઇ : શાહરુખ ખાનની ફિલ્મ ‘ કિંગ ’નાં શૂટિંગમાં  સ્ક્રિપ્ટમાં કેટલાક ફેરફારોને કારણે વિલંબ થયો હતો. હવે આગામી તા. ૧૮મી મેથી આ ફિલ્મનું શૂટિંગ શરુ થશે એવી ચર્ચા છે. શાહરૂખ ખાન  દીકરી સુહાનાની કેરિયર આગળ વધારવા માટે આ ફિલ્મ બનાવી રહ્યો છે. ફિલ્મમાં દીપિકા પદુકોણ સુહાનાની માતાના ટૂંકા રોલમાં જોવા મળશે. જોકે, દીપિકા આગામી ઓક્ટોબરમાં તેના પાર્ટનું શૂટિંગ શરુ કરશે તેમ જાણવા મળે છે. શાહરૂખનો પહેલાંથી આગ્રહ હતો કે  તેની સાથે ફિલ્મમાં દીપિકા પદુકોણ હોવી જોઇએ.


# સ્વદેશ

09

FRIDAY, 02 MAY, 2025


## આમિરને ગુરુ નાનકદેવના રોલમાં દર્શાવતું નકલી પોસ્ટર વાયરલ



મુંબઇ : આમિર ખાનને  ગુરુ નાનક દેવના ગેટઅપમાં દર્શાવતું એક પોસ્ટર સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ અભિનેતાના ચાહકો મૂંઝવણમાં પડી ગયા હતા. પોસ્ટર સાથે એવો દાવો કરાયો હતો કે આમિર આ ફિલ્મ કરી રહ્યો છે. જોકે આમિરની ટીમે સ્પષ્ટતા કરી હતી કે આ પોસ્ટર કોઈએ એઆઈથી બનાવ્યું છે અને તે નકલી છે. આમિર આવો કોઈ પ્રોજેક્ટ કરી રહ્યો નથી. આમિર ક્યારેય કોઈ ધર્મનો અનાદર થાય તેવું કશું કરશે નહીં.  આમિર એઆઈ દ્વારા ફેક પોસ્ટનો શિકાર બન્યો હોય તેવો આ બીજો કિસ્સો છે.  અગાઉ લોકસભા ચૂંટણી વખતે પણ આમિરના નામે એક નકલી વીડિયો વાયરલ કરાયો હતો.

### ફ્લાઈટમાં બોર્ડિંગ કરવા માટે બે હાથ જોડીને રડી પડી

## મૌની રોયને હીથ્રો એરપોર્ટ પર કડવો અનુભવ થયો



મુંબઈ : મૌની રોયની આગામી ફિલ્મ “ભૂતની” પહેલી મેના રોજ રિલીઝ થઈ રહી છે. ફિલ્મની રિલીઝ પૂર્વે મૌની પોતાની ટીમ સાથે ઈંગ્લેન્ડથી ભારત પરત ફરી રહી હતી ત્યારે હીથ્રો એરપોર્ટ પર તેને ખૂબ કડવો અનુભવ થયો હતો. બ્રિટિશ એરવેઝના સ્ટાફ દ્વારા ઉદ્ધત વર્તન અંગે ફરિયાદ કરતા મૌનીએ કહ્યુ હતું કે, ફલાઈટ-માં બોર્ડિંગ કરવા માટે પણ બે હાથ જોડીને રડી પડી હતી. મૌની રોય અને તેની ટીમના કેટલાક સભ્યો ૧૧ કલાકની મુસાફરી કરીને હીથ્રો એરપોર્ટ પહોંચ્યા હતા. તેની ટીમના અન્ય સભ્યોની ફલાઈટ અલગ હતી. તેથી મૌનીએ ફરજ પરના અધિકારીને ટીમના ચાર સભ્યોને પોતાની જ ફલાઈટમાં ટિકિટ આપવા વિનંતી કરી હતી. મૌનીએ એક્સ્ટ્રા પેમેન્ટની તૈયારી બતાવી હતી, પરંતુ ફરજ પરના મુસ્લિમ માણસે તોછડાઈથી વાત કરી હતી અને મૌનીનો ફલાઈટમાં જવાનો વિચાર છે કે નહીં? તેમ કહી ઉતારી પાડી હતી. મૌનીએ એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટમાં જણાવ્યુ હતું કે, નજીકમાં ઊભેલી મહિલાઓમાંથી કોઈએ અમને સપોર્ટ કર્યો ન હોતો. જો કે તેમના કારણે જ ફલાઈટમાં બોર્ડ કરી શક્યા હતા તેવુ મને લાગે છે. પેલા ભયંકર માણસના હાથાં હોત તો અમારી ફલાઈટ મિસ થઈ જાત અને તે ખુશ થઈને હસતો હોત. આ મામલે કાર્યવાહી થવી જોઈએ.

મહિલાઓ માટે અને અન્ય દેશના લોકો માટે, જેઓ સોશિયલ મીડિયા પર નથી, તેમના માટે પણ આ બાબત ધ્યાને લેવાવી જોઈએ. મૌનીએ પોતાની આ પોસ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ટેગ કરી હતી. મૌનીએ વધુમાં જણાવ્યુ હતું કે, ફલાઈટમાં બોર્ડિંગ કરવા માટે તેને આજીજીઓ કરવાની ફરજ પડી હતી અને નિ:રાશ થઈને તે રડી પડી હતી. પોતાની અને ટીમને સાથે ગેરવર્તણૂક કરનારા કર્મચારી સામે આકરા પલગા લેવાની માગણી મૌનીએ કરી હતી. મૌનીએ હીથ્રો એરપોર્ટ અને બ્રિટિશ એરવેઝને સંબોધીને કહ્યુ હતું કે, દરેક વ્યક્તિને સમાનતાથી જોનારા માણસને નોકરી પર રાખવા જોઈએ.

## આંધ્ર પ્રદેશમાં સામંથાના એક ચાહકે તેનું મંદિર બનાવ્યું




મુંબઈ : સામંથા રુથ પ્રભુના એક ચાહકે આંધ્ર પ્રદેશના બાપટલા ખાતે તેનું મંદિર બનાવ્યું છે. તેનાલી સંદિપ નામના આ ચાહકે મંદિરમાં સામંથાનો ૩૮મો જન્મદિવસ મનાવ્યો હતો. આ મંદિરને સામંથાનાં મંદિર તરીકે ઓળખ આપવામાં આવી છે. મંદિરમાં સામંથાની બે પ્રતિમા રાખવામાં આવી છે. જેમાંની એક થોડી મોટી છે, જેને મંદિરના કેન્દ્રમાં રાખવામાં આવી છે. મંદિરને તેના જન્મદિવસે ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. પ્રશંસકે બાળકો સાથે કેક કાપીને તેમજ તેમને ભોજન આપીને પોતાની ખાસ અભિનેત્રીનો જન્મદિવસ મનાવ્યો હતો. તેણે પોતાના જન્મદિવસે અનાથઆશ્રમમમાં ભોજનનું આયોજન પણ કર્યુ ંહતું. મંદિરને જન્મદિવસના દિવસે ફૂલોથી સજાવામાં આવ્યું હતું. તેમજ બપોરના ભોજનનું પણ આયોજન કરવામાંઆવ્યું હતું. અભિનેત્રીના  ચાહકે મીડિયાને જણાવ્યું હતું કે, હું સામંથાના દરેક જન્મદવિસે કેક કાપીને અનાથ આશ્રમના બાળકોને ખવડાવુ છું.  તે છેલ્લા ત્રણ વરસથી સામંથાનો જન્મદિવસ આ રીતે જ ઊજવી રહ્યો છે.

## કાર્તિક આર્યન અને ક્રિતી સેનન વધુ એક રોમાન્ટિક ફિલ્મમાં સાથે દેખાશે

મુંબઈ: કાર્તિક આર્યન અને ક્રિતી સેનન ફરી એક રોમાન્ટિક ફિલ્મમાં સાથે જોવા મળે તેવી શક્યતા છે. લક્ષ્મણ ઉત્તેકરે અગાઉ તેમને લઈને ‘લૂકાછૂપી ‘ ફિલ્મ બનાવી હતી. હવે ઉત્તેકર ફરી તેમને એક રોમાન્ટિક ફિલ્મમાં સાથે કાસ્ટ કરી રહ્યા છે.

આ ફિલ્મની સ્ક્રિપ્ટ હાલ લખાઈ રહી છે. જોકે, તેનું શૂટિંગ આવતાં વર્ષે જ શરુ થઈ શકે તેમ છે. કાર્તિક આર્યન હાલ ‘નાગઝિલ્લા’ તથા અન્ય ફિલ્મોનાં શૂટિંગમાં વ્યસ્ત થઈ ગયો છે. બીજી તરફ ક્રિતી સેનન પણ રણવીર સિંહ સાથેની ‘ડોન’ ફિલ્મની હોડમાં છે અને તે આ રોલ મેળવવામાં સફળ થશે તો આગામી કેટલાક મહિનાઓ સુધી તે ડેટ્સ આપી શકશે નહિ. જોકે,લક્ષ્મણ ઉત્તેકરની જ ફિલ્મ ‘મીમી’ થકી ક્રિતી સેનનને  નેશનલ એવોર્ડ મળ્યો હતો આથી તે ઉત્તેકરની અન્ય એક ફિલ્મ કોઈપણ ભોગે છોડવા પણ ઈચ્છતી નથી.



## એકતા કપૂર પોતાની આગામી ફિલ્મ માટે તમન્ના ભાટીયાના સંપર્કમાં



મુંબઇ : એકતા કપૂરની આગામી ફિલ્મમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટીયાની જોડી જોવા મળે તેવી શક્યતા છે. આ ફિલ્મ એક હિસ્ટોરિકલ ડ્રામા હશે. એકતા કપૂરની આ ફિલ્મનું શીર્ષક વન છે જેને દીપક મિશ્રા દિગ્દર્શન કરવાનો છે. ફિલ્મ માટે જંગલનો પણ એક મોટો સેટ બનાવવામાં આવ્યો છે. હાલ એકતા અને અભિનેત્રી વાતચીત કરી રહ્યા છે. એકતા આ ફિલ્મનું શૂટિંગ જુન મહિનામાં શરૂ કરવાની યોજના બનાવી રહી છે.

તમન્ના ભાટીયા પાસે હાલ નો એન્ટ્રી ટુ અને રેન્જર જેવી ફિલ્મો છે. હવે તે એકતા કપૂરની ફિલ્મ માટે વાતચીત તરી રહી છે.

આફિલ્મને અલગ-અલગ લોકેશન પર શૂટ કરવામાં આવશે. ફિલ્મના વન શીર્ષક પરથી જંગલનો સેટ પણ તૈયાર કરવામાંઆવ્યો છે. એકતા કપૂરે આ ફિલ્મ વિશેની મોટા ભાગની માહિતી ગુપ્ત રાખી છે.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)

+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## પત્ની અને દીકરાને મોતને ઘાટ ઉતારી હર્ષવર્ધને આપઘાત કરી લીધો

# ટેકનોક્રેટ કિક્કેરીના ઘાતકી પગલાં સાથે ભેદ ભરમ

પ્રાસંગિક
ધવલ શુક્લ

વોશિંગ્ટનમાં 24મી એપ્રિલના રોજ ભારતીય ટેક કંપનીના સીઈઓ હર્ષવર્ધન કિક્કેરીએ પત્ની શ્વેતા પન્યામ અને દીકરા ધ્રુવની હત્યા કરીને પોતે આપઘાત કરી લીધો. આ ઘટનાએ આખા અમેરિકા અને ભારતમાં ખળભળાટ મચાવ્યો છે. ૪૫ વર્ષના હર્ષવર્ધન કિક્કેરી સફળ ટેકનોક્રેટ હતા અને હોલોવર્લ્ડના સીઈઓ હતા. કિક્કેરીનાં પત્ની શ્વેતા પન્યામ ૪૧ વર્ષનાં અને ટેકનોક્રેટ છે. હોલોવર્લ્ડ કંપનીનાં કો-ફાઉન્ડર શ્વેતા પણ કિક્કેરીની સફળતામાં પૂરેપૂરાં સહભાગી હતાં. જ્યારે તેમનો દીકરો ધ્રુવ તો માત્ર ૧૪ વર્ષનો હતો. હર્ષવર્ધન અને શ્વેતાને ૭ વર્ષનો બીજો પણ એક દીકરો છે. ઘટના બની ત્યારે બીજો દીકરો ઘરે નહોતો, તેથી બચી ગયો. બાકી આખો પરિવાર સાફ થઈ ગયો હોત. હર્ષવર્ધન મૂળ કર્ણાટકના માંડ્યા જિલ્લાના રહેવાસી હતા. તેઓ મૈસુરમાં રોબોટિક્સ કંપની હોલોવર્લ્ડના સ્થાપક અને સીઈઓ હતા. તેમની પત્ની કંપનીના સહ-સ્થાપક હતા. છેલ્લા દોઢ વર્ષમાં અમેરિકામાં અત્યંત સફળ ટેકનોક્રેટ કમ બિઝનેસમેને પરિવારનાં લોકોની હત્યા કરીને પોતે પણ આપઘાત કરી લીધો હોય એવી આ ત્રીજી ઘટના છે.

2024માં જાન્યુઆરીમાં રાકેશ કમલ નામના મૂળ ભારતીય ધનિકે પોતાની પત્ની ટીના અને ૧૮ વર્ષની દીકરી અરિયાનાની હત્યા કરીને પોતે જીવતર ટુંકાવી લીધું હતુ. કમલ પરિવારના સભ્યોના મોતનું રહસ્ય ઉકેલાયું પણ ન હતુ ત્યાં વધુ એક ધનિક ભારતીય ટેકનોક્રેટ આનંદ સુજીત હેન્રીના પરિવારનું રહસ્યમય રીતે મોત થયું હતુ. લોજિટ્સ નામની કંપનીનો માલિક ૪૨ વર્ષનો આનંદ તેની ૪૦ વર્ષીય પત્ની એલિસ બેન્ઝીગર અને જોડિયા દીકરા નોઆહ અને નેથન સાથે કેલિફોર્નિયાના સાન માતેયોમાં આલિશાન ઘરમાં રહેતો હતો. 2024માં ફેબ્રુઆરીમાં પરિવારનાં ચારેય લોકોના મૃતદેહ તેમના ઘરમાંથી મળ્યા હતા. આ બંને કેસોમાં રહસ્ય હજી બહાર આવે તે પહેલાં હર્ષવર્ધન કિક્કેરીના પરિવારનું રહસ્યમય રીતે મોત થઈ ગયું. કમલ, હેન્રી અને કિક્કેરી પરિવારના મોતમાં ઘણી સામ્યતાઓ છે. ત્રણેય ઘટનામાં ભોગ બનેલો પરિવાર બહારથી અત્યંત સુખી હતો અને સફળ હતો. આમ છતાં પરિવારના મોભીએ પરિવારના સભ્યોના મોતને ઘાટ ઉતારી દઈ આપઘાત કરી લીધો. હત્યા પણ તેમણે લગભગ સરખી રીતે જ કરી છે. કેમ કે ત્રણેય હત્યામાં પિસ્તોલનો ઉપયોગ થયો છે. હવે આ સુખી અને સાધનસંપન્ન પરિવારમાં ઘરના મોભીને આ પ્રકારનું અંતિમ પગલું કેમ ભરવું પડ્યું તે સૌથી મોટા પ્રશ્ન છે.



કર્ણાટકના હર્ષવર્ધને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરીને બનાવેલો હોલોસ્યુટ ક્રાંતિકારી શોધ મનાય છે. હોલોસુટ ફુલ-બોડી મોશન કેપ્ચર સૂટ છે કે તે વર્ચ્યુઅલ ટ્રેનર તરીકે કામ કરે છે. ફુલ-બોડી મોશન કેપ્ચર સૂટ અને વર્ચ્યુઅલ ટ્રેનર એવો હોલોસૂટ સ્પોર્ટ્સ, શિક્ષણથી માંડીને હેલ્થકેર સુધીના અનેક ક્ષેત્રોમાં ઉપયોગી છે. યુએસ, યુકે અને ઈઝરાયલ સહિત અનેક દેશોમાં તેની નિકાસ થાય છે.

હોલોસૂટ પહેલાં પણ કિક્કેરી સફળ હતા. તેમની કંપની હોલોવર્લ્ડ રોબોટિક ફિલ્ડમાં વિશ્વની ટોપ કંપનીઓમાં એક છે. કર્ણાટકના કિક્કેરી ગામમાં જન્મેલા ઈનોવેટર હર્ષવર્ધન કિક્કેરીના પિતા કર્ણાટકમાં જાણીતા ભાષાવિદ છે. હર્ષવર્ધન મૈસુર અને પછી યુએસમાં ભણેલા છે. સિરાક્યુઝ યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર્સ કર્યા પછી માઈક્રોસોફ્ટમાં કામ કર્યુ હતુ.

કિક્કેરીને માઈક્રોસોફ્ટમાં કામ કરતી વખતે રોબોટિક્સમા રસ પડતાં તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ. ૨૦૧૭માં કિક્કેરી ભારત પાછા આવી ગયા અને મૈસુરૂમાં હોલોવર્લ્ડ કંપનીની સ્થાપના કરી હતી. આ કંપની સફળ થતાં કિક્કેરીએ એઆઈ બેઝ્ડ પ્રોડક્ટ્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ. કિક્કેરીનું રોબોટિક્સમાં એટલું મોટું નામ હતું કે, કિક્કેરી ભારતમાં હતા, ત્યારે વડા પ્રધાન નરન્દ્ર મોદીએ પણ તેમને મળવા બોલાવ્યા હતા. ભારતની પાકિસ્તાન અને ચીન સાથેની સરહદે સુરક્ષાને મજબૂત બનાવવા માટે કિક્કેરીએ રોબોટિક સોલ્યુશન્સના ઉપયોગની દરખાસ્ત મોદી સમક્ષ મૂકી હતી. આ દરખાસ્ત અંગે પછી કશું ના થતાં ૨૦૨૨માં કિક્કેરી અને તેમનો પરિવાર ફરી યુએસ જતો રહ્યો હતો. ત્યારબાદ યુએસમા તેની સફળતાનો સિલસિલો ચાલુ રહ્યો અને હોલોસૂટના કારણે બિઝનેસ પણ ધમધોકાર ચાલતો હતો. કિક્કેરીના નામે ૪૪ આંતરરાષ્ટ્રીય પેટન્ટ હતી. મોટાભાગની પેટન્ટ રોબોટિક્સને લગતી હોવાથી તેને રોયલ્ટીની પણ જોરદાર કમાણી હતી. બે દીકરા અને પત્ની સાથે હર્ષવર્ધન અમેરિકામાં શાંતિથી જીવતા હતા, જ્યારે તેમનાં માતા-પિતા ભારતમાં હતાં. હર્ષવર્ધનને એક ભાઈ છે અને તે અમેરિકામાં સેટલ છે, એટલે પારિવારિક સમસ્યા હોવાની શક્યતા નહિવત છે. એટલું જ નહીં, ઘરકંકાસની વાતો પણ સાંભળવા મળી ન હતી. પરિવારના સભ્યોના અપમૃત્યની ઘટના બાદ સ્થળ પર પહોંચેલી પોલીસને તેના પડોશીઓએ એવું નિવેદન નોંધાવ્યું હતુ કે, આખો પરિવાર ખૂબ જ મૈત્રીપૂર્ણ હતો. આવા સંજોગોમાં હર્ષવર્ધનને આ પ્રકારનું કૃત્ય કેમ કરવું પડ્યું તેનો સવાલ સૌથી મોટો છે. એટલે હર્ષવર્ધન અને તેના પરિવારના અપમૃત્યુના રહસ્ય પરથી પરદો ઉઠવો જોઈએ.

આ અગાઉ રાકેશ કમલ અને તેમના પરિવારના રહસ્યમય મોતે અમેરિકામાં ભારે ઉત્તેજના ઉભી કરી હતી. પણ તેના મોતનું રહસ્ય કદી ઉકેલાયું નથી. રાકેશ કમલ ઉર્ફે રિક બોસ્ટન યુનિવર્સિટી, મેશેશ્યુએટ્સ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી) સ્લોઅન સ્કૂલ ઓફ મેનેટમેન્ટ અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ભણેલા હતા. જ્યારે તેમનાં પત્ની ટીના દિલ્હી યુનિવર્સિટીમાં અને પછી હાર્વર્ડમાં ભણેલાં હતાં. બંનેએ અમેરિકાની ટોચની કંપનીઓમાં નોકરી કર્યા પછી એડયુનોવા નામે એડ-ટેક કંપની શરૂ કરી હતી. તેમની દીકરી અરિયાના મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી હતી. રાકેશ કમલ ધનિક હતા. પણ તેમના માથે ભારે દેવું થઈ ગયુ હતું. રાકેશે ૨૦૧૯માં ૫૪.૫ લાખ ડોલરમાં ૧૧ બેડરૂમનું આલિશાન ઘર ખરીદ્યું ત્યારે ભારે ચર્ચા થઈ હતી. ૨૦૨૨માં આ ઘર વિલસનડેલ એસોસિએટ્સ એલએલસીને ૩૦ લાખ ડોલરમાં વેચી દીધુ હતુ. આ વખતે રાકેશને ૨૪ લાખ ડોલરની ખોટ ગઈ હતી. તેના કારણે પરિવાર આર્થિક ભીંસમાં હતો એ સ્પષ્ટ છે.

રાકેશનાં પત્ની ટીનાએ પણ દેવું ના ભરી શકતાં નાદારી નોંધાવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. ટીના કમલે પોતાના માથે ૧૦ લાખ ડોલરથી માંડીને ૧ કરોડ ડોલર સુધીનું દેવું હોવાનો એકરાર કોર્ટમા કરેલી અરજીમાં કર્યો હતો. અમેરિકામાં બનેલી અન્ય એક ઘટનામાં ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં ધનિક ભારતીય આનંદ સુજીત હેન્રીના પરિવારનું રહસ્યમય રીતે મોત થયું હતુ. આ કેસમાં પણ પોલીસ કોઈ નિષ્કર્ષ પર આવી શકી નથી. ૪૨ વર્ષનો આનંદ તેની ૪૦ વર્ષીય પત્ની એલિસ બેન્ઝીગર અને જોડિયા દીકરા નોઆહ અને નેથન સાથે કેલિફોર્નિયાના સાન માતેયોમાં આલિશાન ઘરમાં રહેતો હતો. લોજિટ્સ નામની કંપનીનો માલિક આનંદ અને એલિસ કેરળના કોલ્લમનાં હતાં અને ૧૦ વર્ષ પહેલાં અમેરિકા ગયાં હતાં. બંને આઈટી ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલાં હતાં અને સફળ કારકિર્દી ધરાવતાં હતાં. ગુગલમાં સોફ્ટવેર એન્જીનિયરિંગ મેનેજર તરીકે ૭ વર્ષ સુધી કામ કર્યા પછી ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં આનંદ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, થ્રેડ્સ અને વોટ્સએપ સહિતનાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મની માલિક મેટામાં જોડાયો હતો.

**કર્ણાટકમાં રોબોટિક્સ કંપની હોલોવર્લ્ડ હોલોસ્યુટની શોધને કારણે ભારે ચર્ચામાં રહેલા કિક્કેરીએ પત્ની-પુત્રની હત્યા કરી પોતે જીવન ટૂંકાવતાં અનેક સવાલો ઉઠયા છે. હર્ષવર્ધને એઆઈનો ઉપયોગ કરીને બનાવેલો હોલોસ્યુટ ક્રાંતિકારી શોધ મનાય છે**

# કેનેડામાં ચોથી વખત લિબરલને સત્તા

# સામાન્ય ચૂંટણીમાં 343માંથી 169 બેઠક પર જીત

## ટ્રૂડોની પાર્ટીના કાર્ની બનશે કેનેડાના PM, કન્ઝર્વેટિવ પાર્ટી ફક્ત 144 બેઠક જીતવામાં સફળ રહી

ટોરોન્ટો : કેનેડાની સામાન્ય ચૂંટણીમાં લિબરલ પાર્ટીએ 343માંથી 169 બેઠક જીતી હતી. આ આંકડો બહુમતીની 172ની સંખ્યા કરતા માત્ર 3 ઓછો છે. ચૂંટણીના પરિણામ સાથે જ કેનેડામાં લિબરલ પાર્ટીના માર્ક કાર્ની વડા પ્રધાન રહેશે તે નક્કી થઈ ગયું છે. આ ચૂંટણીમાં લિબરલની મુખ્ય હરીફ કન્ઝર્વેટિવ પાર્ટી ફક્ત 144 બેઠક જીતવામાં સફળ રહી છે. પાર્ટીના નેતા પિયર પોઈલીવરને પોતાની બેઠક પર જ પછડાટ ખાવી પડી હતી. તેઓ લિબરલ પાર્ટીના ઉમેદવાર સામે હારી ગયા હતા. લિબરલ પાર્ટીની જીત બાદ તેને ચોથી વખત સત્તામાં રહેવાની તક મળી છે. આ પાર્ટી માટે ખૂબ જ મોટો જનાદેશ છે. કારણ કે, બે મહિના પહેલા સુધી પાર્ટીની જીતની શક્યતાઓ ખૂબ ઓછી હતી. પાર્ટીને લોકપ્રિયતા રેટિંગમાં માત્ર 25% પોઈન્ટ મળ્યા હતા. જોકે કેનેડામાં ઓક્ટોબર 2025માં ચૂંટણીઓ સત્તાવાર રીતે યોજાવાની હતી, પરંતુ વડા પ્રધાન માર્ક કાર્નીએ ગયા મહિને નવી ચૂંટણીઓની જાહેરાત કરતા કહ્યું હતું કે ટ્રમ્પનો સામનો કરવા માટે તેમને મજબૂત જનાદેશની જરૂર છે.




2015થી કેનેડાના વડા પ્રધાન રહેલા જસ્ટિન ટ્રુડોએ આ વર્ષની શરૂઆતમાં પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું, ત્યારબાદ માર્ક કાર્ની નવા વડા પ્રધાન તરીકે ચૂંટાયા હતા. કેનેડામાં, વડા પ્રધાનનો કાર્યકાળ સામાન્ય રીતે 4 વર્ષ અને વધુમાં વધુ 5 વર્ષનો હોય છે, પરંતુ જો બહુમતી ગુમાવી દેવામાં આવે અથવા જો વડા પ્રધાન ઈચ્છે તો, તેઓ સમય પહેલાં સંસદ ભંગ કરી શકે છે અને નવી ચૂંટણીઓની જાહેરાત કરી શકે છે. કાર્નીએ બસ એ જ કર્યું. લિબરલ પાર્ટીને 189 બેઠક મળવાની આગાહી કરવામાં આવી હતી.

## NDP નેતા જગમીત સિંહ હારી જતા રડી પડ્યા




ખાલિસ્તાન સમર્થક અને NDP નેતા જગમીત સિંહ પોતાની બેઠક હારી ગયો છે. પરિણામો પછી પાર્ટી કાર્યકરોને સંબોધતાં જગમીત સિંહ રડી પડ્યા હતા. તે બ્રિટિશ કોલંબિયાના બર્નાબી સેન્ટ્રલની બેઠક પર લિબરલ ઉમેદવાર વેડ ચાંગ સામે ચૂંટણીના મેદાને હતો. સિંહને લગભગ 27% મત મળ્યા, જ્યારે ચાંગને 40%થી વધુ મત મળ્યા હતા. પોતાની બેઠક બચાવવામાં નિષ્ફળ જતાં જગમીતે રાજીનામું આપી દીધું હતુ. તેમની પાર્ટીના મતોમાં ભારે ઘટાડો થયો છે. આ પક્ષ પોતાનો રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો પણ ગુમાવી શકે છે, કારણ કે રાષ્ટ્રીય પક્ષ બનવા માટે ઓછામાં ઓછી 12 બેઠકો જીતવી જરૂરી છે.

### માર્ક કાર્ની : રાજકારણી બનતાં પહેલા એક અર્થશાસ્ત્રી

માર્ક કાર્નીનો જન્મ 16 માર્ચ, 1965ના રોજ કેનેડામાં ફોર્ટ સ્મિથ નામના સ્થળે થયો હતો, માર્ક કાર્નીને રાજકારણ જ નહી, પણ અર્થતંત્રને સંભાળવાનો અનુભવ છે. તેમણે 2008થી 2013 સુધી બેન્ક ઓફ કેનેડાના ગવર્નર અને 2013થી 2020 સુધી બેન્ક ઓફ ઈંગ્લેન્ડના ગવર્નર તરીકે સેવા આપી હતી. જ્યારે તેમણે જસ્ટિન ટ્રુડોને હટાવીને લિબરલ પાર્ટીની કમાન સંભાળી હતી અને માર્ચમાં પીએમ બન્યા, ત્યારે તેમની પાસે હાઉસ ઓફ કોમન્સ એટલે કે કેનેડાની સંસદમાં કોઈ બેઠક નહોતી. આથી એવું કહી શકાય કે તેઓ સાંસદ નહોતા. તેઓ કેનેડિયન ઇતિહાસમાં હાઉસ ઓફ કોમન્સમાં બેઠક વગરના બીજા વડાપ્રધાન બન્યા હતા.

## ટ્રમ્પની ધમકીઓને કારણે છેલ્લી ઘડીએ પલટાયા સમીકરણ

કેનેડામાં 28 એપ્રિલના દિવસે ચૂંટણી યોજાઈ હતી, જેનું પરિણામ પણ આવી ગયું છે. ચૂંટણી દરમિયાન ટ્રમ્પે ફરી એકવાર કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી હોવાનો મુદ્દો ચર્ચાનું કેન્દ્ર રહ્યો હતો. જેને કારણે કેનેડાના લોકોએ ચૂંટણીમાં એક મજબૂત નેતા પસંદ કરવા અપીલ થતી રહી હતી. ટ્રમ્પે કેનેડાને આપેલી ધમકીને કારણે નાગરિકોમાં દેશભક્તિની ભાવના મજબૂત થઈ હતી. જેનો ફાયદો લિબરલ પાર્ટીને થયો હોય તેવું અનુમાન છે. માર્ક કાર્ની કેનેડા અને બ્રિટનની સેન્ટ્રલ બેન્કોમાં ગર્વનર રહી ચૂક્યા છે. જસ્ટિન ટ્રુડો બાદ તેમણે કેનેડાના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી હતી.



## અમેરિકાએ દગો આપ્યો છે, કેનેડા તે ક્યારેય ન ભૂલે : કાર્ની



પોતાની જીત પછીના પહેલા ભાષણમાં કાર્નીએ યુનાઇટેડ સ્ટેટ્સ સાથે કેનેડાના સંબંધોનો અંત લાવવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે અમેરિકાએ દગો આપ્યો છે અને કેનેડા આ ક્યારેય ભૂલશે નહીં. તેમણે ઉમેર્યું કે, અમેરિકા સાથેના આપણા જૂના સંબંધો એકતા પર આધારિત હતા, હવે તે સમાપ્ત થઈ ગયા છે. બીજા વિશ્વયુદ્ધથી કેનેડા જેના પર આધાર રાખતું આવ્યું છે અને જેણે આપણા દેશને ઘણા વર્ષો સુધી સમૃદ્ધિ આપી હતી, તે યુએસ વૈશ્વિક વેપાર નીતિ હવે જતી રહી છે. આ નવી વાસ્તવિકતા પણ છે. અમેરિકાના વિશ્વાસઘાતના આઘાતમાંથી આપણે બહાર આવી ગયા છીએ, પરંતુ આપણે આ પાઠ ક્યારેય ભૂલવો જોઈએ નહીં. હવે, આપણે આપણી જાતની સંભાળ રાખવી પડશે. અને સૌથી અગત્યનું આપણે એકબીજાની સંભાળ રાખવાની જરૂર છે. જ્યારે હું રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળીશ, ત્યારે તે બે સ્વતંત્ર દેશો વચ્ચેના સંબંધો અંગે ચર્ચા કરશે. આપણે એક નવો રસ્તો શોધીશું, કારણ કે આ કેનેડા છે અને અહીં શું થશે તે આપણે નક્કી કરીશું. આપણે મોટા સપના જોવા પડશે અને તેનાથી પણ મોટા કાર્યો કરવા પડશે. આપણે એવા કામો કરવા પડશે, જે પહેલાં અશક્ય માનવામાં આવતા હતા, અને એવી ઝડપે કરવા પડશે જે પાછલી પેઢીઓએ જોઈ નથી. અમેરિકાએ આપણી પાસેથી જે છીનવી લીધું છે તેના કરતાં આપણે આપણી જાતને ઘણું વધારે આપી શકીએ છીએ. આવનારા દિવસો અને મહિનાઓ પડકારજનક રહેશે, અને તેમાં કેટલાક બલિદાનની જરૂર પડશે. પરંતુ અમે અમારા કામદારો અને વ્યવસાયોને ટેકો આપીશું અને સાથે મળીને આ બલિદાન આપીશું.

## કાશ્મીરમાં નિર્દોષોની હત્યા કરનારાઓ સખત ધિક્કારને પાત્ર : કાસિમ અબ્બાસ

### કારણ વગર નિર્દોષોનો જીવ લેવાની કોઇ પણ ધર્મ મંજૂરી આપતો નથી

**ઓન્ટેરિયો**

તાજેતરમાં કાશ્મીરમાં નિદોષ પર્યટકોની હત્યાની ઘટનાને મિસિસાગાના કાસિમ અબ્બાસે વખોડી કાઢી છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું છે કે, પહેલગામમાં પર્યટકોની હત્યા કરનારાઓ અત્યંત ધિક્કારને પાત્ર છે. હું એક મુસ્લિમ તરીકે સખતથી સખત શબ્દોમાં આ ઘટનાને વખોડું છું. આતંકવાદ અને ઉગ્રવાદ ધરાવતા ઝનુનીઓ તથા રૃઢીચુસ્તો ગેરમાર્ગે દોરાય જઈને નિર્દોષ લોકોના જીવ લઈ લે છે. આવી રીતે વગર કારણે (નાહકમાં) કોઈનો જીવ લેવાની કોઈ પણ ધર્મ પરવાનગી નથી આપતો.

અમારા ધર્મશસ્ત્રમાં કોઈ પણ નિદોષ માનવીની વગર કારણે હત્યા કરવી એ સમસ્ત માનવજાતની હત્યા સમાન લેખાય છે. આવી વગર કારણની (નાહક) હત્યાને અમારા ધર્મશાત્રમાં બહુ જ સખત રીતે વખોડવામાં આવી છે, અને એ પણ કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ કોઈ નિર્દોષ શ્રધ્ધાળુની જાણીબુઝીને (વગર કારણે) હત્યા કરે, તો તેનું સ્થાન નર્કમાં છે, જેમાં તે હંમેશા રહેશે. તેના પર સર્જનહારનો પ્રકોપ અને ધિક્કાર છે, અને તેના માટે સખત યાતના તૈયાર કરી રાખેલ છે. અંતે કાસિમ અબ્બાસે પહેલગામમાં જીવ ગુમાવનારાઓના આત્માને સર્જનહાર શાંતિ અર્પણ કરે તેવી દુઆ કરી હતી.

## માર્ક કાર્નીના નેતૃત્વમાં કેનેડા સાથે US સારા સંબંધ શક્ય બનશે : ડોનાલ્ડ ટ્રમ્પ

### બંને નેતાઓ બે દેશના પરસ્પર સબંધોનો ગાઢ બનાવવા સમંત થયા

**ટોરોન્ટો**

ટ્રમ્પે બુધવારે કહ્યું હતું કે, તેઓ માને છે કે કાર્નીના નેતૃત્વમાં કેનેડા સાથે 'મહાન સંબંધ' શક્ય બનશે, જેમને હવે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે નવો આર્થિક અને સુરક્ષા કરાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. સોમવારની ફેડરલ ચૂંટણીમાં કાર્નીના લિબરલ્સે લઘુમતી સરકાર જીતી હતી. જેમાં ટ્રમ્પ દ્વારા કેનેડાના અર્થતંત્ર અને સાર્વભૌમત્વ ઉપર ધમકીઓનું પ્રભુત્વ હતું. પોલિંગમાં લિબરલ્સને ટ્રમ્પ સાથે વ્યવહાર કરવા સૌથી સજ્જ પક્ષ તરીકે જોવામાં આવ્યું હતું, અને કાર્નેએ કેનેડાના "અમેરિકન વિશ્વાસઘાત"નો જવાબ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. વ્હાઈટ હાઉસ ખાતે કેબિનેટ બેઠક દરમિયાન પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કાર્નીની જાહેર ટિપ્પણીઓથી કંટાળ્યા ન હતા. અને કહ્યું કે તેમણે મંગળવારે ફોન કોલમાં નવા વડા પ્રધાનને અભિનંદન આપ્યા હતા. મંગળવારે વડાપ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે કાર્ને અને ટ્રમ્પ "કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા સ્વતંત્ર, સાર્વભૌમ રાષ્ટ્રો તરીકે - તેમના પરસ્પર સુધારણા માટે સાથે મળીને કામ કરવાના મહત્વ પર સંમત થયા હતા. ટ્રમ્પે કહ્યું કે, કાર્ને "આવતા અઠવાડિયા કે તેથી ઓછા સમયમાં" બેઠક માટે વ્હાઈટ હાઉસ આવે તેવી આશા છે.

# વિશાખાપટ્ટનમના નરસિમ્હા સ્વામી મંદિરમાં દુર્ઘટના, 20 ફૂટ હિસ્સો ધસી પડતાં 8ના મોત

**વિશાખાપટ્ટનમ્**



વિશાખાપટ્ટનમમાં શ્રી વરાહલક્ષ્મી નરસિમ્હા સ્વામી મંદિરમાં ચંદનોત્સવ દરમિયાન મંદિરનો 20 ફૂટ લાંબો ભાગ તૂટી પડતાં આઠ લોકોના મોત થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. જેની જાણકારી મળતાં જ SDRF અને NDRFની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

આંધ્રપ્રદેશના ગૃહમંત્રી વાંગલાપુડી અનિતા પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ચંદનોત્સવ દરમિયાન 20 ફૂટ લાંબો મંદિરનો હિસ્સો અચાનક તૂટી પડવાથી આ ઘટના બની હતી. દર વર્ષે ચંદનોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે. આ વર્ષે પણ એવો અંદાજ છે કે લગભગ બે લાખ ભક્તો આ મહોત્સવમાં હાજર રહ્યા હતા. સિંહચલમ ટેકરી પર આવેલું આ મંદિર સદીઓ જૂનું છે. ચંદનોત્સવ અને અન્ય ધાર્મિક વિધિઓ માટે હજારો ભક્તો અહીં એકઠા થયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે ભીડ ખૂબ જ હતી અને ભક્તો ભગવાનના દર્શન માટે કતારમાં ઉભા હતા. બુધવારે સવારે 1 વાગ્યે 'સુપ્રભાતમ' સાથે ચંદનોત્સવ શરૂ થયો હતો. ત્યારપછી વિશ્વસેન પૂજા, પુણ્યવચના, ઋત્વિકવરણ, પંચકલવાહન અને ચન્નોત્તરમ્ કરવામાં આવ્યા હતા.

# દેશના 11 રાજ્યોમાં 'એક રાજ્ય, એક ગ્રામીણ બેંક' યોજના લાગુ

**નવી દિલ્હી**

દેશભરમાં આજથી 'એક રાજ્ય, એક ગ્રામીણ બેંક' યોજના લાગુ કરી દેવાઈ છે. અગાઉ ૭૦૦ જિલ્લામાં કાર્યરત ૪૩ આરઆરબી ઘટીને ૨૮ થશે. યોજના અંતર્ગત ૧૧ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૬ પ્રાદેશિક ગ્રામીણ બેંકોને રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એકલ આરઆરબીમાં મર્જર કરી દેવાયું છે. નાણાકીય સેવા વિભાગે (ડીએફએસ) કહ્યું કે, 'મર્જર બાદ ઈઈમ્ બેંકોની સંખ્યા ૪૩થી ઘટીને ૨૮ થઈ ગઈ છે. આમ કરવાથી આરઆરબીના નાણાંકીય વ્યવહાર તેમજ પ્રદર્શનમાં સુધારો થશે. ડીએફએસએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'હવે કુલ ૨૮ પ્રાદેશિક ગ્રામીણ બેંકો હશે, જેમની ૭૦૦ જિલ્લામાં ૨૨૦૦૦થી વધુ શાખાઓ હશે.'

બધી સંસ્થાઓની અધિકૃત મૂડી ૨,૦૦૦ કરોડ રૂપિયા હશે. આંધ્રપ્રદેશમાં ચૈતન્ય ગોદાવરી ગ્રામીણ બેંક, આંધ્ર પ્રગતિ ગ્રામીણ બેંક અને અન્ય RRBનું વિલીનીકરણ કરીને આંધ્રપ્રદેશ ગ્રામીણ બેંક બનાવવામાં આવશે. ઉત્તર પ્રદેશમાં બરોડા યુપી બેંક, આર્યાવર્ત બેંક, પ્રથમા યુપી ગ્રામીણ બેંકનું વિલીનીકરણ કરીને ઉત્તર પ્રદેશ ગ્રામીણ બેંક બનાવવામાં આવશે, જેનું મુખ્ય મથક લખનૌમાં હશે.

# અજમેરની હોટેલમાં શોટસર્કિટ થતાં આગ, ચાર લોકોના દાઝી જતાં મોત

**અજમેર**

રાજસ્થાનના અજમેરમાં આવેલા ડિગ્ગી બજારમાં એક હોટલમાં અચાનક આગ લાગી હતી. આ આગમાં ચાર લોકોના મોત થયા છે. હોટલમાં આગ લાગતાં જ લોકો જીવ બચાવવા પાંચમા માળેથી કુદ્યા હતા.

આજે ગુરૂવારે સવારે ડિગ્ગી બજારમાં આવેલી હોટલ નાઝમાં ભીષણ આગ લાગી હતી. આગના કારણે બે પુરૂષ, એક મહિલા અને એક બાળક સહિત ચાર લોકોએ જીવ ગુમાવ્યા હતા. પોલીસ ઘટનાની જાણ થતાં જ તુરંત ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટર્સ પણ બચાવ કામગીરી કરી રહ્યા છે. તેઓએ બેભાન થઈ ગયેલા પાંચ લોકોને બચાવ્યા છે. બે મહિલાઓ આગમાં દાઝતાં ઈજાગ્રસ્ત થઈ છે. એક મહિલા ફાયર ફાઈટર પણ આગની ઝપેટમાં આવી જતાં ઈજાગ્રસ્ત થઈ હતી. એડિશનલ એસપી હિમાંશુ જાંગિડે જણાવ્યું હતું કે, હોટલ સુધી પહોંચવા માટેનો રસ્તો સાંકડો હોવાથી બચાવ કામગીરીમાં મુશ્કેલી આવી રહી છે. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.

# નૈનીતાલમાં 12 વર્ષની બાળકી પર દુષ્કર્મ થતાં સ્કૂલો બંધ, લોકોએ તોડફોડ મચાવી

**નૈનીતાલ**

ઉત્તરાખંડના નૈનીતાલમાં 12 વર્ષની બાળકી સાથે દુષ્કર્મના સમાચાર પ્રકાશમાં આવ્યા બાદ ગઈકાલ રાતથી તણાવ છે. આરોપ એ છે કે 76 વર્ષીય ઉસ્માન લાંબા સમયથી છોકરી સાથે દુષ્કર્મ કરી રહ્યો હતો. જેને લઈને બુધવારે રાત્રે શહેરમાં ભારે હોબાળો મચી ગયો હતો. મધ્યરાત્રિએ તોડફોડ અને પથ્થરમારા બાદ ગુરુવારે પણ તણાવની સ્થિતિ છે.

મોટાભાગની શાળાઓ, કોલેજો અને બજારો બંધ છે. પોલીસનો ભારે બંદોબસ્ત દેખાઈ રહ્યો છે. હિન્દુ સંગઠનો અને વકીલોએ પણ પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા માટે સરઘસ કાઢ્યું હતું.

બુધવારે મોડી રાત્રે, ઉસ્માન નામના વ્યક્તિ પર કિશોરી સાથે દુષ્કર્મ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ મામલાની માહિતી મળતા જ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન પહોંચી ગયા અને સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. ગુસ્સે ભરાયેલા ટોળાએ કેટલીક દુકાનોમાં તોડફોડ શરૂ કરી દીધી અને લોકો પર હુમલો કર્યો. મલ્લીતાલ વિસ્તારમાં કેટલાક અજાણ્યા લોકોએ મસ્જિદ પર પથ્થરમારો કર્યો. મોટી સંખ્યામાં પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને હળવો બળપ્રયોગ કરીને ભીડને કાબુમાં લીધી હતી. વિરોધ કરનારાઓએ ગુરુવારે બજાર બંધ રાખવાનું એલાન કર્યું હતું. સવારથી જ પોલીસ સ્ટેશન અને આસપાસના વિસ્તારોમાં પોલીસ તૈનાત કરવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે DSB કેમ્પસ સહિત ઘણી શાળાઓને પણ બંધ રાખવામાં આવી છે.

# ફૂટવૅર ઢીલાં થઈ ગયાં હોય તો હવે ટ્રાય કરો હૅક્સ



અત્યારે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ વધી ગયો છે, જેમાં આપણે ફૂટવૅર પણ મંગાવી લેતા હોઈએ છીએ. આપણી સાઈઝ પ્રમાણે ફૂટવૅર મંગાવ્યાં હોય તેમ છતાં આપણા પગનો પંજો પાતળો હોય તો ઘણી વખત થોડાંક લૂઝ પડે એવું બને. અમુક વખત દુકાનમાંથી ઉતાવળે ફૂટવૅરના માપને ચકાસીને પણ યોગ્ય રીતે કૅરી કર્યા વગર સૂઝ કે સેન્ડલ ખરીદી લેતા હોઈએ છીએ. ફૂટવૅર નવાં નવાં હોય એટલે પહેરવામાં ખાસ વાંધો નથી આવતો, પરંતુ થોડો સમય પહેર્યા બાદ એ વધારે લૂઝ લાગવા લાગે છે. પરિણામે આપણે આપણા મનગમતાં ફૂટવૅરને પહેરી શકતાં નથી. લૂઝ ફૂટવૅરને ફિટ કરવા માટે અમુક ટ્રિક્સ અપનાવી શકો છો.

### ટોન પેડ લગાવો

સેન્ડલ મોટાં પડી રહ્યાં હોય અને પહેરતી વખતે પગ આગળની તરફ લપસી રહ્યો હોય તો તેને ફિક્સ કરવા માટે ટોન પેડ અથવા બોલ ઓફ ફૂટ પેડ પણ લગાવી શકો છો. આ પેડ જૂતાના આગળના ભાગમાં લગાવવામાં આવે છે, જે પગને મજબૂતીથી પકડી રાખે છે અને પગના પંજાને લપસવા દેતા નથી.

### શૂ સ્ટફિંગ ટ્રિક

જો શૂઝ થોડા જ ઢીલા હોય તો તમારા આગળના ભાગમાં રૂ, ટિશ્યૂ પેપર કે કોટન ભરી શકો છો. એનાથી પગ આગળ તરફ લપસતા નથી અને જૂતાં થોડાં ટાઈટ લાગે છે. એ વાતનું ધ્યાન રાખો કે જૂતાંમાં વધારે પડતા ટિશ્યૂ પેપર ન ભરો. એનાથી તમને ચાલવામાં તકલીફ પડી શકે છે.

### મોજાંની પસંદગી

તમે બૂટ્સ, સ્પોર્ટ્સ શૂઝ અથવા સ્નીકર્સ પહેરી રહ્યો છો તો જાડાં મોજાંની પસંદગી ઉત્તમ ઉપાય છે. આવા ફૂટવૅર સાથે જાડાં મોજાં પહેરવાથી આપણો પગ ઓટોમેટેકલી ટાઈટ થઈ જાય છે. આ શૂઝ પણ સારી રીતે આપણા પગમાં ફિટ થઈ શકે છે.

### બેક પેડ લગાવો

તમારાં જૂતાં વારંવાર લપસી જતાં હોય તો તમે હીલ ગ્રિપ્સ લગાવી શકો છે. એ સોફ્ટ પેડ્સ હોય છે જેને જૂતાંની પાછળ ચોંટાડવામાં આવે છે. એનાથી એડી સારી રીતે ટકે છે અને જૂતાં ઢીલાં થતાં નથી.

### જાડા ઈનસોલ લગાવો

તમારાં સેન્ડલ અથવા જૂતાં બહુ વધારે ઢીલાં થઈ ગયાં હોય તો તેને ફિક્સ કરવાનો સરળ અને સારો ઉપાય છે. આ સોલ જૂતાંની અંદર મૂકવામાં આવે છે, જે પગને થોડા ઊંચા અને ટાઈટ ફિટિંગ આપે છે. એનાથી જૂતાં તો ટાઈટ લાગે જ છે, પરંતુ ચાલવામાં પણ આરામ મળે છે.

# સ્માર્ટ લુક મેળવવા ડ્રેસિંગ સેન્સમાં લાવો પરિવર્તન

દરેક વ્યક્તિને ફેશનેબલ દેખાવું ગમે એમાં કંઈ ખોટું નથી, પરંતુ ઘણી વખત આપણે ફેશનના ચક્કરમાં નાની-મોટી ભૂલો કરી દઈએ છીએ, જેથી આપણો સમગ્ર લુક ખરાબ લાગે છે. એવું થવા પાછળનું મુખ્ય કારણ આપણને યોગ્ય ફેશન સેન્સની જાણકારી હોતી નથી. દરેક વ્યક્તિને આ અંગે ખબર હોય એ જરૂરી નથી. આજે આપણે અમુક એવી સરળ ટિપ્સ જણાવીશું જેનાથી ડ્રેસિંગ સેન્સને સરળતાથી સુધારી શકાય છે.



### બોડી ટાઈપને સમજો

કોઈ પણ આઉટફિટને પહેરતા પહેલાં એ સમજવું જરૂરી છે કે તમારી બોડી કેવી છે! જો તમારી બોડી પિરામિડ અથવા એપલ છે તો તમારે એવાં કપડાં પહેરવાં જોઈએ જે તમારી બોડી ઉપર સારાં લાગે. દરેક બોડી ટાઈપ પર બધા પ્રકારનાં કપડાં સૂટ નથી થતાં, તેથી તમારી બોડી ટાઈપને સમજીને આઉટફિટની પસંદગી કરો. જેમ કે, જો તમારા હિપ્સ વાઈડ હોય તો ફ્લેયર્ડ પેન્ટ્સ કે એ લાઈન સ્કર્ટ્સ તમારા બટ એરિયાને વધારે સારી રીતે હાઈલાઈટ કરશે.

### ફિટિંગ પર ધ્યાન આપો

કપડાં એવાં પહેરો જે તમારા શરીર પર યોગ્ય રીતે ફિટ થતાં હોય. વધારે પડતાં ટાઈટ કે ઢીલાં કપડાં પહેરવાનું ટાળવું જોઈએ. આઉટફિટનું ફિટિંગ યોગ્ય હશે તો તમે વધારે સ્માર્ટ અને કમ્ફર્ટેબલ લાગશો. જ્યારે ઢીલાં કપડાંમાં તમારો લુક સારો લાગવાને બદલે ખરાબ લાગશે, એટલું જ નહીં તમે ઉંમર કરતાં મોટા પણ લાગશો, તેથી કપડાં એવાં પસંદ કરો જે વધારે ફિટ કે ઢીલાં ન હોય.

### કલર અને પેટર્ન

ડ્રેસિંગ સેન્સને ઉત્તમ બનાવવા માટે આઉટફિટના કલર અને પેટર્નની યોગ્ય પસંદગી કરવામાં આવે એ બહુ જ જરૂરી છે. લાઈટ રંગ ગરમીમાં સારો લાગે છે જ્યારે બ્રાઈટ રંગ ઠંડી માટે બેસ્ટ છે. બીજું, કલરની પસંદગી કરતી વખતે સ્કિન ટોનનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. જો તમારી સ્કિન ડાર્ક હોય તો લાઈટ કલરનાં આઉટફિટ પસંદ કરવાં. જેમની સ્કિન ફેર છે તેમને ડાર્ક કલરનાં આઉટફિટ વધારે સૂટ થાય છે. જ્યારે ઘઉંવર્ણી સ્કિન ધરાવતી યુવતી પર બંને પ્રકારનાં આઉટફિટ સૂટ થાય છે. આઉટફિટમાં જેમ કલરની પસંદગી જેટલી જરૂરી છે એટલી જ પેટર્ન પણ અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે પણ કપડાંની ખરીદી કરો ત્યારે પેટર્ન લેટેસ્ટ છે કે નહીં એ ચકાસી લો. પેટર્ન આઉટ ઓફ ડેટ હશે તો તમે નવાં કપડાં પહેર્યાં હશે તેમ છતાં જૂનાં લાગશે અને તમારો લુક પણ ડલ લાગશે. સ્ટ્રાઈપ્સ અને ચેક્સ જેવી પેટર્ન શરીરના આકારને પાતળો દેખાડે છે.

# અમદાવાદમાં આગ લાગતાં ચોથા માળેથી કૂદેલી મહિલાનું મોત, 4 જણ સારવાર હેઠળ

## મંગળવારે એપાર્ટમેન્ટની અંદર ફસાયેલા 27 લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા

અમદાવાદ : અમદાવાદ આત્રેય ઓર્ચિડ એપાર્ટમેન્ટમાં મંગળવાર (29મી એપ્રિલ) ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટનાને લઈને દોડધામ મચી હતી અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. આ આગમાં પોતાનો જીવ બચાવવા માટે વિનીતા રામચંદાની નામની મહિલા ચોથા માળેથી કૂદ્યા હતા, જેમને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

મળતી માહિતી અનુસાર, આત્રેય




ઓર્ચિડમાં લાગેલી આગમાં 5 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાંથી 52 વર્ષીય વિનીતા રામચંદાએ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા છે, જ્યારે અન્ય 4 જેટલા ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે.ચોથા માળે ફ્લેટ નંબર 404માં એર-કન્ડિશનરના આઉટડોર યુનિટમાં આગ લાગી હતી. એસીમાં લાગેલી આગ ઝડપથી પાંચમા અને છટ્ઠા માળ સુધી ફેલાઈ ગઈ હતી. દૂર દૂરથી ધુમાડો જોવા મળ્યો હતો, જેના કારણે મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે આવી ગયા હતા અને અંદર ફસાયેલા 27 લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા.

# આતંકી હુમલા બાદ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણૂક પ્રક્રિયા ખોરંભે

**અમદાવાદ**

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજકીય તણાવ વકર્યો છે. આ રાજકીય સ્થિતિને જોતાં ભાજપ હાઈકમાન્ડે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી સ્થગિત કરવા નક્કી કર્યુ છે. જેના પગલે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણૂંકનો મુદ્દો પણ લટકી પડ્યો છે. હવે ક્યારે ગુજરાત પ્રદેશ પ્રમુખ ક્યારે નિમાશે તે નક્કી નથી. આ સ્થિતિને પગલે મંત્રીમંડળના વિસ્તારની વાત પણ પૂર્ણવિરામ મૂકાયુ છે. જે.પી. નડ્ડા જ હાઈકમાન્ડપદે યથાવત રહેશે. ગુજરાતમાં તો ઓબીસીને પ્રદેશ પ્રમુખ બનાવવાની ચર્ચા તેજ બની હતી. કોણ પ્રદેશ પ્રમુખ બનશે તે દાવેદારોના નામો પણ વહેતાં થયા હતાં પણ હવે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની કમાન હાલ તો સી.આર.પાટીલના હાથમાં જ રહેશે. ગુજરાતમાં મંત્રીમંડળનો વિસ્તાર થશે. કોને મંત્રી બનાવાશે તે અંગે તરેહ તરેહની અટકળો પણ ચાલી હતી. પણ વર્તમાન પરિસ્થિતિને જોતાં મંત્રીમંડળની વાત પર પૂર્ણવિરામ મૂકાયુ છે જેમની હકાલપટ્ટી થવાની નક્કી છે તે મંત્રીઓએ હાલ પુરતો હાશકારો અનુભવ્યો છે.

# ધોળકા ભાજપમાં ભડકો, પાલિકાના 12 કાઉન્સિલરોએ રાજીનામા ધરી દીધાં

**ધોળકા**

કોંગ્રેસની માફક ભાજપ પણ આંતરિક વિવાદોથી બાકાત નથી. ક્યાંક ને ક્યાંક ભાજપમાં પણ આંતરિક મતભેદો જોવા મળે છે, પરંતુ ઘણીવાર મામલો બહાર આવતો નથી. ત્યારે ધોળકા નગરપાલિકામાં ભાજપમાં ભડકો જોવા મળી રહ્યો છે. 11 જેટલા કાઉન્સિલરોએ એકસાથે પોતાના રાજીનામા ધરી દેતાં ભાજપમાં હડકંપ મચી જવા પામ્યો છે. સત્તાપક્ષના કાઉન્સિલરોના રાજીનામા બેઠકોનો દૌર શરુ થઈ ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપ શાસિત ધોળકા નગર પાલિકાના ભાજપના 11 કાઉન્સિલરોએ રાજીનામા ધરી દેતાં રાજકીય ભૂકંપ સર્જાયો છે. કાઉન્સિલરોએ રજિસ્ટર વિભાગમાં પોતાના રાજીનામા સોંપી દીધા છે. રજૂઆતો છતાં કામ ન થતાં હોવાથી તમામ કાઉન્સિલરો નારાજ હતા. જ્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર એક કાઉન્સિલરે પોતાનું રાજીનામું પરત ખેંચી લીધું છે. કાઉન્સિલરોના રાજીનામા ભાજપના આગેવાનો સક્રિય થઈ ગયા છે. ગુપ્ત સ્થળે ભાજપના આગેવાનો અને હોદેદારોની બેઠકનો દૌર શરુ થઈ ગયો છે. તો બીજી તરફ ધોળકા નગરપાલિકાના અધિકારી ચીફ ઓફિસરે રાજીનામા અંગે જણાવ્યું હતું કે 'આ બાબતે રાજીનામાના ડૉક્યુમેન્ટ કે કાઉન્સિલરો રાજીનામા આપવા માટે આવ્યા નથી.

# 10મી સુધીમાં વિસાવદર-કડીની પેટાચૂંટણી જાહેર ભાજપને પ્રવર્તમાન સ્થિતિથી લાભ થવાની આશા

## આપે તો પેટાચૂંટણી પહેલાં ઉમેદવાર જાહેર કરી પ્રચાર સુદ્ધાં કરવાનું શરૂ કરી દીધું

**વિસાવદર**

કડી અને વિસાવદરની બેઠકો ખાલી પડી છે. રાજ્ય ચૂંટણી પંચ આ બંને બેઠકો પર પેટાચૂંટણી યોજવા તૈયારી કરી રહ્યુ છે. તા. 10મી મે સુધીમાં વિસાવદર અને કડી બેઠક માટે પેટાચૂંટણી જાહેર થાય તેવી શક્યતા છે. જોકે, પેટાચૂંટણી જાહેર થાય તે પહેલાં જ આમ આદમી પાર્ટીએ તો ઉમેદવાર જાહેર કરી પ્રચાર સુદ્ધાં કરવાનું શરૂ કરી દીધુ છે. વિસાવદરમાં આપના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ પક્ષપલટો કરતાં બેઠક ખાલી પડી છે જ્યારે કડીમાં વર્તમાન ધારાસભ્ય કરસન સોલંકીનું અવસાન થતાં બેઠક ખાલી પડી છે. આ વખતે કોંગ્રેસે આપ સાથે ગઠબંધન નહી કરવા નક્કી કર્યુ છે. આ જોતાં આપે ગોપાલ ઇટાલિયાને ટીકીટ આપી છે જ્યારે કોંગ્રેસ પોતાનો ઉમેદવાર ચૂંટણી મેદાને ઉતારવા મક્કમ છે આમ, વિસાવદર બેઠક પર ત્રિપાંખિયો જંગ ખેલાશે. આ સંજોગોમાં કોંગ્રેસ-આપની રાજકીય લડાઈમાં મતોનું વિભાજન થવુ નક્કી છે જેથી ભાજપ જ ફાવી જશે.

વર્ષ 2027માં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે ત્યારે રાજકીય દ્રષ્ટિએ બંને બેઠકો જીતવી ભાજપ માટે જરૂરી છે. જો કડી અને વિસાવદર બેઠક જીતી જાય તો વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોનું સંખ્યા બળ વધીને 164 થઈ જશે. હાલ ગુજરાતમાં એન્ટી ઇન્કમબન્સીનો માહોલ જરૂર છે પણ તે સરકાર-ભાજપને નુકશાન પહોંચી શકે તેમ નથી. તેમાં ય હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ ભાજપને લાભ પહોંચાડી શકે છે.

# અમદાવાદમાં રથયાત્રાની તૈયારી, અખાત્રીજે ચંદન પૂજા બાદ રથના સમારકામનો પ્રારંભ

**અમદાવાદ**

અમદાવાદમાં ભગવાન જગન્નાથની 148મી રથયાત્રાની તૈયારીઓનો અખાત્રીજના દિવસથી શુભારંભ થયો છે. અક્ષય તૃતિયાના પવિત્ર અવસરે જગન્નાથ મંદિરમાં ઐતિહાસિક રથની ચંદન પૂજા વિધિવત્ રીતે સંપન્ન થઈ. આ પૂજા બાદ રથના સમારકામનું કામ શરુ કરાયું, જેમાં રથના પૈડાં અને અન્ય ભાગોની મરામતનો સમાવેશ થાય છે. અમદાવાદ શહેરમાં અષાઢી બીજના દિવસે યોજાનારી આ રથયાત્રા માટેની તૈયારીઓ જોરશોરથી શરુ થઈ ગઈ છે. ત્યારે અક્ષય તૃતિયાના પવિત્ર અવસરે જગન્નાથ મંદિરમાં ઐતિહાસિક રથની ચંદન પૂજા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. ચંદનનો ઉપયોગ થતો હોવાથી આ યાત્રા ચંદન યાત્રા કહેવાય છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી 37 કરોડના ગાંજાના જથ્થા સાથે ચાર જણ ઝડપાયા

**અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા ગુપ્ત માહિતીના આધારે મોટો કાર્યવાહી કરવામાં આવી છે. એર ઈન્ટેલિજન્સ યુનિટે ડીઆરઆઈ સાથે સંયુક્ત ઓપરેશન કરીને એરપોર્ટ પરથી રૂપિયા 37 કરોડનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. આ સંયુક્ત ઓપરેશન હેઠળ ફ્લાઈટ નંબર ટીજી 343 માં બેંગકોકથી અમદાવાદમાં આવી રહેલા ચાર ભારતીયનોની ધરપકડ કરવામાં આવી છે. એર ઈન્ટેલિજન્સ યુનિટ અને DRI દ્વારા બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. DRI ને ગુપ્ત માહિતી મળી હતી કે, કેટલાક મુસાફરો ગાંજા લઈને ભારત પરત ફરવાના છે. આ માહિતીના આધારે કાર્યવાહી કરવામાં આવી અને DRI અધિકારીઓએ અમદાવાદ કસ્ટમ વિભાગની મદદથી બેંગકોકથી પરત ફરી રહેલા ચાર મુસાફરોને તપાસ માટે રોક્યા હતાં. જ્યારે તેમની છ ટ્રોલી બેગ ખોલવામાં આવી, ત્યારે તેમાં બ્રાન્ડેડ નાસ્તાના પેકેટમાં છુપાયેલા લીલા ગઠ્ઠાવાળા પદાર્થના પેકેટ મળી આવ્યા હતાં. તપાસ કરવામાં આવી ત્યારે પુષ્ટિ થઈ કે તે હાઇડ્રોપોનિક ગાંજો હતો, જે હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવતા ગાંજાની ખૂબ જ શક્તિશાળી શ્રેણીનો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# અમદાવાદના ચંડોળામાં બે દિવસ ડિમોલિશન, 2150થી વધુ દબાણો દૂર કરાયા

**અમદાવાદ**

ચંડોળા તળાવની જગ્યામાં મંગળવારે સવારથી બે હજારથી વધુ પોલીસ જવાન, અધિકારી તથા દસ એસ.આર.પી.ટીમના ચુસ્ત બંદોબસ્ત સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનની 50 ટીમોએ બાંગ્લાદેશી નાગરિકો દ્વારા બનાવવામાં આવેલા બે હજાર ઝૂંપડા ઉપરાંત લાલા બિહારીના ફાર્મ હાઉસ ખાતે 150 ગેરકાયદે દબાણ સહિત 2150 ગેરકાયદે દબાણ દૂર કર્યા હતા. ત્યારબાદ બુધવારે ફરી ચંડોળા તળાવ ખાતે ફરીથી ડિમોલિશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અંદાજે નાના મોટા 150થી વધુ મકાનો અને ઝૂંપડા તોડી પાડવામાં આવ્યા હતા. 2 હજારથી વધુ પોલીસ, SRPની 15 કંપની, AMCના 1800 જેટલા કર્મચારીઓ સહિત અન્ય ટૂકડી સાથે ડિમોલેશન હાથ ધરાયું હતું.

# શેર માર્કેટ ટ્રેડિંગના બહાને ઠગાઈ કરનારના લેપટોપ અને ફોનમાંથી 15 ડ્રાફ્ટ લેટર મળ્યા

## સારા નફાની લાલચ આપીને વિવિધ ખાતામાં 15.70 લાખ ટ્રાન્સફર કરાવાયા

**વડોદરા**

વડોદરા શહેરમાં રહેતા ફરિયાદીને ઓનલાઈન શેર માર્કેટમાં ટ્રેડિંગ કરવાના બહાને તેમજ સારો એવો પ્રોફિટ મળશે તેવી લાલચ આપીને વિવિધ ખાતામાં રૂપિયા 15.70 લાખ ટ્રાન્સફર કરાવડાવ્યા હતા. જે ઓનલાઈન વેબસાઈટમાં પ્રોફિટ સાથેની રકમ બતાવ્યા બાદ તેમનો વિશ્વાસ કેળવવા માટે બે લાખ રૂપિયા ઉપાડી આપ્યા હતા. જ્યારે બાકીના 13.70 લાખ પરત નહીં આપતા તેને ફરિયાદ સાયબર ક્રાઈમમાં નોંધાવવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે ઈન્વેસ્ટિગેશન કરતા આ ઠગો દિલ્હીથી નેટવર્ક ચલાવતા હોવાનું સામે આવ્યું હતું. જેથી એક ટીમ દિલ્હી રવાના કરાઈ હતી અને એક આરોપીને દબોચી લેવાયો હતો જ્યારે અન્ય એક શખ્સને વડોદરામાંથી જ પકડી લેવાયો છે. એસીપી એમ.એમ. રાજપૂતે જણાવ્યું હતું કે આ ઠગાઈ કરનાર ટોળકી અલગ અલગ ત્રણ લેયરમાં કામ કરે છે, જેમાં ઠગો ફરિયાદીને ફોન કરી રૂપિયા પડાવતા હોય છે અને આ રૂપિયા અલગ અલગ ખાતામાં ડેટા એન્ટ્રી કરી ટ્રાન્સફર કરે છે, બીજા લેયરમાં નાની રકમ હોય તો તેનું બીટકોઈન તથા આંગળીયામાં કન્વર્ટ કરીને વિદેશ મોકલતા હોય છે, ત્રીજા લેયરમાં ઠગો એક ટીમ બનાવીને ભાઈઓને પ્રલોભનો આપવામાં આવે છે. જેમાં એક ઈંદર નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી મળેલા લેપટોપ અને મોબાઈલમાંથી 15 જેટલા ટ્રાન્સલેટર મળ્યા છે જેમાં વિવિધ એજન્સીઓ તથા જ્યુરિડિશિયલ વિરુદ્ધ આક્ષેપ કરવામાં આવ્યા છે.

# સાવરકુંડલા APMCના ડિરેક્ટર રામાણીનો આપઘાત, પોલીસને સ્યુસાઇડ નોટ મળી

**સાવરકુંડલા**

રાજ્યમાં આપઘાતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને સમયાંતરે વિવિધ કારણોસર જીવન ટૂંકાવવાનો બનાવો સામે આવી રહ્યાં છે. ત્યારે સાવરકુંડલામાં એપીએમસીના ડિરેક્ટર અંકુર રામાણીએ આજે (29મી અપ્રિલ) પોતાના ઘરે વહેલી સવારે ગળાફાંસો ખાય જીવન ટૂંકાવ્યું છે. મૃતક અંકુર રામાણીની સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. હાલ આ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, સાવરકુંડલાના પિયાવા ગામે એપીએમસીના 32 વર્ષના ડિરેક્ટર અંકુર રામાણીએ પોતાના ઘરે વહેલી સવારે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. પોલીસની તપાસમાં અંકુર રામાણીએ આપઘાત કરતા પહેલા લખેલી એક સ્યુસાઈડ નોટ મળી આવી છે.

મૃતક અંકુર રામાણીને પત્ની રિસામણે હોવાથી તેનું ટેન્શન હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે. મૃતક અંકુરને ચાર બહેનો અને પોતે એક જ ભાઈ હોવાની માહિતી મળી છે. આ ઘટના બાદ સાવરકુંડલા એપીએમસી દ્વારા આવતીકાલે એપીએમસીનું કામ બંધ રહેશે તેવી જાહેરાત કરાઈ છે.

# ઈન્સ્ટાગ્રામ પર ગેમીંગ એપ્લીકેશનના નામે લોકો સાથે છેતરપિંડી આચરતી ગેંગ ઝડપાઈ

## પાલનપુરથી દેશવ્યાપી કૌભાંડ : બે કરોડ ઉપરાંતના આર્થિક વ્યવહાર મળી આવ્યા

અમદાવાદ : સીઆઈડી ક્રાઈમના સ્ટેટ સાયબર સેલના અધિકારીઓને બાતમી મળી હતી કે ગુજરાતમાં સક્રિય કેટલાંક મોબાઈલ નંબરથી મોટાપાયે છેતરપિંડી કરવામાં આવી રહી છે. જે અંગે દેશના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અરજીની તપાસ કરતા પાલનપુરની બનાસકાંઠા મર્કન્ટાઈલ કૉ. બેંકનો એકાઉન્ટ નંબર મળી આવ્યો હતો. જેના આધારે પોલીસે અલગ અલગ ટીમ બનાવીને તપાસ કરતા ચોંકાવનારી માહિતી મળી હતી કે પાલનપુરથી કેટલાંક લોકો ઈન્સ્ટાગ્રામ પર ગેમીંગ એપ્લીકેશની આઈડી બનાવીને તેમાં રમવા માટે કોઈન અપાવતા હતા. બાદમાં કોઈન અંગે બેંકની એન્ટ્રી થઈ હોવાથી કોઈન લેનાર વ્યક્તિ ખોટા કેસમાં ફસાઈ જશે તેમ કહીને સેટલમેન્ટના નામે લાખો રૂપિયા પડાવતા હતા. પોલીસે આ અંગે પાલનપુરમાં આવેલા નિધી બંગ્લોઝમાં દરોડો પાડીને શૈલેષ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી, જીતેન્દ્ર ચૌધરી, સુરેશ ચૌધરી, રાહુલ ચૌધરી, નરસિંહ ચૌધરી નામના આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી ૧૩ મોબાઈલ ફોન, ૧૪ બેંકોની પાસબુક, ચેક બુક, ડેબીટ-ક્રેડિટ કાર્ડ અને રોકડ મળી આવી હતી. આ અગે સીઆઈડી ક્રાઈમના એસપી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે પોલીસને આરોપીઓના ૧૭ જેટલા બેંક એકાઉન્ટમાંથી બે કરોડ ઉપરાંતના આર્થિક વ્યવહારની વિગતો મળી છે. તેમજ આ ગેંગ વિરૂદ્ધ વિવિધ રાજ્યોના પોલીસ સ્ટેશનમાં અરજી કરાઈ ચુકી છે.

# ખેડામાં બાળકીને વીજ કરંટથી બચાવવા જતાં માતા-ભાઈના મોત

## દુકાનનું શટર ખોલવા જતા ચાર વ્યક્તિને કરંટ લાગ્યો

ખેડા : ખેડા જિલ્લામાં માતરના મહેલજ ગામમાં વરસાદને કારણે વીજ કરંટ લગતા ત્રણ વ્યક્તિઓના મૃત્યુ થયા છે. માતા, પુત્ર અને અન્ય એક વ્યક્તિનું વીજ કરંટ લાગતા કમકમાટી ભર્યું મૃત્યુ થયું છે. દુકાનનું શટર ખોલવા જતા ચાર વ્યક્તિને વીજ કરંટ લાગ્યો હતો.

કૂવાની મોટરમાં ખેતી વિષયક જોડાણ મેળવેલું હતું. જેનો છેડો અડી જતા તેમાં કરંટ ઉદ્ભવ્યો હતો. કરંટ ચાલુ હતો તે દરમિયાન બે વર્ષની બાળકી મીરાને કૂવાની મોટરનો વીજકરંટ લાગ્યો. ત્યારબાદ ૩૯ વર્ષીય માતા ગીતાબહેન પરમાર અને ભાઈ દક્ષેશ પરમાર તેને બચાવવા ગયા હતાં. જોકે, ત્રણેયનું કરંટ લાગવાના કારણે મોત નિપજ્યું હતું. આ દરમિયાન અન્ય એક લીલાબહેન નામની મહિલા ત્રણેયને બચાવવા આવી તો તે પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.

વીજપ્રવાહને બંધ કરી ત્રણેયના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી દેવામાં આવ્યા છે. ત્રણેય મૃતકોના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સિવાય ઈજાગ્રસ્ત લીલાબહેન હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે.

# શિનોરમાં ધો. ૧૧નું રિઝલ્ટ લઈ ઘરે જતા બે વિદ્યાર્થીના અકસ્માતમાં મોત

**વડોદરા**

વડોદરાના શિનોરમાં ધો.૧૧નું પરિણામ લઈને ઘરે જતાં બે વિદ્યાર્થીઓના અકસ્માતમાં મોત નિપ જ્યાં હોવાની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં અન્ય બે વિદ્યાર્થીઓને ઈજા પહોંચી પહોંચી હતી.બાઈક ચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. શિનોરમાં મોટા ફોફળિયા- ઝાંઝડ રોડ ઉપર સ્પીડમાં બાઈક લઈને ૫ સાર થતાં વિદ્યાર્થીઓને અકસ્માત નડ્યો હતો. આ વિદ્યાર્થીઓ એક બાઈક પર ચાર સવારી જઈ રહ્યાં હતાં. બાઈક ચાલકે ટેમ્પોની ઓવરટેક કરવા જતાં સામેથી આવતું ટેક્ટર જોઈ કાબુ ગુમાવ્યો હતો. જેથી બાઈક ટેમ્પોને અથડાયુ હતું. જેમાં બાઈકની વચ્ચે બેઠેલા ૧૮-૧૮ વર્ષના બે યુવકો શિવમ વસાવા અને કરણ વસાવા ટેમ્પોના ટાયર નીચે આવી જતાં બંનેના ઘટના સ્થળે મોત નિપજ્યાં હતાં. રોડ પર સામેથી આવી રહેલા ટ્રેક્ટરના ચાલકનો પુત્ર બાઈક પર સવાર હતો. જેથી આ અકસ્માતમાં પિતાએ પુત્રના મોતને નજરે જોયું હતું. આ અકસ્માતમાં બાઈક ચાલક અને પાછળ બેઠેલા બે યુવકોને પગ અને હાથના ભગે નાનીમોટી ઈજાઓ પહોંચી હતી.

# ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થશે : ગુજરાત હાઈકોર્ટ

## ટ્રાયલ કોર્ટ દ્વારા શરતો લાદી શકાય છે પરંતુ પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી

**અમદાવાદ**

પાસપોર્ટને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આદેશ કરાયો કે, ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ દસ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થઈ શકે છે. ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે. પરંતુ, પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી.

ગુજરાત હાઈકોર્ટે બંધારણના અનુચ્છેદ ૨૧નું અવલોકન કરતા કહ્યું કે, વિશ્વમાં ક્યાંય પણ મુસાફરી કરવી એ બંધારણનો મૂળભૂત અધિકાર છે. આરોપીને ટ્રાયલ દરમિયાન કોર્ટ સમક્ષ હાજર કરવાની જવાબદારી આરોપી અને ટ્રાયલ કોર્ટ બંનેની છે. આરોપી સામે કેવા પ્રકારનો ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે, તેના આધારે પાસપોર્ટ રિન્યુ કરવો કે નહીં તે અંગેનો નિર્ણય કરવાનો અધિકાર પાસપોર્ટ ઓફિસનો નથી. અરજદાર અદાલતમાં જાય તો ત્રણથી પાંચ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થતા હતાં. જોકે, હવે પહેલીવાર ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું કે, પાસપોર્ટ રિન્યુ દસ વર્ષ માટે થવો જોઈએ. આ પહેલાં ૧૯૭૮માં મેનકા ગાંધી કેસ વખતે સુપ્રીમ કોર્ટ દ્વારા પાસપોર્ટ વિભાગની જવાબદારી અને નિયમો વિશે જોગવાઈ કરવામાં આવી હતી. જ્યારે બંધારણના અનુચ્છેદ ૨૧ને ધ્યાને રાખી પાસપોર્ટ વિભાગને સામેની વ્યક્તિને સાંભળ્યા વિના કે, યોગ્ય કારણ જણાવ્યા વિના પાસપોર્ટ રદ ન કરવાનું જણાવ્યું હતું.

# ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

## પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રીએ શુભકામનાઓ આપી

**અમદાવાદ**

૧ મેના રોજ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના લોકો સ્થાપનાદિનની ઉજવણી કરે છે. ગુજરાતના સ્થાપના દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુજરાતીમાં ટ્વિટ કરીને ગુજરાતની જનતાને શુભકામનાઓ આપી છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, “ગુજરાત સ્થાપના દિવસના આ ગૌરવપૂર્ણ અવસરે રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામનાઓપ ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિક્તાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને, રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે. રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરતું રહે એ જ અભ્યર્થના.”

તો વળી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ગુજરાત સ્થાપના દિવસ પર એક્સ પર પોસ્ટ લખીને રાજ્યની જનતાને શુભકામના આપી છે. તેમણે લખ્યું છે કે, વૈવિધ્યસભર કુદરતી સંપદા, ઐતિહાસિક સાંસ્કૃ તિક વારસો અને આતિથ્ય માટે પ્રસિદ્ધ ગુજરાતના સૌ બહેનો અને ભાઈઓને ગુજરાત દિવસની અનેકાનેક શુભેચ્છાઓ. ગુજરાતે હંમેશા પોતાની પ્રતિભા, પરિશ્રમ તેમજ વ્યવહારુ કુશળતા થી વિશ્વભરના લોકોને આકર્ષિત કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે ગુજરાતની જનતાને શુભકામના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ઘડતરમાં યોગદાન આપનાર નામી-અનામી સૌ ગરવી ગુજરાતીઓના સ્મરણનો આ દિવસ છે. આ વર્ષનો ગુજરાત ગૌરવ દિવસ આપણા માટે પથદર્શક છે.

# ગુજરાતના દરિયા કાંઠે નૌસેનાનું ગ્રીન નોટિફિકેશન : જહાજો એલર્ટ

**અમદાવાદ**

ભારતીય નૌકાદળે સુરક્ષાના ભાગરૂપે ગઈકાલથી ગુજરાતના તટ નજીક સૈન્ય અભ્યાસ શરૂ કરી દીધો છે. આ સૈન્ય અભ્યાસ ત્રણ મે સુધી ચાલશે. આ દરમિયાન કોઈપણ અસામાન્ય પ્રવૃત્તિને લઈ યુદ્ધજહાજોને એલર્ટ પર રખાયા છે.

ભારતીચ નૌકાદળએ તાજેતરમાં જ દૂર દૂર સુધીના ટાર્ગેટ પર સટિક હુમલાની તૈયારીના ભાગરૂપે મિસાઈલોનું ટેસ્ટિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન યુદ્ધજહાજોથી અનેક એન્ટી-શિપ મિસાઈલ ફાયરિંગ કરી સફળતાપૂર્વક ટેસ્ટિંગ કરાયું હતું. હવે ભારતીય નૌકાદળે અનેક પ્રકારના સૈન્ય અભ્યાસો શરૂ કરી દીધા છે અને તેમાં મિસાઈલ ફાયરિંગ અને યુદ્ધાભ્યાસ સહિતની બાબતો સામેલ છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં હજુ વધુ સૈન્ય અભ્યાસો અને પ્રદર્શનો યોજવાની યોજના છે. ભારતીય કોસ્ટ ગાર્ડે પણ ગુજરાતના તટથી દૂર આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ પાસે જહાજ તહેનાત કર્યા છે. અહીં દેરખેર વધારવા માટે કોર્સટ ગાર્ડ અને નૌકાદળ સાથી મળીને કામ કરી રહ્યા છે.

# INS સુરત પહેલીવાર પહોંચ્યું હજીરા પોર્ટ


**સુરત**

પહલગામ આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તણાવની સ્થિતિ વચ્ચે ભારતીય નૌકાદળની તાકાતનું પ્રતીક અત્યાધુનિક યુદ્ધ જહાજ INS સુરત આજે સુરતના હજીરા પોર્ટ ખાતે પહોંચ્યું છે. રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયા અને સુરતના કલેક્ટર દ્વારા આ યુદ્ધ જહાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગત ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈમાં આ જહાજનું લોકાપ ણ કર્યું હતું, જે આજે પ્રથમ વખત ગુજરાત પહોંચ્યું છે. INS સુરત આગામી બે દિવસ સુરતના હજીરા પોર્ટ ખાતે રહેશે. આ દરમિયાન આવતીકાલે પોલીસ અધિકારીઓ, NCC વિદ્યાર્થીઓ, વિવિધ અધિકારીઓને જહાજની અંદરની સુવિધાઓ અને તેની તાકાતથી પરિચિત કરવામાં આવશે.

# લાયસન્સ માટે અરજી કરતાં 57% ગુજરાતી નાપાસ થાય છે

## રિવર્સ ટેસ્ટ આપતા મોટાભાગના એલએમવી લાયસન્સ અરજદારો નિર્ણયની ભૂલો કરે છે

અમદાવાદઃ ગુજરાતમાં વાહનોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે, વાહનો વધવાની સાથે લોકો લાયસન્સ માટે પણ મોટા પ્રમાણમાં અરજી કરી રહ્યા છે. એક રિપોર્ટ પ્રમાણે, ગુજરાતમાં કાર ડ્રાઈવિંગ લાયસન્સ માટે અરજી કરતાં 57 ટકા લોકો નાપાસ થાય છે.સારથી વેબસાઈટના તાજેતરના ડેટા અનુસાર, અરજદારોને ડ્રાઈવિંગ લાયસન્સ ટેસ્ટ પાસ કરવામાં મુશ્કેલી પડી રહી છે, જેમાં પાસ થવા માટે સરેરાશ ત્રણ પ્રયાસોની જરૂર પડે છે. 2024-25 માં, 7.58 લાખ લોકોએ 20.5 લાખ ડ્રાઈવિંગ ટેસ્ટ આપ્યા હતા. તેમાંથી ફક્ત 6



લાખ લોકોએ જ સફળતાપૂર્વક તેમના લાયસન્સ મેળવ્યા હતા.

ફોર વ્હીલરના ટેસ્ટમાં નાપાસ થવાનો દર વધારે હતો. 57 ટકા અરજદારો પ્રક્ટિકલ પરીક્ષામાં નાપાસ થયા હોવાનું આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું. ટુ વ્હીલરના ડ્રાઈવિંગ લાયસન્સ માટે અરજીકર્તા પૈકી માત્ર 15 ટકા જ નાપાસ થયા હતા. એલએમવી ટેસ્ટમાં 80 ટકા થી વધુ ફેઈલ અપ-ગ્રેડિયન્ટ અને રિવર્સ ટેસ્ટમાં થયા હતા. જ્યારે બાકીના 20 ટકાને પાર્કિંગ અને અંગ્રેજી 8 ટ્રેક પરીક્ષણમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

રિવર્સ ટેસ્ટ આપતા મોટાભાગના એલએમવી લાયસન્સ અરજદારો નિર્ણયની ભૂલો કરે છે. ઘણા લોકો તેમની કારને પાછળની તરફ ધસતી અટકાવી શકતા નથી અને તેથી તેમને ગેરલાયક ઠેરવવામાં આવે છે.

# કોલકાતાની હોટેલમાં આગ : 14નાં મોત, 13 ઘાયલ

## વડાપ્રધાન મોદી અને મુખ્યપ્રધાન મમતાની મૃતકોના પરિવારજનો માટે રૂ. બે-બે લાખ આપવાની જાહેરાત, ઘટનાની તપાસનો આદેશ

**કોલકાતા**

મધ્ય કોલકાતાના મછુઆપટ્ટી વિસ્તારની એક હોટેલમાં ભીષણ આગ લાગવાથી એક મહિલા અને બે બાળકો સહિત ૧૪ લોકોનાં મોત થયા હતા અને ૧૩ ઘાયલ થયા હતા તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર છ માળની રિતુરાજ હોટેલમાં સાંજે ૭.૩૦ વાગ્યે આગ લાગી હતી. આ હોટેલના કુલ ૪૨ રૂમોમાં કુલ ૮૮ મહેમાનો હતાં. મૃતકોમાં ૧૧ પુરુષો, એકે મહિલા અને બે બાળકોનો સમાવેશ થાય છે.

મેયર ફિરહાદ હાકીમના જણાવ્યા અનુસાર તમામ ૧૪ મૃતદેહોની ઓળખ કરી લેવામાં આવી છે અને પરિવારજનોને મૃતદેહો સોંપવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી હતી.

આ અગાઉ પોલીસ કમિશનર મનોજ વર્મા અને સ્ટેટ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના પ્રધાન સુજિત બોઝે ૧૫ લોકોના મોત થયા હોવાની જાહેરાત કરી હતી. જો કે હોસ્પિટલો અને બચાવ એજન્સીઓ સાથે આંકડા ક્રોસ વેરિફિકેશન કર્યા પછી મૃત્યુ આંક રિવાઈઝ કરી ૧૪ કર્યો હતો.

દસ કલાકની ભારે જહેમત પછી ફાયર વિભાગને આગ પર અંકુશ મેળવવામાં સફળતા મળી હતી. આગ લાગવાના કારણો શોધવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

ડાયરેક્ટર જનરલ ઓફ ફાયર સર્વિસીસ રણવીર કુમારના જણાવ્યા અનુસાર હોટેલના ફાયર સેફ્ટી ક્લિયરન્સની મુદત ૨૦૨૨માં પૂર્ણ થઈ ગઈ હતી અને ત્યારબાદથી તેને રિન્યુ કરાવવામાં આવ્યું નથી. ઘટનાના સંદર્ભમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને હોટેલના માલિકો ભાગી ગયા છે.



# જેસલમેરમાંથી પાક. જાસૂસની ધરપકડ ISIને મોકલતો હતો સિક્રેટ ફોટો-વીડિયો

## પઠાણ ખાન વર્ષ 2019માં પાકિસ્તાન ગયો હતો

**જેસલમેર**

પાકિસ્તાન ભારત વચ્ચે તણાવભરી સ્થિતિમાં રાજસ્થાન ઈન્ટેલિજન્સને મોટી સફળતા મળી છે. 1 મેના રોજ એટલે કે ગુરુવારે જેસલમેરના ઝીરો આરડી મોહનગઢ વિસ્તારમાંથી એક પાકિસ્તાની જાસૂસ પઠાણ ખાનની ધરપકડ કરવામાં આવી છે. પઠાણ ખાન પર ભારત અને સેના સંબંધિત વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માહિતી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIને મોકલવાના ગંભીર આરોપો છે.

પઠાણ ખાન ઘણા સમયથી પાકિસ્તાની એજન્સી માટે કામ કરતો હતો અને 1 મહિના પહેલા પણ તેને શંકાના આધારે અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેની ગતિવિધિઓ શંકાસ્પદ જણાઈ આવી હતી અને ત્યારબાદ તેને પૂછપરછ માટે જયપુરના સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન સેન્ટરમાં લાવવામાં આવ્યો હતો, જે દરમિયાન ખુલાસો થયો કે તે ISI હેન્ડલરના નિર્દેશ પર ભારતની ગુપ્ત માહિતી શેર કરી રહ્યો હતો. પઠાણ ખાન 2019માં પાકિસ્તાન ગયો હતો અને તેના ઘણા સંબંધીઓ ત્યાં રહે છે.

# દેશમાં કુલ 143 મહિલા સાંસદ અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ : ADRના રિપોર્ટમાં ખુલાસો

**નવી દિલ્હી**

દેશના રાજકારણને સ્વચ્છ કરવાના આશયથી કલંકિત નેતાઓને દૂર કરવાની સાથે મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા અંગે વિચાર કરવામાં આવ્યો હતો અને તે માટે ચૂંટણીમાં મહિલા અનામત કાયદો પણ પસાર કરવામાં આવ્યો. જો કે, હાલના એક રિપોર્ટ મુજબ કલંકિત નેતાઓમાં મહિલાઓ પણ પાછળ નથી. દેશમાં 28% મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ નોંધાયા છે.



દેશમાં નેતાઓ અને ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખતી સ્વયંસેવી સંસ્થા એડીઆરના રિપોર્ટમાં જણાવાયું કે, દેશમાં 17 મહિલા સાંસદ અને ધારાસભ્યોએ પોતાને અબજોપતિ જાહેર કરી છે જ્યારે 28% મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. લોકસભામાં 75 મહિલા સાંસદોમાંથી 6 જ્યારે રાજ્યસભામાં 37 માંથી 3 અને રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશોમાં 400 મહિલા ધારાસભ્યોમાંથી 8 અબજોપતિ છે.

દેશમાં વર્તમાન કુલ 513 મહિલા સાંસદો અને ધારાસભ્યોમાંથી 512 એ રજૂ કરેલા સોગંદનામાના આધારે એડીઆર દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે 143 એટલે કે 28% મહિલા સાંસદો અને ધારાસભ્યોએ તેમની સામે ક્રિમિનલ કેસ નોંધાયા હોવાનું જાહેર કર્યું છે.

# નવી દિલ્હીમાં વર્ગખંડોના બાંધકામમાં રૂપિયા 2000 કરોડના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરાયો

## કેજરીવાલ સરકારમાં વર્ગખંડોનાં નિર્માણમાં વધારે રકમના ટેન્ડરોને મંજૂરી અપાઈ હતી

**નવી દિલ્હી**

દિલ્હી સરકારની ભ્રષ્ટાચાર વિરોધી શાખા (એસીબી)એ અરવિંદ કેજરીવાલના નેતૃત્ત્વવાળી સરકારમાં ૧૨,૭૪૮વર્ગખંડોના નિર્માણમાં ભ્રષ્ટાચાર બદલ આપ નેતાઓ મનિષ સિસોદીયા અને સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે તેમ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

એસીબીના નિવેદન અનુસાર આ કૌભાંડ ૨૦૦૦ કરોડ રૂપિયાનું છે અને તેમાં ખૂબ જ વધારે રકમ ધરાવતા





ટેન્ડરોને મંજૂરી આપવામાં આવી હતી. પ્રત્યેક વર્ગખંડનું નિર્માણ ૨૪.૮૬ લાખ રૂપિયામાં કરવામાં આવ્યું છે. આ રકમ સામાન્ય ખર્ચથી પાંચ ગણી વધારે છે.

આ પ્રોજેક્ટ હેઠળ આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા કોન્ટ્રાકટરોને કામ સોંપવામાં આવ્યું હતું. તે સમયે સિસોદીયા શિક્ષણ પ્રધાન હતાં અને જૈન પીડબ્લ્યુડી પ્રધાન હતાં. કમ્પેટેન્ટ ઓથોરિટી દ્વારા પીસી એક્ટની કલમ ૧૭-એ હેઠળ ફરિયાદ મળતા કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીએ જણાવ્યું છે કે સિસોદિયા અને જૈનને પંજાબ પાર્ટી યુનિટના અનુક્રમે ઈનચાર્જ અને કો-ઈનચાર્જ બનાવવામાં આવતા તેમના પર દબાણ બનાવવા અને તેમને ડરાવવા માટે તેમની વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

# મણિપુરમાં શાંતિ માટે સરકાર પુનઃસ્થાપિત કરો : 21 MLAએ મોદીને અલ્ટીમેટમ આપ્યું

**ઈમ્ફાલ**

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદ્યાના ત્રણ મહિના બાદ ચૂંટાયેલી સરકારને પુનઃ સત્તા સોંપવાની માગ ઉભી થઈ છે. મણિપુરના 21 ધારાસભ્યોએ વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીને પત્ર લખી રાજ્યમાં ચૂંટાયેલી સરકારને પુનઃસ્થાપિત કરવા અપીલ કરી છે.

મણિપુરના ધારાસભ્યોએ સરકારને સત્તા સોંપવા મુદ્દે ઝડપથી નિર્ણય લેવા અપીલ કરી છે. તેઓએ કેન્દ્ર સરકારને અલ્ટીમેટમ પણ આપ્યું છે કે, જો મણિપુરમાં શાંતિ જોઈએ તો 15 મે સુધી સરકારને પુનઃસ્થાપિત કરવા નિર્ણય લો. જો 15 મે સુધી કોઈ



સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો તેઓ પોતે સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકે છે. આ અરજી પત્રમાં ભાજપના 14 ધારાસભ્યોના નામ પણ સામેલ છે. નેશનલ પીપલ્સ પાર્ટીના ત્રણ, નાના પીપલ્સ ફ્રન્ટના બે અને બે અપક્ષ ધારાસભ્ય સામેલ છે. તે સિવાય આ ધારાસભ્યોને 10 કુકી સમુદાયના ધારાસભ્યોનું પણ સમર્થન મળ્યું છે.

# મુકેશ અંબાણી ફરીવાર 100 અબજ ડોલર ક્લબમાં સામેલ

**મુંબઈ**


દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સતત તેજી જોવા મળી રહી છે. છેલ્લા 3-4 દિવસોમાં તેના શેરના ભાવમાં 8 ટકાનો વધારો થયો છે. તેનાથી કંપનીના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થમાં પણ ઘણો વધારો થયો છે અને ફરી એક વાર તેઓ 100 અબજ ડોલરની ક્લબમાં પ્રવેશી ગયા છે. ફોર્બ્સની રિયલ ટાઈમ બિલીયોનેર્સની યાદી અનુસાર મુકેશ અંબાણી નેટવર્થ ૧૦૬.૧ અબજ ડોલરના સ્તરે સ્પર્શી ગઈ છે. પાછલા શુક્રવારે બજાર બંધ થયા પછી તેણે પોતાના ત્રિમાસિક પરિણમો જારી કર્યા હતા. જે અપેક્ષા કરતા વધુ સારા હતા. તેના પછીનાસતત ત્રણ સત્રોમાં રિલાયન્સના શેરમાં વધારો થયો હતો. આ વર્ષે અત્યાર સુધીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૧૪.૭૯%નો વધારો થયો છે. છેલ્લા એક મહિનામાં ૯.૯૮%નો વધારો થયો છે.

# દિલ્હી હાટમાં ભીષણ આગ, 30 દુકાનો ખાખ, સરકારે મદદનું આશ્વાસન આપ્યું

**નવી દિલ્હી**

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના INA ખાતે દિલ્હી હાટમાં બુધવારે રાત્રે ભીષણ આગ લાગી હતી. ઘટનાના પગલે 14 જેટલી ફાયર વિભાગની ગાડીઓ આગ બુઝાવવા માટે પહોંચી હતી. ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો છે. આગમાં 30 થી 50 દુકાનો બળીને ખાખ થવાની માહિતી મળી રહી છે. બચાવ કામગીરીમાં એક-બે લોકો ઘાયલ પણ થયા છે. પોલીસનું કહેવું છે કે, આગમાં થયેલી નુકસાનીને લઈને તપાસ શરૂ કરાશે.

આગે અનેક દુકાનોને પોતાની ઝપેટમાં



લઈ લીધી હતી. જોકે, અત્યાર સુધીમાં કોઈ જાનહાનિના સમાચાર નથી, જે રાહતની વાત છે. આગ લાગવાના કારણોની હાલ તપાસ કરાઈ રહી છે, પરંતુ પ્રાથમિક રીતે શોર્ટ સર્કિટની શક્યતા દર્શાવાઈ રહી છે. બીજી તરફ રાજ્ય સરકારે મદદનું આશ્વાસન આપ્યું છે.

# પહેલગામ હુમલા વચ્ચે ચારધામ યાત્રામાં આતંકવાદ વિરોધી સ્ક્વોડ તૈનાત કરાઈ

**દેહરાદુન**

હુમલાને લઈને સમગ્ર તંત્ર એલર્ટ પર છે. એવામાં ઉત્તરાખંડની ચારધામ યાત્રા શરૂ થવા જઈ રહી છે. ૩૦મી એપ્રીલથી ઉત્તરાખંડમાં ભારે સુરક્ષા વચ્ચે ચારધામ યાત્રાનો પ્રારંભ થશે. આતંકી હુમલો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં રાખીને યાત્રાની સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ યાત્રામાં સામેલ થનારા શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે છ હજારથી વધુ પોલીસકર્મીઓને તૈનાત કરાયા છે. આ ઉપરાંત ૧૭ પીએસી કંપની, ૧૦ અર્ધ સૈન્ય દળોની કંપનીઓ પણ તૈનાત કરવામાં આવી છે. ૧૫ સુપર ઝોનમાં બે હજારથી વધુ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. આ વખતે ચારેય ધામોમાં એન્ટી ટેરેરિસ્ટ સ્ક્વોડ પણ તૈનાત કરાશે.

# કાશ્મીરમાં હુમલાની ભીતિ : 87 માંથી 48 પર્યટન સ્થળો બંધ

## ભારતની આક્રમણની તૈયારી વચ્ચે પાક. સરકાર વિરૂદ્ધ પીઓકેમાં લોકો રસ્તા પર ઉતર્યા, જમીન પર કબજો નહીં કરવા સેનાને ચેતવણી

**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પર્યટકોને નિશાન બનાવીને આતંકીઓએ બેફામ ગોળીબાર કર્યો હતો, જેમાં અનેક પર્યટકો માર્યા ગયા હતા. આ હુમલા બાદ સુરક્ષાદળો અને પોલીસ હાઈએલર્ટ પર છે ત્યારે જમ્મુ કાશ્મીરના મહત્વના કુલ ૮૭ પર્યટન સ્થળોમાંથી ૪૮ને હાલ પુરતા બંધ કરી દેવામાં આવ્યા છે. આતંકીઓ હજુ પણ સક્રિય છે અને અન્ય પર્યટન સ્થળોને તેમજ સુરક્ષાદળોને નિશાન બનાવી હજુ હુમલો કરી શકે છે, આ ઈનપુટ મળ્યા બાદ સુરક્ષાને ધ્યાનમાં રાખીને અડધાથી વધુ પર્યટન સ્થળો બંધ કરી દેવાયા છે.

ભારતની સુરક્ષા એજન્સીઓને ગુપ્ત રિપોર્ટ મળ્યો છે કે આગામી દિવસોમાં પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ આતંકીઓ સાથે મળીને જમ્મુ કાશ્મીરમાં બિનકાશ્મીરીઓને નિશાન બનાવીને વધુ હુમલાની તૈયારીમાં છે. ખાસ કરીને શ્રીનગર અને ગંડેરબાલ આતંકીઓના નિશાના પર છે. આતંકીઓ આ હુમલા કરીને પર્યટન ઉદ્યોગ અને જમ્મુ કાશ્મીરની આર્થિક સ્થિતિને પણ ડામાડોળ કરવા માગે છે. ઘાટીમાં હાલ રેલવે સ્ટાફમાં બિનકાશ્મીરીઓ પણ તૈનાત છે. આવા કર્મચારીઓને પણ આતંકીઓ નિશાન બનાવી શકે છે. જવાબી કાર્યવાહી માટે સુરક્ષાદળોએ ફિદાયીન વિરોધી સ્કોડ્સ, એસઓજીના જવાનોને સંવેદનશીલ પર્યટન સ્થળોએ તૈનાત કર્યા છે.

## સરહદે ગોળીબાર કરી ટેન્કો ગોઠવાતા તણાવ વધ્યો, ભારત એલર્ટ

પહેલગામમાં આતંકી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સતત તણાવ વધ્યો છે ત્યારે જમ્મુ-કાશ્મીરમાં એલઓસી પછી હવે આંતરરાષ્ટ્રીય સરહદ પર સ્થિત ભારતીય ફ્રન્ટ પર પાકિસ્તાને ગોળીબાર શરૂ કરી દીધો છે. આ સાથે પાકિસ્તાને સરહદ પર ટેન્કો અને તોપખાના ગોઠવવાનું શરૂ કરી દીધું છે. પાકિસ્તાન સતત છ દિવસથી એલઓસી પર ગોળીબાર કરી રહ્યું છે. ભારતીય સૈન્યે પાકિસ્તાન સૈન્યને હોટલાઈન પર આ અંગે ચેતવણી આપી છે. ભારતે સિંધુ જળસંધિ અટકાવી ત્યારથી પાકિસ્તાન સરહદે ગોળીબાર કરી રહ્યું છે,



હાલમાં જે પણ પર્યટન સ્થળોને બંધ કરવામાં આવ્યા છે તેમાં ખેરીબાલનું સૂર્ય મંદિર, બંદીપોરાનું બડગામ, ગુરેઝ ઘાટી, કુલગામ, કુપવાડા, બેંગસ ઘાટી વગેરે કુલ ૪૮ જેટલા સ્થળોનો સમાવેશ થાય છે.

## LoC પર સતત સાતમા દિવસે સીઝફાયર ભંગ, ભારતનો સજ્જડ જવાબ

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ LoC પર પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પાકિસ્તાને સતત સાતમા દિવસે LoC પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. 30 અને 1 મેની રાત્રે, પાકિસ્તાની સેનાની ચોકીઓએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, ઉરી અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પાર કરીને નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો હતો. જેનો ભારતે જવાબ આપ્યો હતો.

## ભારત સરકારનો નિર્ણય : પાકિસ્તાની ફ્લાઈટ્સ માટે એરસ્પેસ કર્યું બંધ

સરકારે બુધવારે વધુ એક મોટો નિર્ણય લીધો છે. હવે ભારતે પાકિસ્તાન માટે પોતાનું આગામી 23 મે સુધી એરસ્પેસ બંધ કરી દીધું છે. જેથી પાકિસ્તાનની કોઈપણ ફ્લાઈટ્સ ભારતમાંથી જઈ શકશે નહીં. બુધવારે, ભારતે એક NOTAM (નોટિસ ટૂ એરમેન) જારી કરીને પાકિસ્તાનમાં નોંધાયેલા, સંચાલિત અને માલિકીના તમામ વિમાનો માટે પોતાના હવાઈ ક્ષેત્રને બંધ કરવાની જાહેરાત કરી. પાકિસ્તાની વિમાનો પરનો આ પ્રતિબંધ 30 એપ્રિલથી 23 મે, 2025 સુધી ચાલુ રહેશે. આ અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારતે હવે સત્તાવાર રીતે તેના હવાઈ ક્ષેત્રને પ્રતિબંધિત કરી દીધું છે, જેના કારણે પાકિસ્તાની એરલાઇન્સને કુઆલાલંપુર જેવા દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશો સુધી પહોંચવા માટે ચીન અથવા શ્રીલંકા જેવા દેશો થઈને લાંબો માર્ગ અપનાવવાની ફરજ પડી છે. અગાઉ, જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાને ભારતીય ફ્લાઇટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું.

## મોદીની હાઈ લેવલ મિટિંગ, આર્મી ચીફ, NSA અને વિદેશ મંત્રી સાથે ચર્ચા

જમ્મુ-કાશ્મીરના પહેલગામ આતંકી હુમલામાં 26 નિર્દોષ નાગરિકોનો મોત થયા હતા. આતંકી હુમલાને લઈને દેશભરમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે સરકારે પાકિસ્તાન વિરોધી કેટલાક પગલા લીધા છે. તેવામાં પાકિસ્તાન વિરૂદ્ધ એક્શન લેવાની સંભાવના વચ્ચે ભારતીય સેનાના અધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે 7 લોક કલ્યાણ માર્ગ પર તેમના આવાસ ખાતે મુલાકાત કરી છે. વડાપ્રધાન સાથેની આ બેઠકમાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને એનએસએ અજિત ડોભાલ પણ હાજર હોવાનું સામે આવ્યું છે. વડાપ્રધાન મોદી સાથે બેઠક પૂર્ણ થતાં આર્મી ચીફ સહિત વિદેશન મંત્રી પરત ફર્યા હતા. 90 મિનિટ ચાલેલી બેઠકમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને ત્રણેય સેનાઓના વડાઓ - આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, નેવી ચીફ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી અને એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ બેઠકમાં હાજર રહ્યા હતા.

# આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા ઘટના બાદ સો. મીડિયામાં એક્ટિવેટ હતા : રિપોર્ટ

**નવી દિલ્હી**

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં ઘણા ખુલાસા થયા છે. NIAની તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા. અને આ ઘટના બાદ આંતકવાદી સોશિયલ મીડિયામાં એક્ટિવેટ હતા અને તેમના બોસને દરેક વસ્તુની માહિતી આપી રહ્યા હતા. હવે, ચાલી રહેલી તપાસમાં ખુલાસો થઈ રહ્યો છે કે ગ્રાઉન્ડ ઝીરો પર આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા તેમના બોસને સંપૂર્ણ અપડેટ મોકલી રહ્યા હતા. આતંકવાદીઓ પાસે કેમેરા અને સેટેલાઈટ ફોન પણ હતા જેના દ્વારા તેઓ પાકિસ્તાન સાથે સીધા સંપર્કમાં હતા. તપાસ દરમિયાન, એવા દાવા કરવામાં આવી રહ્યા છે કે તેને પાકિસ્તાનમાં છુપાયેલા આતંકવાદીઓ દ્વારા પણ નિર્દેશિત



કરવામાં આવી રહ્યો હતો. NIAની તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા. આ આતંકવાદીઓને મદદ કરનારા લોકો પાસેથી એ પણ જાણવા મળ્યું છે કે પહેલગામ ઉપરાંત, આતંકવાદીઓના નિશાના પર ત્રણ વધુ સ્થળો હતા. ઘટના પહેલા ખીણમાં ત્રણ સેટેલાઈટ ફોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# 27 નિર્દોષોની હત્યાનો બદલો લઈશું : ગૃહમંત્રી અમિત શાહ

**નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને ચેતવણી આપી છે કે, તેઓ એવું ન વિચારે કે યુદ્ધ જીતી લીધું છે.

પહેલગામ આતંકી હુમલા બાદ પોતાની પહેલી સાર્વજનિક ટિપ્પણીમાં શાહે કહ્યું કે, લડાઈ હજુ ખતમ નથી થઈ. તેમણે (આતંકવાદીઓએ) એવું ન વિચારવું જોઈએ કે, અમારા ૨૭ લોકો માર્યા બાદ તેમણે યુદ્ધ જીતી લીધું છે.

તેમણે કહ્યું કે, જો કોઈ કાયરતાપૂર્ણ હુમલો કરવાનું વિચારે છે તો આ તેમની મોટી જીત છે, તો એક વાત સમજી લે, આ નરેન્દ્ર મોદીની સરકાર છે, કોઈને છોડશે નહીં. અમારો સંકલ્પ છે કે આ દેશના દરેક ખૂણામાંથી આતંકવાદને ઉખાડીને ફેંકી દઈશું. ન ફક્ત ૧૪૦ કરોડ ભારતીયો પણ આખી દુનિયા આ લડાઈમાં ભારત સાથે ઊભી છે.

અમિત શાહે આગળ કહ્યું કે, દુનિયાના તમામ દેશો એકજૂટ થઈને ભારતના લોકો સાથે આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ઊભા છે. હું આ સંકલ્પને ફરી રિપીટ કરવા માગું છું કે, જ્યાં સુધી આતંકવાદનો ખાતમો નહીં થાય, અમારી લડાઈ ચાલુ રહેશે. પહેલગામના જવાબદારોને વીણી વીણીને મારીશું.

# વાઘા બોર્ડરના દરવાજા બંધ કરતાં પાકિસ્તાનીઓ અધવચ્ચે ફસાયા

**ચંડીગઢ**

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. પાકિસ્તાને નફફટાઈની હદ વટાવતાં પોતાના જ નાગરિકોને સરહદ પર અધવચ્ચે અટકાવી દીધા છે. પાકિસ્તાને આજે વાઘા બોર્ડરના દરવાજા બંધ જ રાખતાં પાકિસ્તાની નાગરિકો અધવચ્ચે જ અટવાઈ ગયા છે.

ભારતે પાકિસ્તાન વિરુદ્ધ સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરવાથી માંડી પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા જેવા આકરા નિર્ણયો લીધા છે. જેમાં પાકિસ્તાની નાગરિકોને વતન પરત ફરવા માટે આપેલું અલ્ટીમેટમ દૂર કરતાં વધુ સમય આપ્યો હતો. ભારતે આગામી આદેશ સુધી અટારી-વાઘા બોર્ડર મારફત પાકિસ્તાનીઓને વતન પરત ફરવાની મુદ્દત આપી છે. જ્યારે પાકિસ્તાને આજે વાઘા બોર્ડરના દરવાજા બંધ કરી દેતાં નાગરિકો બંને દેશોની સરહદ પર અટવાયા છે. તમામ નાગરિકો અટારી બોર્ડર મારફત વતન પરત ફરી રહ્યા હતા. પરંતુ પાકિસ્તાનની તરફથી દરવાજો ન ખૂલતાં નાગરિકો આકરા તડકામાં રસ્તાઓ પર રહેવા મજબૂર બન્યા છે.

# પાક. આર્મીની ભારતને ધમકી : યુદ્ધ ક્યાં શરૂ થશે તે તમે નક્કી કરો, ક્યાં પુરું થશે તે અમે બતાવીશું

**ઈસ્લામાબાદ**

પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ઘણો તણાવ જોવા મળ્યો છે. ભારતે પાકિસ્તાન સામે ઘણા કડક પગલાં લીધાં છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ભારતને ચેતવણી આપી છે.

પાકિસ્તાનના લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ બુધવારે ભારતને ચેતવણી આપી હતી કે જો ભારત કોઈ હુમલો કરશે તો તેનો કડક અને સમજી-વિચારીને જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું, ભારત હુમલાનું સ્થળ નક્કી કરશે, પરંતુ તેનો અંત ક્યાં આવશે તે અમે નક્કી કરીશું. અહમદ શરીફ ચૌધરીએ ઈસ્લામાબાદમાં નાયબ વડાપ્રધાન અને વિદેશપ્રધાન ઈશાક ડાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં આ નિવેદન આપ્યું હતું. લેફ્ટનન્ટ જનરલ ચૌધરીએ, જે ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ(ISPR)ના વડા પણ છે, જણાવ્યું હતું કે પાકિસ્તાનની સેના, નૌકાદળ અને વાયુસેના ત્રણેય મોરચે - જમીન, હવા અને સમુદ્ર - જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે પાકિસ્તાને પૂર્વી અને પશ્ચિમી બંને સરહદો પર દેખરેખ વધારી દીધી છે. તેમણે કહ્યું, પાકિસ્તાનની સાર્વભૌમત્વ અને સુરક્ષાના રક્ષણ માટે અમે કોઈપણ હદ સુધી જઈશું. બધા જ બદલો લેવા તૈયાર છે. અમારા દળો સંપૂર્ણપણે સતર્ક અને સતર્ક છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ પહેલગામ આતંકવાદી હુમલા અંગે ભારત દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ફગાવી દીધા છે.

## પોઈન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| મુંબઈ ઈન્ડિયન્સ | 11 | 7 | 4 | 14 |
| રોગ્યલ ચેલેંજર્સ બેંગ્લોર | 10 | 7 | 3 | 14 |
| પંજાબ કિંગ્સ ઈલેવન | 10 | 6 | 3 | 13 |
| ગુજરાત ટાઈટન્સ | 9 | 6 | 3 | 12 |
| દિલ્હી કેપિટલ્સ | 10 | 6 | 4 | 12 |
| લખનઉ સુપર જાયન્ટ્સ | 10 | 5 | 5 | 10 |
| કોલકાતા નાઈટ રાઈડર્સ | 10 | 4 | 5 | 8 |
| રાજસ્થાન રોયલ્સ | 11 | 3 | 8 | 6 |
| સનરાઈઝર્સ હૈદરાબાદ | 9 | 3 | 6 | 6 |
| ચેન્નઈ સુપરકિંગ્સ | 10 | 2 | 8 | 4 |



### ટોપ 5 બેટ્સમેન

| ખેલાડી | રન | મેચ | ઈનિંગ |
|---|---|---|---|
| સુર્યકુમાર યાદવ | 475 | 11 | 11 |
| સાઈ સુદર્શન | 456 | 9 | 9 |
| વિરાટ કોહલી | 443 | 10 | 10 |
| યશસ્વી જયસ્વાલ | 439 | 11 | 11 |
| જોશ બટલર | 406 | 9 | 9 |



### ટોપ 5 બોલર

| ખેલાડી | વિકેટ | મેચ | ઈનિંગ |
|---|---|---|---|
| જોશ હેઝલવુડ | 18 | 10 | 10 |
| પ્રસિદ્ધ ક્રિષ્ના | 17 | 9 | 9 |
| ટ્રેન્ટ બોલ્ટ | 16 | 11 | 11 |
| નૂર અહમદ | 15 | 10 | 10 |
| ખલીલ અહમદ | 14 | 10 | 10 |

## ૨૦૨૮થી IPLની મેચો ૭૪થી ૯૪ની થાય તેવા સંકેત

નવી દિલ્હી : બીસીસીઆઈ ૨૦૨૮ની સિઝનથી આઈપીએલની મેચોની સંખ્યા વધારી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે ૨૦૨૮ની સિઝનથી આઈપીએલમાં કુલ ૯૪ મેચો રમાડવા અંગે વિચારણા થઈ રહી છે. જોકે નજીકના ભવિષ્યમાં ટીમોની સંખ્યામાં કોઈ વધારો થશે નહીં. ૨૦૨૨ની સિઝનથી બે નવી ટીમો જોડવામાં આવી હતી અને મેચોની સંખ્યા વધારીને ૭૪ની કરવામાં આવી હતી. ગુજરાત ટાઈટન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ ૨૦૨૨ની સિઝનમાં લીગનો હિસ્સો બની હતી અને શરૂઆતમાં વર્તમાન સિઝનથી મેચોની સંખ્યા ૮૪નો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો પરંતુ ટૂર્નામેન્ટ વિન્ડો અને બ્રોડકાસ્ટિંગ સમસ્યાના કારણે હાલ પૂરતી આ યોજના મોકૂફ રાખવામાં આવી છે.

# ૧૮ વર્ષમાં ૧૯ બોલર્સે હેટ્રિક ઝડપી છે, ચહલે બે વખત સિદ્ધિ મેળવી



### ઐયરની અડધી સદી : ચેન્નાઇ પ્લે ઓફની રેસમાંથી બહાર થયું

સીએસકે સામે હેટ્રિક ઝડપીને ચહલે ઇતિહાસ રચ્યો હતો. ચેપોકમાં તે હેટ્રિક ઝડપનાર બીજો બોલર બન્યો છે. આ પહેલાં ૨૦૦૮માં બાલાજીએ સીએસકે માટે હેટ્રિક નોંધાવી હતી. ૨૦૨૩ બાદ પ્રથમ વખત કોઇ બોલરે આઇપીએલમાં હેટ્રિક ઝડપી છે. છેલ્લે ગુજરાતના રાશિદ ખાને આ સિદ્ધિ હાંસલ કરી હતી. ચહલ બીજી વખત હેટ્રિક ઝડપવાની સાથે એક જ ઓવરમાં ચાર વિકેટ ઝડપનાર પ્રથમ બોલર પણ બન્યો છે. આઇપીએલમાં અમિત મિશ્રાા ત્રણ તથા યુવરાજ બે વખત હેટ્રિક ઝડપી ચૂક્યા છે. ચહલે અગાઉ ૨૦૨૨માં પણ હેટ્રિક નોંધાવી હતી. સ્પિનર યુજવેન્દ્ર ચહલે હેટ્રિક સહિત એક ઓવરમાં ચાર વિકેટ ઝડપ્યા બાદ શ્રૌયસ ઐયરે કેપ્ટન ઇનિંગ રમીને અડધી સદી ફટકારતા પંજાબ કિંગ્સે આઇપીએલના મુકાબલાને ચાર વિકેટે જીતી લીધો હતો. આ સાથે ચેન્નાઇ સુપર કિંગ્સ પ્લે ઓફની રેસમાંથી બહાર થઇ ગયું છે. ચેન્નાઇના ૧૯૦ રનના જવાબમાં પંજાબે છ વિકેટે ૧૯૪ રન બનાવીને મેચ જીતી લીધી હતી. પંજાબ માટે પ્રભસિમરને ૩૬ બોલમાં ૫૪ તથા ઐયરે ૪૧ બોલમાં પાંચ બાઉન્ડ્રી અને ચાર સિક્સર વડે ૭૨ રનની ઇનિંગ રમી હતી.

## રાજસ્થાન પ્લે ઓફની રેસમાંથી બહાર મુંબઇનો ૧૩ વર્ષ બાદ જયપુરમાં વિજય

જયપુર : ટોચના બેટ્સમેનોના ઉપયોગી રન બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી મુંબઇ ઈન્ડિયન્સે આઈપીએલની મેચમાં રાજસ્થાન રોયલ્સને ૧૦૦ રનથી હરાવીને લીગમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતું. આ સાથે રાજસ્થાન પ્લે ઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. મુંબઈના બે વિકેટે ૨૧૭ રનના જવાબમાં રાજસ્થાનની ટીમ ૧૧૭ રન નોંધાવી શકી હતી. મુંબઈની ટીમે ૧૩ વર્ષ બાદ જયપુરમાં વિજય હાંસલ કર્યો છે. રિકેલ્ટન તથા રોહિતે પ્રથમ વિકેટ માટે ૧૧૬ રનની ભાગીદારી નોંધાવીને મુંબઈ માટે આક્રમક શરૂઆત કરી હતી. આઈપીએલમાં પાંચમી વખત એક પણ સિક્સર વિના અડધી સદી પૂરી કરનાર રોહિતે ૫૩ તથા રિકેલ્ટને ૩૮ બોલમાં સાત બાઉન્ડ્રી તથા ત્રણ સિક્સર વડે ૬૧ રન બનાવ્યા હતા. સૂર્યકુમાર અને હાર્દિકે ઈનિંગને આગળ વધારી હતી. બંનેએ ૪૪ બોલમાં ૯૪ રનની ભાગીદારી નોંધાવી હતી.

## કોલકાતાનો દિલ્હી સામે ૧૪ રને વિજય

નવી દિલ્હી : સ્પિનર સુનીલ નરૈને ઘાતક બોલિંગ કરતા દિલ્હી કેપિટલ્સના મિડલ ઓર્ડરનો ધબડકો થયો હતો અને કોલકાતા નાઈટ રાઈડર્સે આઈપીએલના મુકાબલાને ૧૪ રનથી જીતી લીધો હતો. કોલકાતાના નવ વિકેટે ૨૦૪ રનના જવાબમાં દિલ્હીની ટીમ નવ વિકેટે ૧૯૦ રન નોંધાવી શકી હતી. દિલ્હી માટે ફાફ ડુ પ્લેસિસે ૪૫ બોલમાં ૬૨ તથા સુકાની અક્ષર પટેલે ૨૩ બોલમાં ચાર બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૪૩ રન બનાવ્યા હતા. નરૈને ૨૯ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

## લખનઉને હરાવી મુંબઈ બીજા ક્રમે પહોંચ્યું

મુંબઈ : આઈપીએલમાં ૨૦૨૫ મુંબઈ ઈન્ડિયન્સની દમદાર રમત યથાવત છે. લખનઉ સુપર જાયન્ટ્સને હરાવીને મુંબઈએ આઈપીએલ ૨૦૨૫માં સતત પાંચમી મેચ જીતી છે. વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં મુંબઈના બોલર્સ ચમક્યા હતા. મુંબઈએ પહેલા બેટિંગ કરતા ૨૧૫ રન કર્યા હતા. અને જવાબમાં લખનઉને ૧૬૧ રન પર રોકીને મેચમાં ૫૪ રનથી જીત મેળવી હતી. આ જીતની સાથે જ મુંબઈની ટીમ પોઈન્ટ ટેબલમાં બીજા નંબરે પહોંચી ગઈ હતી. લખનઉ વતી કોઈપણ બેટ્સમેન સારી અને લાંબી ઈનિંગ રમી શક્યો નહોતો.



## વૈભવની વિક્રમી ઇનિંગ વડે રાજસ્થાને ગુજરાતને આઠ વિકેટે પરાજય આપ્યો

જયપુર : ઓપનર વૈભવ સૂર્યવંશીની વિક્રમી સદી અને તેણે સાથી ઓપનર જયસ્વાલ સાથે પ્રથમ વિકેટ માટે નોંધાવેલી ૧૬૬ રનની ભાગીદારીની મદદથી રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઈટન્સને ૨૫ બોલ બાકી રાખીને આઠ વિકેટે પરાજય આપ્યો હતો. ગુજરાતના ચાર વિકેટે ૨૦૯ રનના જવાબમાં રાજસ્થાનની ટીમે બે વિકેટે ૨૧૨ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. રનચેઝ કરનાર રાજસ્થાનની ટીમ માટે વૈભવે ૧૧ સિક્સર અને સાત બાઉન્ડ્રી વડે ૧૦૧ રનની ઈનિંગ રમી હતી. યશસ્વી જયસ્વાલે ૪૦ બોલમાં નવ બાઉન્ડ્રી અને સાત સિક્સર વડે ૭૦ તથા રિયાન પરાગે ૧૫ બોલમાં અણનમ ૩૨ રનનું યોગદાન આપ્યું હતું.

## મ્યૂનિચ શૂટિંગ વર્લ્ડ કપ માટે મનુ ભાકર તથા કુસાલેની ભારતીય ટીમમાં પસંદગી

**નવી દિલ્હી :** પેરિસ ઓલિમ્પિકના સ્ટાર મનુ ભાકર અને સ્વપ્નિલ કુશાલેની એશિયન ગેમ્સની વર્તમાન ચેમ્પિયન પલક સાથે આઠમી જૂનથી યોજાનારા



આઈએસએસએફ રાઈફલ અને પિસ્તોલ વર્લ્ડ કપના મ્યૂનિચ તબક્કા માટેના ૨૩ સભ્યોની ભારતીય શૂટિંગ ટીમમાં પસંદગી થઈ છે. મનુ ભાકર બે વ્યક્તિગત ઈવેન્ટ (વિમેન્સ ૧૦ તથા ૨૫ મીટર પિસ્તોલ)માં સ્થાન મેળવનાર એકમાત્ર શૂટર છે. નેશનલ ટીમમાં મેન્સ એર રાઈફમાં સંદીપસિંહનું પુનરાગમન થયું છે. કુસાલે તથા સંદીપ પેરિસ ગેમ્સમાં ભાગ લીધા બાદ પ્રથમ વખત સ્પર્ધાત્મક ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે.

## પ્રતિકા રાવલના વન-ડેમાં ફાસ્ટેસ્ટ ૫૦૦ રન, વિશ્વની પ્રથમ બેટર બની

કોલંબો : ભારતીય વિમેન્સ ટીમ હાલમાં ત્રિકોણીય વન-ડે શ્રોણી માટે શ્રીલંકાના પ્રવાસે છે. મંગળવારે સાઉથ આફ્રિકા સામે ૨૪ વર્ષીય પ્રતિકા રાવલે અડધી સદી ફટકારીને સિદ્ધિ હાંસલ કરી હતી. તે વિમેન્સ વન-ડેમાં સૌથી ઓછી ઈનિંગમાં ૫૦૦ રન પૂરા કરનાર વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે. તેણે ઈંગ્લેન્ડની ચાર્લોટ એડવર્ડ્સનો રેકોર્ડ બ્રેક કર્યો હતો. ચાર્લોટે નવ ઈનિંગમાં ૫૦૦ રન પૂરા કર્યા હતા. પ્રતિકાએ ૯૧ બોલનો સામનો કર્યો હતો અને ૭૮ રનની ઈનિંગ રમી હતી. પ્રતિકાએ ભારત માટે ગયા વર્ષના ડિસેમ્બરમાં ડેબ્યૂ કર્યો



હતો. કારકિર્દીની પ્રથમ મેચમાં જ તેણે અણનમ ૫૦ રન બનાવ્યા હતા. તેણે સાઉથ આફ્રિકા સામે સતત પાંચમી અડધી સદી ફટકારીને ભારતની ભૂતપૂર્વ સુકાની મિતાલી રાજના રેકોર્ડને સરભર કર્યો હતો. મિતાલીએ પાંચ ઈનિંગ્સમાં સતત ફિફ્ટી પ્લસનો સ્કોર નોંધાવ્યો હતો.

## સતત ત્રણ મેચ હાર્યા બાદ જોકોવિચ ઈટાલિયન ઓપનમાંથી ખસી ગયો

**રોમ :** સતત ત્રણ ટૂર્નામેન્ટમાં હાર્યા બાદ સર્બિયાના સ્ટાર નોવાક જોકોવિચે એક મોટો નિર્ણય લીધો છે. પોતાનું ૧૦૦મું ટાઈટલ જીતવાના પ્રયાસમાં રહેલા જોકોવિચે ઈટાલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. જોકોવિચનો આ નિર્ણય વર્ષના બીજા ગ્રાન્ડસ્લેમ ફ્રેન્ચ ઓપનની તૈયારીને જોતાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તે આ ગ્રાન્ડસ્લેમ દ્વારા વિક્રમી ૨૫મી મેજર ટ્રોફી જીતવાનો પ્રયાસ કરશે.



ઈટાલિયન ઓપન મે મહિનામાં રોમ ખાતે ક્લે કોર્ટ ઉપર રમાશે. ૩૭ વર્ષીય જોકોવિચ છેલ્લી ત્રણ ટૂર્નામેન્ટ માયામી ઓપન, મોન્ટે કાર્લો માસ્ટર્સ તથા મેડ્રિડ ઓપનમાં પ્રારંભિક રાઉન્ડમાં હારી ગયો હતો.

# ચીનનાં લિયા-ઓનિંગની રેસ્ટોરાંમાં આગ : 22નાં મોત


## આગ લાગતાં અફરાતફરી સાથે નાસભાગ થતાં અનેકને ઈજા પહોંચી, શોર્ટ સર્કિટને કારણે આગ લાગ્યાનું પ્રાથમિક અનુમાન

**બૈજિંગ**

ચીનનાં લિયા ઓનિંગ પ્રાંતનાં મુખ્ય શહેર લિયા-ઓનિંગની એક રેસ્ટોરાંમાં આજે મંગળવારે બપોરે ૧૨.૨૫ વાગે અચાનક ભીષણ આગ ફેલાઈ જ્યાં ઓછામાં ઓછા ૨૨ લોકોનાં મૃત્યુ થયા છે. જ્યારે અનેકને દાહ થયા છે અને આગ લાગતા થયેલી અફરાતફરી મચી જતાં નાસભાગને લીધે કેટલાંકને ઈજાઓ પણ થઈ છે.

ચીનના સરકારી પ્રસારકના સીસીટીવી દ્વારા આ માહિતી પ્રાપ્ત થઈ છે. તેમાં જણાવ્યું છે કે, બપોરે ૧૨.૨૫ વાગે. લોકો લંચ લેવા રેસ્ટોરાંમાં ગયા હતા ત્યારે આ આગ ફાટી નીકળી હતી અને જોત-જોતામાં વ્યાપક બની ગઈ હતી. આગનું કારણ હજી સુધી જાણવા મળ્યું નથી. રીપોર્ટ વધુમાં જણાવે છે કે, લિયા-ઓનિંગ એક ઐતિહાસિક શહેર છે તે શેન-યાંગ શહેરથી એક કલાકના અંતરે જ આવેલું છે. તે સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે પણ ખ્યાતનામ છે. તેમજ ત્યાં ઘણા ઉદ્યોગો પણ છે.

આ ઘટના પાછળ આગ સામેની સલામતી વિષેના નિયમોનું યોગ્ય પાલન થતું ન હોવાની પણ આશંકા રહેલી છે તેમ કહેતાં અધિકારીઓ જણાવે છે કે, જલ્દીથી સળગી ઉઠે તેવા પદાર્થો કે ગેસનાં સાધનો વિષે કાળજી ન રાખવાને લીધે તેમજ ઈલેકિટ્રક વાયરિંગ બિસ્માર થઈ જતાં થતી શોર્ટ-સર્કિટને લીધે આવી ઘટનાઓ બને છે. જનતાને તથા વેપાર-ઉદ્યોગોને તે બધા વિષે તાકીદ કરાઈ હોવા છતાં માત્રને માત્ર બેદરકારીને લીધે આવી ઘટનાઓ પહેલા પણ બની હતી.





# સ્વિડનના ઉપ્સાલામાં અંધાધૂંધ ગોળીબાર હેર સલૂનમાં મચી અફરાતફરી, 3ના મોત

**ઉપ્સલા**

સ્વીડનના ઉપ્સલા શહેરમાં મંગળવારે એક હેર સલૂનમાં અંધાધૂંધ ગોળીબારની ઘટના સામે આવી છે. આ હુમલામાં ત્રણ લોકોના મૃત્યુ થયા છે, જ્યારે ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે આ મામલો તપાસ શરૂ કરી છે.

**હુમલાખોર સ્કૂટર પર ભાગી ગયો**

અહેવાલો અનુસાર, ગોળીબારની ઘટના વાકસાલા સ્ક્વેર નજીક સ્થિત એક સલૂનમાં બની હતી. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે,પાંચ ગોળીબારના અવાજ સાંભળ્યા અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ હુમલાખોર સ્કૂટર પર ભાગી ગયો હતો. તે હાલમાં પોલીસ કસ્ટડીની બહાર છે.

ઘટના બાદ મોટી સંખ્યામાં પોલીસ અને ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ પ્રવક્તા મેગ્નસ જેન્સન ક્લેરિને જણાવ્યું હતું કે, ‘આ વિસ્તારમાં મોટા વિસ્ફોટોના અનેક અહેવાલો મળ્યા છે. આ ઘટના એવા સમયે બની જ્યારે ઉપ્સલામાં વેલપુરગીસ વસંત મહોત્સવની તૈયારીઓ ચાલી રહી હતી, જેમાં સામાન્ય રીતે ભારે ભીડ ઊમટે છે.’

# USમાં 3 ભારતીયોના મોત : રોબોટિક્સ કંપનીના CEO, તેમની પત્ની અને બાળકના મૃતદેહ મળ્યા

**વોશિંગ્ટન**

અમેરિકાના વોશિંગ્ટનથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. 24મી એપ્રિલના રોજ એક ભારતીય ટેક કંપનીના સીઈઓએ તેમના પુત્ર અને પત્નીની ગોળી મારીને હત્યા કરી અને પછી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસના જણાવ્યાનુસાર, આ ઘટના વોશિંગ્ટનના ન્યૂકેસલ વિસ્તારમાં બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ દંપતીનો બીજો એક પુત્ર પણ છે, જે ઘટના સમયે ઘરે નહોતો.



અહેવાલો અનુસાર, મૃતકોની ઓળખ 25 વર્ષીય હર્ષવર્ધન એસ કિક્કેરી, તેમની 44 વર્ષીય પત્ની શ્વેતા પન્યામ અને તેમના 14 વર્ષના પુત્ર તરીકે થઈ છે. જ્યારે પોલીસ ઘરમાંથી એક બાળકને પોતાની સાથે લઈ ગઈ છે. આ ઘટના પછી બાળક ખૂબ જ ડરી ગયો હતો. જો કે, કિંગ કાઉન્ટી શેરિફ ઓફિસ દ્વારા બાળકની ઓળખ જાહેર કરવામાં આવી નથી.

ટેક કંપનીના સીઈઓએ આ પગલું કેમ ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ નથી. પોલીસે દાવો કર્યો છે કે આ કેસ ઉકેલાઈ જશે. હાલમાં તપાસ ચાલી રહી છે. પડોશીઓએ પોલીસને જાણ કરી છે કે પરિવાર ખૂબ જ મૈત્રીપૂર્ણ હતો. હર્ષવર્ધન મૂળ કર્ણાટકના માંડ્યા જિલ્લાના રહેવાસી હતા. તેઓ મૈસુરમાં રોબોટિક્સ કંપની હોલોવર્લ્ડના સ્થાપક અને સીઈઓ હતા. તેમની પત્ની કંપનીના સહ-સ્થાપક હતા.

# દુનિયાની સૌથી વૃદ્ધ મહિલા બ્રાઝીલી નનેનું 116 વર્ષની ઉંમરે નિધન

**રિયો-ડી-જોનેરો**



વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ સિસ્ટર ઈનાહ કૈનાબારોનું 30મી 116 વર્ષની ઉંમરે નિધન થયું છે. કેટલાક અઠવાડિયામાં 117 વર્ષના થવાના હતા. ટેરેસિયન નન સમુદાય ‘ધ કંપની ઓફ સેન્ટ ટેરેસા ઑફ જીસસ’એ જણાવ્યું કે, સિસ્ટર કાનાબારોનું નિધન કુદરતી કારણોથી તેમના ઘરે થયું હતું. દુનિયાભરના સુપર સેન્ટીનેરિયનો પર નજર રાખનારી સંસ્થા લોન્જેવીક્વેસ્ટે દુનિયાના સૌથી વૃદ્ધ જીવિત વ્યક્તિ જાહેર કર્યા હતા.

# ઉત્તર કોરિયાને યુક્રેન પણ ભારે પડ્યું, 4700 સૈનિકો માર્યા ગયા : દક્ષિણ કોરિયાનો દાવો

**સિઓલ**

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે યુક્રેનની સેનાએ ઉત્તર કોરિયાની સેનાને મોટું નુકસાન પહોંચાડ્યું છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમિર ઝેલેન્સ્કીની સેનાએ એક સાથે બંને દેશોને હંફાવી વિશ્વભરને ચોંકાવી દીધા છે. રશિયા માટે યુદ્ધ લડી રહેલા ઉત્તર કોરિયાના 4700 સૈનિકોના મોત અને ઘાયલ થયા હોવાનો દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ દાવો કર્યો છે. દક્ષિણ કોરિયાએ આજે (30 એપ્રિલ) કહ્યું કે, ‘અમારા અંદાજ મુજબ રશિયાને યુદ્ધમાં લડવા માટે સાથ



આપનાર ઉત્તર કોરિયાની સેનાના અનેક સૈનિકોના મોત અને ઘાયલ થયા છે.

દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ આ દાવો કરીને વિશ્વભરને ચોંકાવી દીધા છે. બીજીતરફ બે દિવસ પહેલા ઉત્તર કોરિયા પ્રથમવાર બોલ્યું હતું કે, ‘રશિયા કુર્સ્ક વિસ્તારના કેટલાક ભાગો પર કબજો કરી શકે તે માટે તેણે તેના સૈનિકો મોકલ્યા હતા.’ ગત વર્ષે યુક્રેને કુર્સ્ક વિસ્તારમાં અચાનક ઘૂસણખોરી કરી હતી, જેના કારણે રશિયા આ વિસ્તાર નિયંત્રણ ખોઈ બેઠો હતો. બેઠકમાં ભાગ લેનાર એક સાંસદ લી સેઓંગ ક્વેઉને કહ્યું કે, ‘બંધ રૂમમાં યોજાયેલી સંસદીય બેઠકમાં દક્ષિણ કોરિયાની રાષ્ટ્રીય ગુપ્તચર સેવાએ કહ્યું કે, રશિયા-યુક્રેન યુદ્ધમાં સામેલ ઉત્તર કોરિયાના 600 સૈનિકોના મોત અને 4700 સૈનિકો ઘાયલ થયા છે.’

# પાકિસ્તાનમાં ભૂકંપના ઝટકા, રિક્ટર સ્કેલ ઉપર 4.4ની તીવ્રતા નોંધાઈ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં બુધવારે રાત્રે 9.58 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા છે. NCSના જણાવ્યા મુજબ આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 4.4 માપવામાં આવી હતી. હાલમાં જાનમાલના નુકસાન અંગે કોઈ માહિતી મળી નથી પણ ભૂકંપના આંચકાથી લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે અને ઘણા લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી ગયા છે. આ તીવ્રતાના ભૂકંપને કારણે હળવાથી મધ્યમ સ્તરના ઝટકા અનુભવી શકાય છે. પાકિસ્તાન ત્રણ મુખ્ય ટેક્ટોનિક પ્લેટોના સંગમ પર સ્થિત છે: અરબી, યુરો-એશિયન અને ભારતીય પ્લેટો.

# જેરુસલેમના આસપાસના વિસ્તારોમાં ભીષણ આગ, નેશનલ ઇમરજન્સી જાહેર, સેના તૈનાત



**જેરૂસલેમ :** એક તરફ જ્યાં ઇઝરાયલના વડા મંત્રી બેન્જામિન નેતન્યાહૂના નેતૃત્વ હેઠળનો દેશ હમાસને લઈને એલર્ટ છે, ત્યાં બીજી તરફ એક ભીષણ આગે દેશને એક નવા સંકટમાં ધકેલી દીધો છે. જેરુસલેમના પશ્ચિમી ભાગોમાં લાગેલી આ આગને કારણે ઇઝરાયલમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી દેવાઈ છે અને સેના તહેનાત કરી દેવાઈ છે.

# ટ્રમ્પના ટ્રેડ વોરને કારણે ઓન્ટેરિયોમાં 68,000થી વધુ નોકરી જવાની શક્યતા

## ઓન્ટેરિયોનો બેરોજગારી દર 2025થી 2029 સુધી 1.1 ટકા વધશે

**ટોરોન્ટો**

યુએસ ટેરિફ અને કેનેડાના પ્રતિભાવને કારણે આ વર્ષે ઓન્ટેરિયોમાં 68,100 નોકરીઓ ઓછી થઈ શકે છે, એવો અંદાજ એક નવા રિપોર્ટમાં છે. બુધવારે જાહેર કરાયેલા ફાઈનાન્સિયલ એકાઉન્ટેબિલિટી ઓફિસ ઓફ ઓન્ટારિયો (FAO)ના અહેવાલ મુજબ, આ આંકડો 2026માં 119,200 નોકરીઓ અને 2029માં 137,900 નોકરીઓ સુધી વધી શકે છે. ઓન્ટેરિયના અર્થતંત્ર પર ટેરિફની વાસ્તવિક અસર અનિશ્ચિત છે અને તે ટેરિફ કવરેજની તીવ્રતા, પહોળાઈ અને અવધિ તેમજ વ્યવસાયો, ઘરો અને અર્થતંત્રો કેવી રીતે પ્રતિક્રિયા આપે છે તેના પર આધાર રાખશે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે, યુ.એસ. ટેરિફને કારણે ઓન્ટેરિયોનો બેરોજગારી દર 2025થી 2029 સુધી 1.1 ટકા વધશે, જ્યારે નો ટેરિફ પરિસ્થિતિ હશે.

મોટાભાગની નોકરીઓનું નુકસાન ઉત્પાદન ક્ષેત્ર તેમજ સંબંધિત સપ્લાય ચેઈન ઉદ્યોગોમાં થશે. પ્રાથમિક ધાતુ ઉદ્યોગો નોકરીના નુકસાનથી સૌથી વધુ પ્રભાવિત થશે, જેમાં 17,700 ઓછી નોકરીઓ થવાની ધારણા છે. તે પછી મોટર વાહન ભાગો ઉદ્યોગો અને મશીનરી અને ઈલેક્ટ્રોનિક્સનો સમાવેશ થાય છે. વિન્ડસર પ્રાંતનો સૌથી વધુ પ્રભાવિત વિસ્તાર હશે, કારણ કે 2026માં રોજગારમાં 1.6 ટકાનો ઘટાડો થવાની આગાહી છે.

# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટન દ્વારા કાર્યક્રમ

## હનુમાન જયંતી- રામનવમીની ઉજવણી, સંસ્થા સાથે સંકળાયેલા સદગતો અને પહેલગામના મૃત્કોના આત્માની શાંતિ માટે પ્રાર્થના

### રામાયણના પ્રસંગોની વિવિધ પાત્રો દ્વારા નૃત્ય થકી પ્રસ્તુતિ, ભક્તિગીતોએ રમઝટ જમાવી

**બ્રામ્પ્ટન**








ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની મીટીંગ ૨૭ એપ્રિલના રોજ રોયલ્ટન પેલેસ ખાતે યોજાઈ હતી. આ સાથે હનુમાન જયંતી અને રામનવમીની ઉજવણી કરાઈ હતી. **lunch** પછી મીટીંગની શરૂઆત 'ૐ तत् श्री नारायण' પ્રાર્થનાથી થઈ હતી. દેવયાનીબેન પટેલે શ્રી રામ સ્તુતિ ઉપર સુંદર કસરત કરાવી હતી. દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચનકમીટી, મેમ્બર્સ ભાઈ-બહેનોનું સ્વાગત કર્યા બાદ સૌને હનુમાન જન્મોત્સવ, રામનવમી, સ્વામીનારાયણ જયંતી, મહાવીર જયંતી અને શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્યોત્સવની સૌને શુભેચ્છા આપી હતી. જે બાદ હર્ષદભાઈ- રંજનબેનના વેવાઈ સ્વ. સુરેશભાઈ પટેલને, રંજનબેનના ભાભી સ્વ.મંજુલાબેન પટેલ અને જ્યોતિબેનના નણંદ સ્વ. નયનાબેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સાથે જ પહેલગામની ઘટનામાં અવસાન પામેલા પર્યટકોના આત્માની શાંતિ અર્થે "મંગલ મંદિર ખોલો દયામય.....!!!" સમૂહ પ્રાર્થના ગવાઈ હતી. હર્ષદભાઈએ આગામી મે માસની મીટીંગ 25મી મેના રોજ **Medical Expo**ની થીમ પર ગોર મેડો લાયબ્રેરીમાં રાખવા અંગે જાહેરાત સાથે જૂનમાં રાખેલ પીકનીકની માહિતી આપી હતી. ત્યારબાદ ચાલુ માસમાં આવતી જે તે સભ્યોની **anniversary** અને **birthday**ની ઉજવણી કરાઈ હતી. દક્ષાબેન રાજા અને હર્ષદભાઈ પટેલે સુભાષભાઈ પટેલની 80 **birthday** નિમિત્તે ઉપરણું ઓઢાડી તેમનું બહુમાન કર્યું હતુ. અરૂણભાઈ દવે, ચારુબેન દવે અને રેણુકાબેન દેસાઈએ એપ્રિલ ફૂલ પર નાનકડી **funny skit** રજૂ કરી સૌને ખૂબ હસાવ્યા હતા. શકુબેન પટેલે "रघुवीरको प्रणाम हमारा....!!!" ભક્તિગીત રજૂ કર્યું હતુ. ઈન્દુબેન અને જગદીશભાઈ પટેલે " बहारों फूल बरसाने...!!! તેમજ નિલુબેન- હિતેશભાઈએ "फूल तुम्हें भेजा है...!!!" **flowers songs** પર સુંદર **performance** આપ્યું હતુ. શિલાબેન નેગાંધીએ **Earth-Day**નું મહત્વ સમજાવ્યું હતુ. દક્ષાબેન અને રસિકભાઈને **Canadian Government** તરફથી **Coronation Pin**, મનીન્દર સિંધુના હસ્તે એનાયત કરવામાં આવી હતી, તેની જાણકારી આપી હતી. દક્ષાબેને તેમને ઉપરણું ઓઢાડી તેમને 'વિજયી ભવ'ના આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના બીજા તબક્કામા ભૂપેન્દ્રભાઈ ભટ્ટે તેમના સુંદર અવાજમાં ભાવપૂર્ણ હ્રદયથી શ્રી રામ અને શ્રી હનમાનજીની જય બોલાવી 'શ્રી હનુમાન ચાલીસા'નું સમુહમાં પારાયણ કરાવ્યું હતું. પદમાબેન- કલ્યાણીબેન- સુશીલાબેને સુરીલા સ્વરે **remixed** ભક્તિ ગીત રજૂ કર્યા હતા. ત્યારબાદ રામનવમી અંતર્ગત નૃત્ય નાટિકાએ આકર્ષણ જમાવ્યું હતુ. રામ જન્મ અને બાળપણ પર દીપિકાબેન પાઠક - ચારુબેન દવે એન્ડ ગ્રુપે મનમોહક નૃત્ય રજૂ કરી સૌને પ્રભુ રામના બાળપણના બાળપણને યાદ કરાવી હતી. રામના રાજ્યાભિષેક ઉપર **mash up songs** સાથે સુંદર **performance** રેણુકાબેન- અમીતાબેન એન્ડ ગ્રુપે આપ્યું હતુ. ભાગ લેનાર તમામ કલાકારો આકર્ષક વસ્ત્રાલંકાર સાથે સજ્જ થઈને આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દક્ષાબેન રાજા, શિલાબેન ને ગાંધી, જ્યોતિબેન શાહ અને અનીલભાઈ જેઠવાએ કર્યું હતું. અંતે પ્રભુ રામચંદ્રની સૌએ પ્રેમથી આરતી કરી હતી. ગુણવંત ભાઈ પટેલ - સરોજબેન પટેલના સહયોગથી જમણમાં શિખંડ, પૂરી, ખમણ, કઢી -ભાત- શાક, વાલની દાળ, અથાણું તથા પાપડ-પાપડી પીરસાયા હતા.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE REAL ESTATE GROUP
CENTURY 21 Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!
- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



West Exposure Suite With Amazing Unobstructed Views!! Located In The Desired Windfields Community In North Oshawa. Modern Kitchen, Quartz Countertop, Backsplash & Built In Appliances. Open Concept With Plenty Of Natural Light!Conveniently close to Riocan Mall, Costco, restaurants, pubs, coffee houses, grocery, banking and a wide variety of specialty stores to cover all your shopping needs. Close to Durham College and Ontario Tech University. Accessible via Hwy 407 & 401 with transit right outside your door. Meet and exceed all your wants and needs with Amenities including: outdoor backyard BBQ lounge, dog park, fitness centre, 24 hour concierge, theatre, internet lounge and private party dining area!



Pickering's Universal City 2 has breathtaking panoramic views of the lake, city, and outdoor pool and amenities. Spacious one-bed plus den, one-bath condo, Smooth 9-ft Ceilings, Upgraded Kitchen Cabinets, Samsung Washer/Dryer, and Quality Vinyl Laminate Flooring Throughout. Large balcony for relaxation. Amenities to Include State-of-the-Art Fitness Centre, Saunas, Change Rooms, Party Room with Full Kitchen and Spacious Lounge Area. Outdoor spaces will feature a Pool, Landscaped Terrace, BBQs, Lounges, Cabanas, and Fire Pit. Located within Close Proximity to Prestigious Schools, Beautiful Parks, Marina, Big Box Stores, Pickering Town Centre, The Pickering Recreation Complex, Casino, Pickering GO, Restaurants & More. 1 Parking and 1 locker are included!



Enjoy this lovely 3-bedroom, family-friendly home with a charming front porch and a walk-out to a fully fenced, private west-facing backyard. Backing onto greenspace, relax under the gazebo (2024) and take in the sunsets. Nestled in desirable Taunton North on a quiet crescent, walking trails and Hannam Park are just steps away. This bright and inviting home offers a spacious primary bedroom with a double-door entry, walk-in closet and semi-ensuite as well as two bedrooms with large windows overlooking the yard with no rear neighbours. This smoke-free home has a main floor layout that allows for entertaining with the living room open to the eat-in kitchen that features stainless-steel appliances. A widened driveway with pavers (2024) allows two cars to park with ease. Have peace of mind knowing there is a new furnace (2025), humidifier (2025) and hot water tank (2025). Roof was re-shingled in 2018. This prime location is also close to schools and shopping and other amenities.


- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com



MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having **40% To 50% Down Payment,** Are Ready To Sign The Offer And CLOSE the Deal ASAP

78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD

54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, banquet hall, party room, execellent seasonal business from the tour buses. Work for 7 months, make money then **holidays for 5 months, take a break – visit India, USA etc. in winter months**

14 Room Motel + 2 Apartments – Near Sudbury - $1.1M
Indoor corridor – easy to manage in winter months, right on Hwy 17 & snow mibile trail, Renovated Rooms. No competition, endless oportunities to grow for the right buyer.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make over 50K in pocket**

12 Room Motel - $799,000
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, **Easy One Man Operation**
2 Hrs from North Bay

Coming up For Sale – Motels
- 12 Room Motel – Near North Bay
- 35 Room Motel – 8 Hrs North of GTA
- 21 Room Motel – Muskoka Area

Need Working Partner to Run Motels
Wiling to invest min $200,000. Partnership % + Salary to run the motel. **Must be PR or Citizen,** Must know good English & Computer

Motel Jobs Avaiable
Front Desk and Housekeeping
**(must speak good English)**
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100